

# કુમાર

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક·બચુભાઈ રાવત

સળંગ અંક
૧૩૪
માહ · ૧૯૯૧

આવતી કાલનાં નાગરિકોનું માસિક



બલવન્ત ભટ્ટ — જેને આપણે ખોટી રીતે હંસ કહીએ છીએ તે Swan. આ હિંદનું વ્યાપક પક્ષી નથી. 'હંસ' વિષેનો લેખ અંદર વાંચો.






મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.




વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહક, વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦–૧૦–૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર • ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર આટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



(કુમાર • માહ '૯૧)

શ્રી રસિકલાલ પરીખનું નવું ચિત્ર

દેવદાસી

કુમાર
ઉગતી પ્રજાનું માસિક

# જીવંત કાલ-અંતરે

· ગુલબંકી ·

વહે સમીર તીક્ષ્ણુ તીર અંગ અંગ વીંધતો,
ધ્રુજે શરીર, દાંત કડ્કડે હું એમ હીંડતો;
કોટ જાકિટે ન ટાઢ માર રોકી હું શકયો,
ગળે વીંટાળી શાલ લેશ તો ય ના ટકી શકયો;
દીત્રા ભરાવી હાથ કાખમાં, તથાપિ આંગળાં
ગયાં ઠરી જ હિમથી થયાં શું જાણે પાંગળાં!

અને, હું જાઉં ગામસીમ, જોઉં ઝાડઝુંડવાં
ઊભાં તહીં વિચિત્ર રૂપ, નગ્ન કાષ્ટઠૂંઠ શાં!
પડે છ ટાઢ, તો ય એ નવાં ન વસ્ત્ર શે ધરે?
ડીલે ધરેલ ઓઢણાં ઉતારીને ઊભાં રહે!

વિચારૂં: બીક તેહને રહે જે કોટરક્ષણે
ઝિલંત ઘાવ જે ઊભે જીવંત કાલ-અંતરે!

રમણલાલ સોની



## હક અને જવાબદારી

એ બંને ફરજનાં બે પાસાં છે. જેઓ હક પર મુસ્તાક રહે છે તેમના મનમાંથી જવાબદારીનું ભાન ઘણીવાર ખસી જાય છે; પણ જેઓ જવાબદારીને વળગી રહે છે તેમનો હક તો આપોઆપ ઊભો થાય છે, અને પછી એ હકનો રોધ કરનારને મૂળ સાથે જ ઉખેડી નાખે છે.

(છાત્રાલય)

## સ્વ. ગિદવાણીજી

● ગુજરાતમાં સ્વ. દયારામ ગીદુમલ પછી લોકહૃદય પર અમર છાપ મૂકી જનાર કોઈ બીજા સિંધી મહાનુભાવ હોય તો તે સ્વ. અસુદમલ ટેકચંદ ગિદવાણી હતા. ગુજરાતના વિદ્વાનો ને વિચારકો પૂ. ગાંધીજીની વિચારસરણી સમજતાં માથું ખંજવાળતા હતા તે વખતે યુરોપની કેળવણી ને સંસ્કૃતિથી ભરચક માનસવાળા આ વિદ્વાને અભિનવ સંસ્કૃતિ સરજનારાની પહેલી ભરતી વેળા જ નામ નોંધાવ્યું અને છેવટ સુધી તે અગ્રપદે રાખ્યું. ગુજરાતના કેટલા યે નવજુવાનોને બુદ્ધિ ને ચારિત્ર્યનાં ઓજસ પાઇ ગાંધીયુગને વધારે દીપ્તિમંત કરવામાં ગિદવાણીજીનું શિક્ષણ પતાકાયશ ધરાવે છે. જગતની કોઈપણ યુનિવર્સિટીના અમૂલા રત્નસમા શોભી શકે એવા એ વિદ્વાનશિરોમણિએ રાષ્ટ્રસેવામાં બુદ્ધિની સમૃદ્ધિ નીચોવી નાખી હતી અને ગુજરાતને આંગણે વિદ્યાપીઠ જમાવી ને રાષ્ટ્રસંસ્થા મારફત વિદ્યાપ્રચાર થાય તો કેવું અજબ વાતાવરણ જામે અને કેવા નવલોહીઆ પ્રાણવાન યુવાનો સરજાય તેના નમૂના ઉતારી બતાવ્યા હતા.

અંગ્રેજી સાહિત્ય અને સંસ્કૃતિના ખાં બનેલા છતાં રાષ્ટ્ર-



મંત્રની દીક્ષા લીધા પછી એક ઝપાટે એમણે દેહ પરથી, મનમાંથી ને વાચામાંથી પરદેશી પોશાક, વલણ અને વ્યવહારને હદપાર કરી દીધાં ને ગાંધીજીએ પ્રબોધેલી સાદી સરળ આત્મશ્રયવાળી સંસ્કૃતિને અપનાવી લીધી

વિદ્યાપીઠનો પ્રારંભ થતાં જ તેમણે આ લેખકને ચિત્રવિભાગનો કારભાર ઉપાડી લેવા આમંત્રણ આપેલું. વિધિસંજોગે એ વખતે એક બીજી જ સંસ્થા જોડે કાંઇ બંધાએલું એ છૂટે એમ નહોતું. છતાં ચિત્રશિક્ષણને રાષ્ટ્રીય કેળવણીમાં કેવી રીતે વ્યાપક કરવું તેની યોજના ઘડવામાં તેમજ અભ્યાસક્રમ રચવામાં આપેલી કેટલીક સૂચનાઓ તેમણે સ્વીકારેલી.

પછી તો કુમાર કાર્યાલય પણ અસ્તિત્વમાં આવ્યું અને કૃષ્ણલાલ ભટ્ટ, કનુ દેસાઇ વગેરે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ છતાં ચિત્રકળાના અભ્યાસ માટે તો કુમાર કાર્યાલયના છાપરાનો જ આશ્રય લેતા. આચાર્ય ગિદવાણીજી એમનો વિકાસ જોઇ કુમાર કાર્યાલય પ્રતિ આકર્ષાયા અને આ સંસ્થાને વિદ્યાપીઠનું અંગ માની વખતોવખત તેમની પ્રેરણાભરી મુલાકાત આપી જતા. ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં બહુ જ થોડા માણસો એવા મળશે કે જેઓ ચિત્રકળા માટે અંતરથી સન્માન ધરાવતા હોય, પણ ગિદવાણીજીની કળાભક્તિ તો તેમની જીવનસંસ્કૃતિની સહજ સુવાસ હતી. એમણે મૂકેલી એ સુવાસ ગુજરાતમાં ચિરવાસિની નથી બની એવું કોઇ કહી શકશે ?

એ પવિત્ર પ્રાણને સદૈવ શાંતિ હો !

## શાળાજગતના બે નમૂનેદાર સ્મારકગ્રંથો

● નડિયાદ ગવર્મેન્ટ હાઈસ્કૂલનો સ્નેહસંમેલન-સ્મારકગ્રંથ અને અમદાવાદની પ્રોપ્રાઇટરી હાઇસ્કૂલનો રજતમહોત્સવ-ગ્રંથ: એ બેમાં એક સરકારી સંસ્થા છે, બીજી પ્રજાવર્ગની છે; છતાં આ ગ્રંથનિષ્પત્તિમાં બંને ગ્રંથો પાછળ ગુજરાતની સ્વાભાવિક સામાજિક માનવ લાગણીઓનાં પૂર ઊછળ્યાં હોય એવી સ્પષ્ટ છાપ છે.

નડિયાદ ગવર્મેન્ટ હાઇસ્કૂલ ૧૮૫૬ના મે માસની ૨૫મી તારીખે મંડાઈ ત્યારથી આજ સુધીમાં ત્યાંથી નીકળેલા અનેક નવાજૂના વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન ૧૯૩૩ના ડિસેમ્બરની ૨૨, ૨૩ તથા ૨૪મી તારીખોએ થએલું તે પ્રસંગની સુંદરતમ યાદગીરીરૂપ આ અંક બહાર પાડવામાં આવ્યો છે. પણ કેવો એ અંક! રૂપરંગ અને અંદરની હકીકતો તેમજ શાળાના ભૂતપૂર્વ સંબંધી યુગપુરુષોની છબીઓ જોતાં તેને ગુજરાતનો એક અનેરો

સંગ્રહ કહી શકાય. સ્વ. વિઠ્ઠલભાઇ અને વલ્લભભાઇ પટેલ જેવા એ શાળામાંથી નીકળેલા; અને બીજા અનેક તેજસ્વી નામધારી પુરુષોની હારની હાર ત્યાંથી નીકળી આવેલી તે જોઇ એ શાળા તેમજ નડિયાદ શહેરને વીરભૂમિ તરીકે સ્વીકારતાં અચકાઇએ નહિ. સરકારી શાળાઓમાં શિક્ષકો ઘણી જાતની પરાધીનતા ભોગવતા હોવાથી ભાગ્યે જ આવી વ્યાપક યોજના-ભર્યા મેળાવડા જમાવી શકે છે. છતાં પ્રસ્તુત પ્રસંગ પાછળ શાળાના હેડમાસ્તર શ્રી દ્વારકાદાસ દોશી તેમજ તેમના મદદનીશ શ્રી મગનલાલ મૂલાણી તથા બીજા શિક્ષકમંડળ વચ્ચેનો સહકાર અને એખલાસની સુંદર બાજુ રજૂ કરે છે.

પ્રોપ્રાએટરી રજતમહોત્સવ-ગ્રંથ વળી, ખાનગી સાહસથી સફળતાના શિખરે પહોંચેલી એક શાળા ૨૫ વર્ષની કારકિર્દીએ પહોંચતાં પોતાનો ઉત્સવ ઊજવે છે તેનો ઉમળકો અમર કરતો, ૨૧૮ પાનાંનો, જૂનાનવા વિદ્યાર્થીઓએ ગુરુદક્ષિણારૂપે શાળાના આદ્ય સંસ્થાપકો અને સુસંપન્ન આચાર્યો શ્રી જીવણલાલ દીવાન અને શ્રી બલવંતરાય ઠાકોરને અર્પેલો ગ્રંથ છે. અનેક વિદ્વાનોએ તેમાં ઉપયોગી લેખોનો ફાળો આપ્યો છે, પરંતુ ખાસ આકર્ષક બાબત તો એ શાળાની જ સાદ્યંત ઉજ્જવલ કારકિર્દી છે.

૧૯૦૭માં શ્રી જીવણલાલ દીવાન અને શ્રી બલુભાઇ ઠાકોર અમદાવાદની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક હતા. પણ શ્રી જીવણલાલ દીવાનના ભત્રીજાને તથા શ્રી બલવંતરાય ઠાકોરના પુત્રને સરકારી મિડલ સ્કૂલમાં દાખલ કરવાની હેડમાસ્તરે ના પાડી એ કારણથી સ્વમાનભંગ અને અસભ્યતાના વર્તનથી ઘવાઈ તેમણે સરકારી નોકરીનાં રાજીનામાં આપ્યાં. તેમના ઉપરીઓએ આમ જિંદગી ઉલટાવવા વિરુદ્ધ ઘણી સમજાવટ કરી પણ સ્વમાન આગળ તે તુચ્છ લાગવાથી બંને જણે મળી સ્વતંત્ર શાળા ઉઘાડવા નિશ્ચય કર્યો.

૧૯૦૮ના જૂનની છઠ્ઠી તારીખે એમની શાળા ચાલુ થઈ. બંને આચાર્યો પ્રથમથી જ તેમની કાર્યકુશળતા અને શિક્ષણ-પદ્ધતિ માટે પ્રખ્યાત હતા. નવ વર્ષ જેટલા સમયમાં તો તે શાળામાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓની ભરતી થઇ હતી. આચાર્યો મૂળથી જ સ્વદેશાભિમાની હોવાથી રાષ્ટ્રનાં આંદોલનોનો આવેગ આ શાળા પર અનેકવાર થયો હતો અને તે વખતે આચાર્યોએ જે સ્વાર્થત્યાગ, ભોગ અને હિંમત બતાવ્યાં છે તે ગુજરાતમાં જ્વલંત ઇતિહાસરૂપ છે. બંને નીડર, સાચા નાગરિકો છે. બંનેએ રાષ્ટ્રીય મહાસભાના આદેશ પ્રમાણે જેલ-યાત્રાઓ સ્વીકારી હતી. આજે શ્રી બલવંતરાય ઠાકોર અમદાવાદ શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખસ્થાને છે એ એમની જીવન-શક્તિ; લાયકી, અનુભવ અને કાર્યકુશળતાનું યોગ્ય પ્રતીક છે.

આ બંને આચાર્યોએ પોતાના સ્વાર્થત્યાગનું ઉત્તમ દૃષ્ટાંત તો એ આપ્યું છે કે આજસુધી માલિકીમાં ઉછેરેલી પોતાની એ સંસ્થાને જાહેર સંસ્થા બનાવી એક ટ્રસ્ટને સોંપી દીધી છે. તેના પરિણામે શાળાનો ૫૧,૦૦૦ રૂપિયાનો સામાન તેમજ કાંકરિયા તળાવ પાસેની ૩૦,૦૦૦ રૂ. જેટલી કિંમતની જમીન પરથી માલિકી હક જતો કરી માત્ર શિક્ષક તરીકે માસિક રૂ. ૨૫૦ લઇ તેઓ સંતોષ માને છે.

તેમના બંનેમાં વિવિધ શક્તિઓ છે. અને તેને લીધે જ તેમની શાળા આખા ઈલાકામાં આગળપડતાં પરિણામો લાવી શકી છે આજસુધી અમદાવાદ તેમજ ગુજરાતમાં પાકેલાં ઘણાં પ્રતિભાસંપન્ન નરનારીઓ તે શાળાના શિક્ષણને આભારી છે. શ્રી જીવણલાલ દીવાન શિક્ષણને જ જીવનમંત્ર માને છે. શ્રી બલુ-ભાઇ સમાજસેવાની દીક્ષા લઇ બેઠા છે. આવા આચાર્યો માટે ગુજરાત હમેશાં ગર્વભર્યું રહેશે. **ર.મ.રા.**

**કલા**

'કલા' એ વખત કાઢવાનું સાધન નથી, 'કલા' એ પોતાના અંતરાત્માના ધ્વનિને બંધ કરવાને માટે અફીણનો નશો નથી, 'કલા' પોતાની કાયરતાને છુપાવવાનું સુસંસ્કૃત આવરણ નથી, તેમ 'કલા' એ શારીરિક પરિશ્રમથી બચવાનું (અને તે પણ જ્યારે કરોડો આદમી તેના બોજા તળે કચરાએલા પડયા છે ત્યારે) સાધન પણ નથી. કલા એ કવખતની રાગિણી નથી, કુસમયનો આલાપ નથી. કલાને થોડાક અસ્વાભાવિક (ab-normal) માણસોની દાસી બનાવી મૂકવી એ તેની સાથે વ્યભિચાર કરવા જેવું છે. કલા એ તો પ્રતિભાશાળી વ્યક્તિના હાથમાં રહેલું એવું એક હથિયાર છે કે જે દ્વારા એ જાલિમોને નિસ્તેજ કરી શકે છે, મૂક અને અનાથોને વાણી આપી શકે છે અને સંસારમાં હિંસાને સ્થાને અહિંસાની, દ્વેષને બદલે પ્રેમની અને પાશવી બળની જગ્યાએ નૈતિક બળની પ્રતિ-સ્થાપના કરી શકે છે. (વિશાલ ભારત)

## કુમાર માટે લખનારાઓને

૧ વિદ્યાર્થીજીવનમાં પ્રેરણા, આશા અને ઉત્સાહ પ્રકટાવે તેવાં જીવનચરિત્રો તથા સાહસોત્સાહભરી લઘુ વાર્તાઓ ભાગ્યે જ આજકાલ લખાય છે. મોકલોને ? પરાક્રમ અને શૌર્યભર્યા ખરા કે કલ્પિત બનાવોની નોંધો પણ આવકારપાત્ર થશે.

૨ વિવિધ વાચનના પરિચયવાળાઓ પોતાની જાણમાં આવેલાં 'કુમાર'ના ખપનાં પુસ્તકો, તેમાંનાં અવતરણો, ફકરાઓ કે ટુચકાઓની સૂચના કે નોંધો ઉતારી મોકલશે તેનો પણ યથોચિત ઉપયોગ કરીશું.

૩ લેખકોએ પોતાનાં નામઠામ પૂરેપૂરા પોસ્ટેજ સાથે લેખ જોડે મોકલ્યાં હોય છે તો ન સ્વીકારાએલા લેખ કે યોગ્ય ઉત્તર તેમને મોકલાય છે જ. પોસ્ટેજ નહિ મોકલનારાઓ તરફથી એક માસની અંદર તેની ગોઠવણ નથી કરવામાં આવતી તો પછી તંત્રીખાતું તે વસ્તુ માટે જવાબદારી લેતું નથી.

# ઈંગ્લંડની પહેલી અને પ્રખ્યાત દીવાદાંડીનો પાયો નાખનાર વિચિત્ર

પ્લીમથ બંદરથી ચૌદેક માઈલ દૂર એક કઠોર ખરાબાની નાનકડી કિનાર ઉપર રફૅાચ ગ્રેનાઈટ પત્થરનો એક ઊંચો ભવ્ય—સુંદર મિનારો ઊભો છે. દરિયો અતિશય શાંત હોય છે એવે સમયે પણ એ લોખંડી પત્થરોની સામે ક્રુદ્ધ સાગરનાં જંગી મોજાં નિષ્ફળ પછાડા માર્યા કરે છે; અને તોફાનને વખતે તો બસોબસો ફૂટ ઊંચાં પ્રચંડ મોજાં સમા જલબાહુ વડે સમુદ્રદેવ જાણે એ માનવકૃતિને ફંગોળીને ફેંકી દેવા મથે છે. પણ તોફાનમાં કે શાંત સાગર હોય ત્યારે, સદોદિત, એના ઉપર લાખો કૅન્ડલ પાવરનો જ્વલંત પ્રકાશ અંધકારને ભેદતો ઝબકારા માર્યા જ કરતો હોય છે, અને ઍટલાન્ટિકના રુદ્રનૃત્ય સામે દિવસો સુધી યુદ્ધ ખેડી થાકીને પાછાં વળતાં વહાણોને, હજારો જહાજોના ભુક્કા ઉડાડી જલસમાધિ દેનાર એ ગોઝારા દગાખોર ખડકથી ચેતવ્યા કરતો રહે છે.

ઈંગ્લંડના નૈઋત્ય કિનારા પરનો એ ઊંચો મનોહર મિનારો, તે એક ચક્રમ ભેજાના પણ અલૌકિક બુદ્ધિશાળી માણસના સ્મારક સમી એડીસ્ટોનની પ્રખ્યાત દીવાદાંડી; અને ઇંગ્લંડની સૌ પહેલી એ દીવાદાંડીનો પહેલો પત્થર નાખનાર વિચિત્ર દિમાગનો એ આદમી તે ત્યાંના ઇસેક્સ પરગણાના લિટલબરી નામના ગામનો સ્થપતિ અને યંત્રક હેન્રી વિન્સ્ટૅન્લી.

આ યંત્રકને યંત્રો ઉપર એટલો બધો કાબુ હતો અને એનું ચક્રમ ભેજું એટલું તો ફળદ્રુપ હતું કે એને રોજ બ રોજ કંઇ ને કંઇ નવો તુક્કો લગાવ્યા વગર ચાલતું જ નહિ. એના મિત્રો પણ એને ત્યાં જતાં ખૂબ ડરતા; અને એની પત્ની તો રોજ કોઇ ને કોઇ ધડાકાના ફડકામાં જ રહેતી કે રખેને એનું ઘર કયારે કોઇવાર સામટું ઊડી જાય!

ભૂલેચૂકે કોઈ મિત્ર એનું આમંત્રણ સ્વીકારતો તો બરોબર ખબર લેવાઇ જતી અને ફરીવાર એનો પરોણો થવાનું જ ભૂલી જતો. ઘરમાં પેસતાં 'આ પગરખું જરા આડું પડયું છે, તે સીધું કરવા દે' એમ વિચારી જરા અડે ત્યાં તો એક ભડાકો થાય! અને ભાઇ ભાગવા જાય ત્યાં બારણું દેવાઇ જાય! એકાદ ખુરશીમાં બેસવા જાય ત્યાં ખુરશી જ એને જકડી લે! પથારીમાં સૂતો હોય ત્યાં અરધી રાતે પથારી ઉછાળો મારે અને ખૂબ બૂમાબૂમ પછી જ હેન્રી સાહેબ આવે ને છોડાવે.

આવી રમતો દેખાડવા એણે એક થીએટર પણ ખોલેલું અને એમાં એ બહુ જ સારી રીતે કમાએલો.

આ દીવાદાંડી બાંધવાની ધૂન એને એકદમ કયાંથી આવી એની કોઇને ખબર નથી પડી. પોતે કુશળ સ્થપતિ હતો અને ચાર્લ્સ બીજાની નોકરીમાં પણ હતો.

એણે જયારે દીવાદાંડીનો તુક્કો તથા તેની પહેલવહેલી ડિઝાઇન કમિટી આગળ મૂકી ત્યારે પહેલાં તો કમિટીને એમ જ લાગ્યું કે આ એક નવી મશ્કરી જ છે. કોઈ મસ્જિદના મિનારા અને બૌદ્ધ પૅગોડાના મિશ્રણ જેવી ડિઝાઇનનો એ મિનારો એડીસ્ટોનના ખડક પર બાંધવાનો છે એ સાંભળીને કમિટી તો મૂંગી જ થઇ ગઇ. જ્યાં દિવસના બેચાર કલાક જ કામ થાય, જ્યાં દરિયો શાંત હોય ત્યારે પણ પ્રચંડ મોજાં અથડાયા કરે ત્યાં આ મિનારો કરવાનો? ચક્રમ, ચક્રમ, બીજું કંઈ નહિ.

પણ હેન્રી એમ પાછો હઠે તો હેન્રી શાનો? છેવટે ઈ. ૧૬૯૬ના ઉનાળામાં કામ શરૂ થયું ત્યારે હેન્રી સાહેબને માલૂમ પડયું કે કામ ધાર્યું હતું એટલું સહેલું નથી. આખો ઉનાળો ગાળ્યો ત્યારે એ ખડકમાં ચણતરને પકડવા સારૂ જડવાના લોખંડી સળિયા માટેનાં કેવળ બાર વેહ જ પાડી શકાયાં. મજૂરોને પણ ત્યાં સતત પાણીના માર સામે કામ કરવું પડતું; અને જો પાછા આવવામાં જરાક મોડા થતા તો ખલાસ! પછી જો કોઇ બીજું વહાણ કિનારેથી ખોરાક કે મદદ લઇને ન આવી પહોંચે તો ત્યાં એ ખડક ઉપર જ કેદ!

બીજે વરસે એણે ૧૪ ફૂટ ચણતર કર્યું કે જે એના મિનારા માટે તો પાયા પૂરતું જ હતું. પણ ત્યાં તો એક બીજી મુસ્કેલી ઊભી થઈ. એક દિવસ મળસ્કે, કડિયાઓના હથોડાના અવાજ અને સેલાંઓના રણકારને ડુબાડતો ઓચિંતો તોપનો એક ધડાકો સંભળાયો અને એના પાયામાં એક પછી એક ગોળાનો વરસાદ વરસ્યો. પાયાનું ચણતર કડડભૂસ કરતું જળશાયી થયું. ત્રણ કડિયા મરી ગયા અને બાકીના બધાને હેન્રીની સાથે

# દિમાગનો અણનમ ને વીર સ્થપતિ

# હેન્રી વિન્સ્ટૅન્લી

એ ફ્રેન્ચ ચાંચિયાઓ ઉપાડી ગયા. ગુસ્સાથી ગાંડા જેવા બનેલા હેન્રીએ ઘણાયે પછાડા માર્યા અને પોતાનાં માણસો સમેત સામનો કર્યો, પણ કાંઇ વળ્યું નહિ.


એકાદ અઠવાડિયા પછી બ્રિટિશ ઍડમિરાલ્ટીને એક ચિઠ્ઠી મળી. એમાં હેન્રીને છોડી મૂકવા માટે ૧૦૦૦ પાઉંડની માગણી હતી. સાથે હેન્રીની પણ ચિઠ્ઠી હતી કે જો એના છુટકારા માટે કંઇ નહિ કરવામાં આવે તો બ્રિટિશ ઍડમિરાલ્ટીને ભારે પડી જશે. થોડાક વખત પછી, આ જ પ્રકારે અંગ્રેજ ચાંચિયાઓએ પકડેલા ફ્રેન્ચ કેદીઓના બદલામાં એમનો છુટકારો થયો.

હવે હેન્રી ખૂબ જોરથી કામે લાગી ગયો. ઉનાળો ઊતરતાં તો ૪૦ ફૂટનું ચણતર કરી નાખ્યું. પછી એ ઉપર બીજો ૪૦ ફૂટનો લાકડા અને લોઢાના કોતરકામવાળો મિનારો કર્યો, અને પહેલી વાર, ઇ. ૧૬૯૮ના નવેમ્બરની ૧૪મી તારીખે, પ્લીમથ જતા નાવિકોએ એડીસ્ટોનના ખડક પર દીવો થએલો જોયો! આ દીવા માટે ૪૦ મીણબત્તીઓ વાપરવામાં આવી હતી.

એ જ રાત્રે ભયંકર દરિયાઇ તોફાન થઇ આવ્યું અને એક મહિના સુધી એ ખરાબા ઉપર પછાડા મારતાં પર્વતપર્વત જેવડાં મોજાંઓ પાછળ એડીસ્ટોનનો દીવો ઢંકાઇ ગયો. દીવાદાંડી ઉપર દીવાની સંભાળ માટે રહેલાં માણસો જૂજનજ ખોરાક પર મહામહેનતે ટકી રહ્યાં, ને અણીને વખતે, નાતાલની ત્રણ જ દિવસ અગાઉ તેમને બચાવી શકાયા. ઇંગ્લંડભરના નાવિકોએ અંતરના આશીર્વાદોથી વિન્સ્ટૅન્લીને વધાવી લીધો.

પણ હજી આ દીવાદાંડી બરોબર ઊંચી ન હતી. તોફાનનાં પાણી એના ઉપર ફરી વળ્યાં હતાં એટલે બીજે ઉનાળે એના પર બીજું ૪૦ ફૂટનું ચણતર કર્યું.

બરોબર ત્રણ વરસ નાવિકોને આશીર્વાદરૂપ આ દીવાદાંડીએ કામ આપ્યું. દરિયાઇ વ્યવહારના ગર્વરૂપ એ બની રહી. વિન્સ્ટૅન્લીને પણ હવે એને વિષે અભિમાન જાગ્યું. એને લાગ્યું કે આના જેવું મજબૂત કામ કોઈ બીજું થયું નથી. અને એ અભિમાનમાં એણે કુદરતની સામે પડકાર ફેંક્યો કે 'હું ઇચ્છું છું કે એક ખૂબ ભયંકર તોફાનને વખતે હું એ દીવાદાંડીમાં હોઉં. મને ચોક્કસ ખાત્રી છે કે હું




એડીસ્ટોનની દીવાદાંડીના ચાર અવતાર: મથાળે ડાબી તરફ છે તે હેન્રી વિન્સ્ટૅન્લીનો પહેલો નમૂનો નીચે સૌ છેલ્લી છે તે ઇ. ૧૮૮૨માં બંધાએલી, અને આજે હજી ઊભી છે.

સહીસલામત પાછો આવવાનો. મારૂં કુદરતને આહ્વાન છે કે એ એનું ભયંકર તોફાન મોકલે અને તાકાત હોય તો મારી આ દીવાદાંડીની કાંકરી પણ ખેસવી જાય!'

કુદરતે બીડું ઝડપી લીધું. ઇ. ૧૭૦૩ની ૨૬મી નવેમ્બરે ઈંગ્લંડના ચોખૂંટ કિનારાઓ પર, કોઇ દિવસ નહિ જણાએલું એવું ભયંકર તોફાન આવ્યું. હેન્રીને ચેતાવવામાં આવ્યો; પણ એ જરાક હસ્યો અને કહ્યું: 'ભલે આવ્યું. જોવા તો થશે કે કોણ વધુ જોરાવર છે: કુદરત કે મારી દીવાદાંડી!' (અનુસંધાન આગળ પૃ ૫૬મે)

# અંતરીક્ષના ધાડપાડુ




**વિમાની સૃષ્ટિની એક સાહસકથા**

**વિમાની** ટબ રૉજર્સ ઠંડી પ્રશાંત રાત્રીમાં હવા વીંઝતા જતા પોતાના વિમાનના એન્જિનનો એકધારો નીરસ અવાજ સાંભળતો પોતાની બેઠક પર બેઠો હતો. એને જાણે કાંઇ જ કામ કરવાનું ન હતું. એક કાંકરી ફેંકતાં અનેક વર્તુળો ફેલાય એવા કોઇ અરીસા સરખા તળાવ જેવી શાંત ને સ્વચ્છ હવા હતી. ઉપર આકાશમાં તારાઓ ખૂબ ખૂબ તેજથી, કાળા મખમલ પર ગોઠવેલા હીરા જેવા ચમકી રહ્યા હતા, અને નીચે સપાટ મેદાન જેવા પ્રદેશ પર વિમાનીઓને રસ્તો બતાવતી બત્તીઓની પરંપરા ક્ષિતિજ સુધી લંબાતી પડી હતી. ન્યૂ યૉર્કથી ટપાલ લઇને નીકળ્યાને એને પૂરા ત્રણ કલાક વીતી ગયા હતા અને હજુ ક્લીવલૅન્ડ એક કલાક જેટલું દૂર હતું. હવે ત્યાં પહોંચી આરામ લેવાની તે રાહ જોઇ રહ્યો હતો. પંદર પંદર વર્ષ વિમાનો ખેડ્યા પછી હવે ટબને આવા ઉત્સાહપ્રેરક સંજોગોમાં ઊડવામાં પણ કાંઈ ખાસ રસ પડતો ન હતો; અને નીચેના રમણીય પ્રદેશનું સૌંદર્ય એને એટલા પૂરતું જ આકર્ષક હતું કે ત્યાં કોઇ અણીને પ્રસંગે જમીન પર ઊતરવાની વધારે સગવડો પથરાએલી પડી હતી. મુસાફરીનો મુશ્કેલ ભાગ તે પાછળ મૂકતો આવ્યો હતો, અને સામે યંત્ર સાથે ગોઠવાએલી ઘડિયાળમાં તે વારંવાર જોતો હતો ત્યારે એને એમ જ લાગતું કે જાણે ક્લીવલૅન્ડ કેમે કરતાં નહિ પહોંચાય.

ઓચિંતો તે ચમકી ટટ્ટાર થયો અને તેણે ખભા ઉપરથી પાછળ તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી. એ શાંત દેખાતી રાત્રીમાં, એવા એકલપંથી લાગતા અંતરીક્ષમાં, ઉપરથી સર્ચલાઇટના પ્રકાશનો આંજી નાખતો ધોધ છૂટ્યો, અને હવામાં એક લાંબા વર્તુળમાં ઝૂલી એના વિમાન પર સ્થિર થયો. વિમાનનો એકેએક સળિયો, એકેએક તાર, એકેએક કિનારી એ તેજસ્વી ભૂમિકા પર છાયાચિત્રો જેવાં કાળાં ધાબાં બની રહ્યાં. એ આંજી નાખતા પ્રકાશની આંધીમાંથી નીકળી, એ ક્યાંથી આવે છે તે જોવા, ટબે વિમાનને બાજુ પર લઇ નીચે ઝુકાવ્યું. એક પળવાર તેણે એક મૉનોપ્લેનની અસ્પષ્ટ આકૃતિ જોઈ. પણ તુરત એ પાછળનું વિમાન તેની સાથે નીચે થયું, અને વળી એ પ્રકાશે એની આંખો આંજી નાખી. થોડીવારે એ પ્રકાશ બંધ થયો, અને ટબ આંખો ખેંચીને રાત્રીના એ અંધારામાં નિષ્ફળ શોધ કરી રહ્યો.

વળી એ પ્રકાશ દેખાયો. હવે તે એનાથી સોએક ફૂટ જ દૂર હતો. પણ આ વખતે પ્રકાશ ટબના વિમાનની ઉપર થઇને ચાલ્યો જતો હતો અને તેથી ટબે સામેના વિમાનની પાછલી બેઠકમાં ઊભેલો એક માણસ જોયો. એ માણસ ટબને પોતાનું વિમાન જમીન ઉપર ઉતારી નાખવા સંકેત કરતો હતો, અને સાથેસાથે પાસેની મશિનગન બતાવી રહ્યો હતો. સર્ચલાઇટના પ્રકાશમાં એ યાંત્રિક બંદૂક ચમકી રહી હતી પણ એ જોઇને ટબના શરીરમાં ભય કરતાં ક્રોધ વધુ વ્યાપ્યો. રાતની ટપાલની આડે આવનાર એવો માથાભારે આ કોણ છે? આકાશનો કોઇ લૂટારો? ટબે દાંત ભીંસ્યા અને તિરસ્કારપૂર્વક વિમાનને આગળ જવા દીધું.

જાણે ટબનો નિશ્ચય જાણી ગયું હોય એમ એ ધાડ-



[illegible] ટબના આખા શરીરમાં ભય કરતાં ક્રોધ વધુ વ્યાપ્યો. રાતની ટપાલની આડે આવનાર માથાભારે એવો આ કોણ છે? આકાશનો કોઇ લૂટારો? ટબે દાંત ભીંસ્યા અને તિરસ્કારપૂર્વક વિમાનને આગળ જવા દીધું.

પાડુ વિમાન (એ સિવાય બીજું તો કોણ હોય ?) ટબના વિમાન નજીક આવ્યું અને મશિનગનમાંથી છૂટતી ગોળીઓનો તડેડાટ સંભળાયો. ટબે જાણે યંત્રવત માથું નીચું નમાવ્યું, અને એનો જવાબ આપવા પોતાની રિવૉલ્વર હાથમાં લીધી. મશિનગન સામે રિવૉલ્વર! અફસોસ! પણ પુરુષાર્થ તો કરવો જ જોઇએ ને!

ટબે વિમાનને જરા નીચે લીધું અને પેટ્રોલ-લીવર દાબ્યું. થોડીવાર તો લાગ્યું કે પેલા પાછળ રહી જશે. પણ એવું કાંઇ ન બન્યું. એવી સિફતથી પેલું વિમાન ટબની સાથે થઇ ગયું કે ટબને ખાત્રી થઇ કે પોતાના બૉઇંગ વિમાન કરતાં ઘણી વધારે ઝડપ એ કરી શકે એમ હતું. ટબે એ ઝડપને હરાવી આગળ જવાની આશા છોડી દીધી ત્યાં તો ફરીથી ગોળીઓની તડાતડી ચાલુ થઇ; અને આ વખતે એનું સ્વરૂપ ગંભીર હતું.

ટબના વિમાનનો એક સળિયો ગોળીથી તૂટી ગયો અને બીજી ગોળીઓએ આગળના ભાગને તોડી પાડ્યો. વિમાનની મોટર હવે ખુલ્લી થઇ અને એના પર થતો ગોળીઓનો રણકાર થોડીવાર સંભળાયો. પણ, ઓહ! આ વખતનો અવાજ બોદો હતો, અને હવે મોટર અચકા ખાતી વડકાં ભરવા માંડી. ખલાસ! મોટર અટકી પડી. હવે ઊતરવા સિવાય બીજો ઉપાય જ ન હતો. નીચે ઊતરતા વિમાનને બને એટલી સહીસલામતીથી ઉતારવા યત્ન કરતાં ટબે નીચેના પ્રદેશમાં ઊતરવા માટે અનુકૂળ સ્થળની શોધ કરવા માંડી. સપાટ ખેતર તો ઘણાં પથરાયાં હતાં, પણ પેલું ધોરી રસ્તાની બાજુમાં આવેલું છે તે ઠીક પડશે. કદાચ કોઈ આસપાસની મોટરો આવી ચડે; પોતે મદદ માગવા માટે કરવા ધારેલા પ્રકાશથી અણધારી કદાચ મદદ પણ આવી પડે, અને આ લૂટારા પાછળથી ઓળખાઇ જવાના ભયે માણસોનાં ટોળાં વચ્ચે લૂટવાની હિંમત ન કરી શકે.

એ ખેતર તરફ ટબ લસરતો ચાલ્યો અને જરા સુકાન ફેરવી વિમાનને પવન સાથે કરી દીધું. હજી ખેતર અરધો માઇલ દૂર હતું અને પોતે પંદરસોએક ફૂટ ઊંચે હતો. ફિકર નહિ. ટબે એક ચાંપ દાબી ત્યાં તો 'ફૂપ' કરતું પૅરેશ્યૂટ ખૂલ્યું અને વિમાન ઉપર છત્રી માફક ફેલાઇ એ પડતા વિમાનને ટેકા રૂપ બની રહ્યું. સાથોસાથ તેણે વિમાનને તળીએથી મદદ માટેનો મૅગ્નેશ્યમ સળગાવ્યો અને તેના ઉજ્જ્વલ પ્રકાશમાં નીચેનો બધો પ્રદેશ ઘડીભર રાતના અંધકારને ભૂલી ગયો. ટબે વિમાનને નીચે વાળ્યું અને ઉતારવાની ગડમથલમાં પડ્યો.

પણ પાછળથી ચાલ્યું આવતું વિમાન એક ડૂબકી ખાઇ ટબની લગોલગ આવ્યું અને પેલા માણસે એ રસ્તાથી દૂર આવેલા ડાબી તરફના ખેતર તરફ વિમાન વાળવા ટબને સંકેત કર્યો. ટપાલને બચાવવા માટે નાનામાં નાની તકને પણ ન જવા દેવાની ધુનમાં પડેલા ટબે તે ન ગણકારતાં વિમાનને સીધું સડસડાટ આગળ જ દોર્યું.

પણ ત્યાં તો તરત ગોળીઓનું નૃત્ય શરૂ થયું, ને નછૂટકે ટબને એ બતાવેલા ખેતર તરફ વિમાન વાળવું પડ્યું. ઊતરતાં ઊતરતાં, મૃત્યુ વખતના છેલ્લા ડચકાંની જેમ, ટબે ફરીથી ચાંપ દાબી બધો મૅગ્નેશ્યમ ખલાસ કર્યો, અને ફરીથી એ અંધારી રાતમાં પૂનમ પથરાઇ રહી. કોને ખબર છે? કદાચ એ પ્રકાશ જોઇને કોઇનું ધ્યાન ખેંચાય! અને નહિ તો હજુ પણ આશા છે. ટપાલના થેલાની લૂંટ વખતે એકાદ લૂટારો તો જરૂર બેદરકાર રહેશે, અને એ વખતે રિવૉલ્વર કામમાં લઇ શકાશે.

નીચે એક મોટું ખેતર હતું;—સપાટ જમીન અને ફરતી નીચી વાડ. ટબે ગતિ રોકવા માટેનું ચક્કર પાછું ફેરવ્યું, નીચેની વીજળીક બત્તીઓ માટેની ચાંપ દાબી, વિમાનને આગળ ડૂબકી મરાવી વાડ ઓળંગી ગયો, અને ખૂબ આસ્તે ચાલતાં વિમાનને જમીન પર આવવા દીધું અને પછી અચાનક ત્યાં જ ઊભું રાખી દીધું. રખે પાછળવાળા કાંઇ ભૂલ કરી બેસે તો તરત લાભ લેવાય.

પણ પાછળનો વિમાની કાંઈ કમ નહોતો. ટબની ગતિને તે રજેરજ અનુસરતો આવતો હતો અને એણે પણ ટબની પાસે જ પોતાનું વિમાન લાવી ઊભું રાખ્યું. પાછળની બેઠક પર બેઠેલાએ ફરીથી ટબના મોઢા પર સર્ચલાઇટ ફેંકી અને એને એમ ને એમ જ રાખી, નીચે ઊતરી અંજાએલો ટબ કાંઈ જોઈ શકે તે પહેલાં ટબની છાતી સામે મશિનગન ધરીને ઊભો. ટબની ચાલાકી કાંઇ કામ આવે એમ ન હતી, એનાથી છેતરાય એવો પેલો મૂર્ખ નહોતો.

‘હાથ ઊંચા લઇ લે!’ પેલાએ કડક અવાજે ફરમાવ્યું: ‘ને ત્યાંથી બહાર નીકળ, અને બહાર આવ્યા પછી હાથ લંબાવી તારી બંદૂકડી નીચે નાખી દે. અને આમ જો! ટૉમી (મશિનગન)ને પંપાળતાં તે બોલ્યો: ‘કાંઇ ચાલાકી વાપરી છે તો મોતની ચિઠ્ઠી લખવાનું આ ટાઇપરાઇટર તરત તડતડાટી શરૂ કરશે!’

ટબ ધીમેથી અચકાતો ઊભો થયો ને વિમાનમાંથી નીચે ઊતર્યો. એનું લોહી ગુસ્સાથી ઊકળી રહ્યું હતું, પણ અત્યારે કાંઇપણ કરવું એ આપઘાત કરવા જેવું હતું. એની સામે મશિનગન ખડી હતી અને સામે વિમાનમાં બેઠેલો પાઇલટ પણ હોશિયાર થઇ બેઠો હતો. એણે નીચે મોંએ વિમાનની અંદરના ભંડકિયામાંથી રિવૉલ્વર લીધી, અને જાણે એમાં અત્યંત વજન હોય એમ એને પોતાના પગ પાસે પડતી મૂકી.

‘એને આ તરફ ઠેશ માર!’ લૂટારાએ હુકમ કર્યો: ‘બસ; અને હવે ઉપર ચડી ટપાલના કોથળા બહાર લાવ;—બધા આવે હં!’

ટબ વિમાનની પાંખ પર ચડી ટપાલની પેટી પરનું તાળું ખોલવા લાગ્યો. એ દરમિયાન એ ઠીંગણા બંદૂકધારીના મોઢા પરની એકેએક રેખાનો અભ્યાસ કરવા તે તેના તરફ તાકી રહ્યો. પણ ત્યાં જોવા જેવું કાંઈ નહોતું. ઘણોખરો ચહેરો તો બખ્તરમાં સજ્જ હતો, અને આંખ પર આવેલા મોટા ડાબલા ઓળખાણ પડવા દે એમ ન હતા. મોઢાનો નીચેનો ભાગ માત્ર ખુલ્લો હતો અને એ ઠીંગણાની ઘેરી ચામડીને બતાવી રહ્યો હતો. પણ આ ઢીલથી પેલાની બંદૂક પાછી સળવળી અને સાથે ‘ઝટ ચલાવ’ હુકમ છૂટ્યો. તરત બધા થેલાઓ નીચે જમીન પર ઢગલો થઇ પડ્યા.

‘હવે એક કામ કર; એમાં જેટલા રજિસ્ટર કરેલા થેલા હોય એ બધાને વીણીવીણીને અમારા જહાજમાં લાવ. ચાલ ઝટ પગ ઉપાડ; હજુ અમારે બીજે વખતસર પહોંચવું છે. હા! હા! હા! . . . ટપાલ ટાઇમસર જવી જોઇએ ને!’

ટબે એ બધા રજિસ્ટર કરેલા થેલા પેલાની બંદૂકની નળી નીચે એના વિમાનમાં પહોંચતા કરવા લીધા. એ વિમાન લગભગ પચાસેક ફૂટ દૂર પડ્યું હતું અને એન્જિન પંખાને ફેરવ્યા વિના ખાલી અવાજ કરતું ઊડવા તૈયાર જ ઊભું હતું. પાસે આવતાં ટબને લાગ્યું કે એ વિમાન કોઇ અસ્પષ્ટ રીતે પોતાને પરિચિત છે. પણ કોઇ હિસાબે તેને બરાબર યાદ કરી શકતો નહોતો. એવું ફાંકડું નાજુક મૉનોપ્લેન અમેરિકાના કોઇ કારખાનાની બનાવટનું તો નહોતું જ. હતું તો કોઇ પરદેશી. પણ કયાંનું હશે?

એણે પાંખની નીચે નજર ફેરવી, પણ વિમાનનો નંબર ન જોયો. સુકાન ઉપર પણ નહિ. એ બંને ઠેકાણે નંબરની જગ્યાએ એક ચોરસ કાળું કપડું રાખી ચાંપોથી એને સજ્જડ કરી દેવામાં આવ્યું હતું.

‘ત્યાં ડાચું ફાડીને શું ઊભો છે?’ બંદૂકધારીએ તેની ખબર લીધી: ‘ચાલ, પેલા ભંડકિયામાં કોથળા નાખ; કોઇ આવી ચડે તે પહેલાં અમારે જવું જોઇએ. ચલાવ!’

પાછળથી પડેલા ધબ્બાથી ટબના પગની ગતિ વધી

(અનુસંધાન આગળ પૃ. ૬૫મે)




વજ્રેશ્વરી માતાના મંદિરથી પોણામાઇલને અંતરે આકલોલી ગામમાં રામેશ્વરના મંદિર પાસે આવેલા આ ગરમ પાણીના કુંડ પણ એ આખા સમૂહમાં જ આવી જાય છે. આકલોલીના આ કુંડોમાં એક કરતાં બીજામાં અને બીજા કરતાં ત્રીજામાં પાણીની ગરમીનું પ્રમાણ વધારે છે. પાણી સહન કરી શકાય એટલું ગરમ હોવાથી કુંડમાં નહાવા પેઠા પછી જલદી નીકળવાનું મન થતું નથી. ગરમ પાણીના આ ઝરા ૪૦૦૦ વર્ષના જૂના હોવાનું કહેવાય છે.
(ફોટો-પ્રતાપરાય શાહ)

લેખક
**શ્રી સુરેશ દીક્ષિત**
એમ.એ., એમ.એસસી.

# વજ્રેશ્વરીના ઊના પાણીના કુંડ

ઊના પાણીના ઝરા એ શબ્દોમાં કંઇક નવું જ આકર્ષણ છે. સાગર, સરિતા, સરોવર કે પહાડની વિશાળતા, ગંભીરતા કે સૌંદર્ય સાથે જરા યે સરસાઇ તે ન કરે; પરંતુ કુદરતની રમણીયતામાં કંઇક અનોખા મણકા જેવું સ્થાન ઊના પાણીના ઝરાનું છે. નાનાનાના હોજ જેવા કુંડમાંથી ગંધકની વાસ મારતા પરપોટા કાઢતા પાણીની ફૂટતી સેરો અજબ કુતૂહલ પેદા કરે છે. પૃથ્વીના ગર્ભમાં રહેલા ધીકતા અગ્નિનો ઉકળાટ પામેલાં એનાં પાણી હોય છે. એ ભૂતકાળમાં શમેલા કોઇ જ્વાળામુખીની શેષ ધૂણી કે ખદખદતી પૃથ્વીના તાપની વરાળનું પરિણામ હશે!

આપણા ગુજરાતમાં તુવા, લસુંદ્રા અને દેવકી-ઉનાઇના કુંડ જાણીતા છે. આપણા પ્રાંતમાં આટલા ટૂંક વિસ્તારમાં જેટલા કુંડ છે તેટલા હિંદના બીજા કોઇપણ ભાગમાં નહિ હોય. દક્ષિણમાં મુંબાઇ પાસે વજ્રેશ્વરી ને મહાબળેશ્વર પાસે મહાડના ઝરા જાણીતા છે.



વજ્રેશ્વરી માતાનું આ મંદિર બીજા બાજીરાવ પેશ્વાના ભાઈ ચીમનાજી અપ્પાએ બંધાવ્યું કહેવાય છે. વસઈના યુદ્ધ પછી થોડા જ સમયે થએલી પોર્ચુગીઝો સાથેની લડાઈમાં વિજયની આશા સરી જતાં ચિમનાજીએ સંકલ્પ કર્યો કે આમાં મને વિજય મળશે તો વજ્રેશ્વરીના મંદિરનો હું જીર્ણોદ્ધાર કરીશ. તે મુજબ વિજય મળતાં તેણે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરી નવું બંધાવ્યું.

(ફોટો · પ્રતાપરાય શાહ)

પેશ્વાઈ જાહોજલાલીના સ્મરણાવશેષ જેવું વજ્રેશ્વરી માતાનું મંદિર

આમ મુંબાઈ ઇલાકામાં ઊના પાણીના ઝરાની ખોટ નથી.


વજ્રેશ્વરીના કુંડ મુંબાઈની એટલા પાસે અને જવાને સુગમ છે કે મુંબાઈ આવનારે તે ન જોવા એટલે દેવમંદિરે જઈ અમુક મૂર્તિનાં દર્શન ન કરવા જેવું જ ગણાય. આવાં સ્થળોમાં શહેરની ચિત્તભ્રામક મોહિની નથી હોતી, પરંતુ કુદરતની અદ્ભુત કૃતિના દર્શનની સાથે માનવ વસવાટથી દૂર મળતી શાંતિ અને ઉઘાડા આકાશનો વગર લક્ષ્મીનો લ્હાવો તો હોય છે જ.

ગુજરાત માટે તો આ વજ્રેશ્વરી એક ઐતિહાસિક દરવાજા જેવું સ્થળ છે. ગુજરાતની સીમા ચોલ બંદર સુધી ગણીએ તો એ ગુજરાતમાં જ કહેવાય. દક્ષિણમાંથી ગુજરાત ઉપર હુમલો કરવા આવતા મરાઠાઓના લશ્કરને આ રસ્તે ઘોડાં દોડાવ્યા વિના કે પડાવ નાખ્યા વિના છુટકો જ ન હતો. તે ઉપરાંત આ સ્થળ વસાઈ, નાલાસોપારા, કલ્યાણ, થાણા અને અમરનાથ જેવાં ઐતિહાસિક સ્થળોથી વીંટળાએલું છે. વજ્રેશ્વરી પહોંચવા કાં તો વસાઈથી અઢાર માઈલ લાંબી વાટે જવું પડે છે, અથવા થાણા થઈને ટૂંકે રસ્તે જવાય છે. વસાઈથી 'બસ' દસેક આનામાં ત્યાં લઈ જાય છે. પરંતુ કોઈપણ સ્થળનો ખરો આનંદ તો એક રસ્તે થઈ બીજે રસ્તેથી પાછા ફરવામાં જ છે. વળી આ જંગલમંગળ સ્થાનની અનેરી મજા તો ભાદરવા કે આસોના દિવસોમાં જ જવાની છે. અહીંનાં જંગલોમાં એંશી ઇંચ જેટલો વરસાદ પડતો હોઈ ચોમાસે સર્વ કાંઈ લીલુંછમ થઈ જાય છે. રસ્તાની બંને બાજુ નાનીનાની ટેકરીઓ ઉનાળે ઇંટવાડા જેવી બળતી લાગે છે, પણ તે જ ચોમાસામાં હરીઆળી અને જળનીતરતી હોય છે. જંગલમાં પણ સાગનાં ઝાડ જ મુખ્યત્વે કરીને હોવાથી શિયાળાને અંતે એ પાન ખેરવી ઊભેલાં સૂકાં લાકડાં જેવાં લાગે છે. ચોમાસે વહેતાં નદીનાળાં શિયાળે વટેમાર્ગુ અને ગાડાંની વાટ જેવાં થઈ ગયાં હોય છે. ઉનાળે તો ફક્ત કેસૂડાનાં અને શીમળાનાં ઝાડ આગ ફાટી હોય એમ પુષ્પાગ્નિ વેરતાં જ્યાંત્યાં નજરે પડે છે. બાકી તો નિર્જન વનવગડો જ કહેવાનો.

દેશમાં જ્યારે ધર્મભાવના સચેત હતી ત્યારે એ ભાવના મૂર્ત કરવા કુદરતી સ્થળોમાં દેવમંદિરો બંધાતાં. નિર્જન સ્થળોએ ચણાએલું એક મંદિર કરોડો આર્યોની સંસ્કૃતિની પ્રસરેલી સાક્ષી જેવું ઊભું રહેતું. વજ્રેશ્વરી જેવું રમણીય સ્થળ એવી પુણ્ય ભાવનાથી વંચિત રહી શકે એમ નથી. પથ્થરથી બાંધેલા ત્યાંના કુંડ ઉપર જ ભીમેશ્વરનું શિવાલય છે અને ત્યાંથી થોડે દૂર વજ્રેશ્વરી માતાનું મંદિર છે. શિવાલયમાં દર્શન કરવા

વજ્રેશ્વરી માતાના મુખ્ય મંદિરથી પશ્ચિમે બે માઈલને અંતરે ગણેશપુરી ગામમાં કાળા પત્થરનું બાંધેલું ભીમેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે તેની આગળના ભાગમાં પત્થરથી બાંધેલાં ગરમ પાણીના કુંડ છે. છુટાછુટા અંતરે આવેલા આ બધા કુંડોનો સમૂહ વજ્રેશ્વરીના ઊના પાણીના કુંડના નામથી જ ઓળખાય છે. મંદિરની સામે પાકી બાંધેલી એક સુંદર દીપમાળ છે.

(ફોટો - પ્રતાપરાય શાહ)



વજ્રેશ્વરી સમૂહમાંના ગણેશપુરીના કુંડ, ભીમેશ્વરનું મંદિર તથા દીપમાળ

પગથિયાં ઊતરી નીચે જવાનું છે, જ્યારે માતાજીનાં દર્શન કરવા કેટલાં યે પગથિયાં ચડી ઉપર જવાનું છે. બંને મંદિરો પાસે સામે દીપમાળ છે. માતાજીના મંદિરની દીપમાળ દીવાદાંડી જેવી અંદરથી પોલી અને સ્ક્રૂના આંટા પેઠે પગથિયાં ચડી ઉપર જવાય એવી છે. વજ્રેશ્વરી માતાનું મંદિર પેશ્વાના લશ્કરી કિલ્લા જેવું છે. એને ફરતો કોટ અને બુરજ છે તથા એના ઉપરથી આઘે સુધીનો પ્રદેશ જોઇ શકાય છે. આજે પણ ત્યાં એકાદ બે કાટ ખાતી તોપો પડેલી છે. મંદિર સમૃદ્ધ છે. માતાજીના કઠેરા ઉપર કેટલા યે રૂપીઆ, લોકોએ બાધાઆખડી કરીને મૂકેલા તે ખીલા મારીને જડી દીધા છે. એવા ઘણા રૂપીઆ ભેગા થતાં તેને ગળાવી પતરાં કરાવી અંદરનો ભાગ મઢેલો છે. મદિરની અંદર કાચકીડીઆંનાં તોરણમાં માતાનું નામ અંગ્રેજીમાં ગૂંથેલું છે! મંદિરની આસપાસ કેટલીક દુકાનો, ગંદી હૉટેલો અને ધર્મશાળાઓ ઊભી થઇ ગઇ છે. ફૂલેલાં પેટવાળાં નાગાં અને ગંદાં ભીખ માગતાં છોકરાં 'શેઠ, પૈસો' એવા વાક્યથી તમારૂં સ્વાગત કરે છે! ફાગણ મહિનામાં અહીં મોટો મેળો ભરાય છે. અફસોસની વાત એ છે કે આવું રમણીય ધર્મસ્થાન ઉકરડા જેવા ગંદવાડથી વીંટળાએલું રહે છે.

આને મુકાબલે કુંડ ઉપરનું શિવાલય એક રીતે સુઘડ છે. મહાદેવજીને તપોભંગ કરવા લક્ષ્માથી એમને રીઝવવા સારૂ જવલ્લે જ અહીં કોઇ આવતું હશે. કવચિત 'બમ્'બમ્ મહાદેવ'ની બૂમ અને મરજીમાં આવે ત્યારે એકાદ પાણીનો લોટો તથા બેચાર બીલીપત્ર પૂજારી ચડાવી જતો હશે. પાસે ઝૂંપડી જેવી ધર્મશાળા છે. માણસ તેમજ કુતરાં–બકરી જેવાં પ્રાણી સૌ માટે દહેરૂં સરખી રીતે ખુલ્લું છે!

કુંડ મુખ્ય ત્રણ છે. શિવાલય પાસે બે કુંડ છે અને તે પથ્થરથી ચોરસ બાંધી લીધેલા છે. એ બંને કુંડમાંના પાણીની ગરમી ઓછીવધારે છે. એ કુંડમાં કેટલા યે ભાવિક હિંદુઓ ડુબકાં મારે છે અને એ કુંડો એમને માટે અલગ પણ છે. પાણી વહેતું હોવાથી પ્રમાણમાં સ્વચ્છ છે અને કુંડ કદી યે સુકાતા નથી.

આવાં ગરમ અને રસાયણમિશ્રિત પાણીમાં કોઇ પ્રાણી કે વનસ્પતિ વિચિત્ર હોય તો જ વસે. આ કુંડમાં 'ઓસીલારીઆ' (Oscillaria) નામની લીલ બાઝી રહેતી જણાઇ છે. આ બે કુંડથી જરા આઘે એક નાની નદી દૂરની ટેકરીઓને ઓથેથી ઊતરી આવે છે. ઉનાળે આ નદીનું પાણી સુકાઇ જાય છે ત્યારે તેની કાંકરીમાં લીલા પ્રાંસ કે ઝાંઉના છોડનાં


'પેલ્હાર'નાં રબ્બર પ્લૅન્ટેશન

જૂથનાં જૂથ ફાલે છે. ત્રીજો કુંડ આ નદીના પટમાં આવેલો છે, એટલે ઠંડા પાણીમાં મૂકેલી ગરમ પાણીની કુંડી જેવો તે લાગે છે. એ કુંડ સઘળા વર્ગના ઉપયોગ માટે ઉઘાડો છે. એનું પાણી બધા યે કુંડ કરતાં વધારે ગરમ અને હાથ સહેજ પણ બોળી રાખીએ તો દઝાઇ જવાય એવું છે. શિયાળે કડકડતી ઠંડીમાં કે ચોમાસે પડતા વરસાદમાં એનું પાણી કાઢી નહાવાની મઝા પડે. બાકી તો કોઇનું ગજું નથી કે એમાં ડુબકી મારે. ખીચડી બફાય એટલું એ પાણી ગરમ છે. પાણી તદ્દન સ્વચ્છ છે અને ખારૂં નથી.

આ કુંડનાં પાણી ચામડીનાં રોગો તથા શરીરના સાંધા રહી જવા ઉપર ઔષધ જેવાં ગણાય છે. કેટલાક એને 'રેડીઓ-ઍકિટવ' પણ માને છે. વિલાયતમાં આવા કુંડને તો ખરાખોટા અનેક ગુણ અને ઉપયોગિતાથી જગજાહેર કરે છે; તેની પડોશમાં કેટલાં યે દવાખાંનાં ખોલાય છે. વેપારી બુદ્ધિવાળાઓ તેને લક્ષ્મીનું વાહન પણ બનાવે. 'વિચી' અને 'સ્પા'નાં ગરમ પાણીને એવી રીતે એમણે જગવિખ્યાત કર્યાં છે. હિંદની કેટલી યે લક્ષ્મી ત્યાં વેરાય છે. આપણા દેશની અભણ ગરીબ પ્રજાને 'બોલીને બોર વેચતાં' નથી આવડયાં; પણ ઊંડી રહેલી ધાર્મિક ભાવનાએ આપણને કુદરતની મૂંગી ઉપાસના શીખવી છે.



(ઉપર) વજ્રેશ્વરીથી દસેક માઇલ દૂર 'પેલ્હાર'ના જંગલમાં રબ્બરનાં ઝાડ 'રબ્બર પ્લૅન્ટેશન' છે. (જમણી બાજુ) સ્ટેશનથી બાર માઈલને અંતરે આવેલા 'પારોળ' ગામ પાસે રસ્તાની દક્ષિણે લગભગ બે ફર્લાંગ દૂર પુરાણાં ખંડિયેરોમાંથી ખોદ-કામ કરતાં બાંધેલું તળાવ, કેટલાક થાંભલા તથા કોતરેલી પત્થરની મૂર્તિઓ મળી આવી છે. તેમાંની એક મૂર્તિ:

# વ ન વ ગ ડા નાં  વા સી

જળ-જંગલની જીવસૃષ્ટિની એ પરિચયમાળાનો
આગળનો હપતો

## ગુજરાતને આંગણે 'અતિથિગણ



અજંટાના કલામંડપોની ભીંતો પર સૈકાઓ પૂર્વેનું હંસનું આલેખન

### ૧–રૂપાળા રાજહંસ

કલકલનિનાદિની પુણ્યપ્રવાહા ગોમ્તી: પૂર્ણચન્દ્રના જ્યોત્સ્નાપૂરમાં નહાતું નિર્મળ નીરવ નીલાકાશ; એ પ્રભાવિસ્તારને કહીં કહીં કલંકિત કરતી ફિક્કી શરદની વાદળી; ગાઢ વૃક્ષરાજીથી ઢંકાએલા પહાડોનું શ્યામ કલેવર—બધું ય સુન્દર, બધું ય શાન્ત, બધું ય કાવ્યમય હતું, અને એ મૌન કાવ્યનો ઉપભોગ કરતા અમે મુગ્ધ બની સરિત્તટે ઊભા હતા. ક્વચિત્ આ કાવ્યરસની ક્ષતિ કરતો, પરાત્પરની શ્રદ્ધામાં લીન થએલા ભાવિક યાત્રાળુગણના નિર્વેદપૂર્ણ ભજનનો વિસંવાદિ સૂર,

'તમે ખાશો જમનો માર, પેટ ભરીને,
તેથી રામ નામ સંભાળ્ય . . . '

સંભળાતો હતો.

મધ્યરાત્રી થઇ. ભજન શમી ગયાં. અમે ય ઉતારે જવા પાછા ફર્યા. ત્યાં આ નિ:શબ્દતાને ભેદતો દૂર પ્રાન્તદેશે કવણનધ્વનિ સંભળાયો. આવો મધુર નૂપુરરવ અહીં કયાંથી, એનો વિચાર કરતો હું ઊંચે નજર નાખું છું, તો ત્યાં અત્યંત અદ્ભુત દૃશ્ય જોયું. શંકુરૂપે ઊડતો બૃહત્કાય પક્ષીસમૂહ, ધીરગંભીર નાદે ક્ષણે ક્ષણે કલરવ કરતો, તીવ્ર વેગે પાંખો ફફડાવતો, ઉત્તરમાંથી આવતો દેખાયો. ક્ષણભર તો હું આશ્ચર્યથી નિશ્ચેષ્ટ જેવો જોઇ રહ્યો. આ શું, એનો વિચાર કરૂં તે પૂર્વે



હંસ

તો વિયત્પથે પ્રયાણ કરતું વિહગવૃન્દ ધીમેધીમે અદૃષ્ટ થઇ ગયું. હું જાગ્યો, મને ભાન આવ્યું કે આ તો હંસ. વનવનથી અજ્ઞાતચર્યા સેવવા ગએલા હંસોનું આ પુન: નિવર્તન.


શીઆળો આવ્યો. સાથે રાજહંસો ય આવ્યા. કાદમ્બ, ચક્રવાકને સાથે તેડતા આવ્યા.

રાજહંસ તો માનસસરનાં વાસી. ઉત્તુંગ હિમગિરિ શિખરેથી હેઠે ઊતરે. ક્રૌંચરન્ધ્ર એમનો રાજમાર્ગ. ભારતવર્ષનાં નદનદીસરોવરપ્રદેશનાં આતિથ્ય સ્વીકારે, રસાલ વસુન્ધરાના સસ્યશ્યામલ દેહની હૂંફે શીતકાલ વ્યતીત કરે અને સુહાગિની વસંત આવે કે સ્વદેશ સિધાવે.

સંસ્કૃતિના આરંભકાળથી સાહિત્યપટે જેનાં ગુણગાન મુક્તકંઠે થયાં છે, પુરા કલ્પથી વર્ષે વર્ષે જેના શુભાગમને આર્યાવર્તની વનશ્રી સનાથ બની છે, એવા રઢીઆળા રાજહંસ તે કોણ?

પક્ષિવિદ્યાવિશારદો એને અંગ્રેજીમાં Bar Headed Goose કહે છે. Anser indicus એ એનું વૈજ્ઞાનિક અભિધાન. આપ્યો–વૈદિક સં.आत्ति–Ducksના વર્ગનું પણ ભિન્ન વંશનું એ જલચર–परिप्लावी પંખી. (હંસ એટલે Swan નહિ.)

દેખાવે બતક જેવું. શરીરે ભારાવદાર. બેએક ફૂટ લાંબું. દેહ કરતાં ડોક નાની (Swanની ડોક એના



હિમાલયમા માનસરોવરના કિનારા ઉપર રેતીમા હંસોના માળા

દેહ જેવડી કે ક્વચિત્ મોટી હોય છે. (જુઓ પૂઠા ઉપરનું ચિત્ર.) દેહનો ઉપરનો વર્ણ સિત–सितच्छद–શ્વેત ભસ્મ જેવો ફિક્કો;—સાવ ધોળો દૂધ જેવો નહિ, પણ લાકડાંની રાખ જેવો આછો ગોરો. મસ્તક તથા ગળું શ્વેત. દાઢી તથા છાતી આછાં રાખોડી. ગરદન પાછળનો ભાગ ઘેરો બદામી. ગરદનની બંને બાજુએ ઊભી કાળી રેખા. પીઠ આછી ગોરી. પેટ સફેદ.

એનું વ્યક્તિત્વ દર્શાવનારી વિશિષ્ટ સંજ્ઞા જેવી, માથા પાછળ બે કાળી રેખાઓ. ઉપલી રેખા મોટી, બે આંખનાં છેડાને જોડનારી; નીચેની રેખા નાની. આ રેખાઓથી જ એને चक्राङ्ग નામ અપાયું હશે.

એનાં ચંચુ ને ચરણ લોહિત—ઘેરા પીળા કે નારંગી રંગનાં. ચાંચ નાની, ચપટી, વચ્ચેથી ઢાળ પડતી—બતકની ચાંચ જેવી; પણ હંસની ચાંચને છેડે કાળા રંગનો નખાગ્ર. પગનાં આંગળાં વચ્ચેથી જોડાએલાં–जालपादक. પગ,શરીર નીચે આગળના ભાગમાં આવેલા: જેથી જમીન પર પણ ચાલી શકે. (Swanના પગ શરીર નીચે પાછલા ભાગમાં હોય છે, જેથી એની ચાલ અડબડિયાં ખાતી, ડહોળ વિનાની હોય છે.) આંખની કીકી કાળી—नीलाक्ष.

રાજહંસનું વતન તો હિમાલયને ખોળે. માનસ સરોવર, રાવણહ્રદ તથા તિબેટ તેમજ લડાખ, કાશ્મીર વગેરેનાં સરોવર એનું નિવાસસ્થાન. (Swan તો સાઇબીરીઆ, મધ્ય એશિયા વગેરે સ્થળે રહેનારા; હિમાલયમાં તો એનું નામનિશાન પણ ન મળે.) તેથી જ એનું વિશિષ્ટ નામ मानसौकः—मानसप्रिय. ગ્રીષ્મ ઋતુ ત્યાં ગાળે. વર્ષા જાય કે સરોવર છોડી દક્ષિણમાં ભારતવર્ષ ભણી પ્રયાણ કરે. કારતક માગશરમાં એમનું આગમન શરૂ થાય. રાતે એમનાં ટોળે-ટોળાં ઊડતાં દેખાય. આખા ઉત્તર ભારતમાં ફેલાઇ જાય. શીઆળો જાય ને વસંતના વાયરા વાય કે પાછાં માનસ ભણી પ્રયાણ કરે. જૂન જુલાઇમાં તિબેટનાં સરોવરની પાળે-ક્વચિત્ પાણીમાંના નાના નાના દ્વિપોમાં જમીન પર હજારો ભેગાં થઇ માળા બાંધે. (જુઓ ઉપરનું ચિત્ર) શેવાળ, ઘાસ વગેરેના ઢગલામાં પગેથી ખાડા ખોદે ને તેને સુંવાળાં પીંછાંથી છાઈ તે પર ઇંડાં મૂકે.

રાજહંસ સમૂહજીવન જીવનારા; એટલે આવે ત્યારે હજારોનાં ટોળાંમાં. હિન્દુસ્તાનનાં વિશાળ જલાશયો–નદી અને સરોવર એ એની નિવાસભૂમિ. (Swan તો

હિન્દુસ્તાનમાં ક્વચિત્ જ આવે. વરસે દહાડે ભાગ્યે જ એક બે પક્ષી નજરે પડે; અને તે પણ માત્ર હિન્દુસ્તાનના ઉત્તર–પશ્ચિમ સીમાડે.) દર વરસે દરેક ટોળું સામાન્યતઃ પોતાના પૂર્વનિવાસના સ્થળે જ ધામા નાખે.

રાજહંસ અત્યંત સાવચેત પક્ષી. દિવસભર નદીના પાણીમાં કે રેતીમાં નિદ્રા લ્યે. રાત પડે કે આસપાસના ડાંગરના ક્યારામાં કે ઘઉંનાં ખેતરે ચરવા જાય. કેવળ વનસ્પતી એમનો આહાર. ડાંગર, ઘઉં, ઘાસનાં કુણાં પાન; કમળના બિસતન્તુ વગેરે ખૂબ ખાય. જે ખેતરમાં રાજહંસ પેઠા તેનો ઘાણ જ નીકળી જાય.

એની બોલી ઊડે ત્યારે ગંભીર 'હૉંક્ હૉંક્'; પણ ખૂબ મીઠી. ચાલ અત્યંત મનોહર, ધીરી, લચકાતી, ગૌરવવાળી. ઊડે ત્યારે ખોડીબારા જેવી બે હારમાં શ્રેણિશઃ। મોખરે નાયકઃ એની બે બાજુ લાંબી બે હાર. નાયક વારંવાર બદલાતો જાય.

ગુજરાતમાં એ હંસ આવે છે. અમદાવાદની આજુબાજુ છારોડી, ગોભળજ, સોનાસણ વગેરે સ્થળે દેખાય છે. સરસ્વતી અને સાભ્રમતીના તટપુલિને રાજહંસાદિના સુમધુર નિનાદ કવિગણે પૂર્વે સાંભળ્યા છેઃ

मुक्तालताङ्कव निजोपकण्ठश्रेणीभवल्लक्ष्मणपक्षिलक्षः ।
शिञ्जानमञ्जीरवतीव कूलानुकूलकूजत्कलहंसिकाभिः ॥
. . . . . . . . . . . यत्र देशे ।
. . . . . . युवव्रजान्साभ्रमती तनोति ॥

પણ મારા અલ્પ પરિચયે એ સ્થળે એમનાં દર્શનનો લાભ મને મળ્યો નથી.

**૨–નીલપૃષ્ઠ કાદમ્બ**

એને કલહંસ પણ કહે છે. એનું અંગ્રેજી નામ Grey Lag Goose. પક્ષિવિદ્યાવિશારદવર્ગમાં એ કાદમ્બ Anser anserની સંજ્ઞાએ ઓળખાય છે.

દર વરસે શીઆળામાં અનેક પંખીઓ ભારતવર્ષમાં આવે છે. તેમાં હંસ–Goose–ની છસાત જાતો દેખાય છે. આમાંની ચારપાંચ તો અત્યંત અલ્પ સંખ્યામાં દેખાય છે; માત્ર બે જ અસંખ્ય પ્રમાણમાં આવે છે. એમાંની એક રાજહંસઃ બીજી કાદમ્બ.

કાદમ્બ એ તો આપણને પરિચિત બતક (જે પાળવામાં આવે છે તે)નું પૂર્વજ ગણાય. દેખાવે બંનેમાં જરા પણ ભેદ નથી હોતો.

શરીરે દોઢેક ગજ લાંબું. રંગ મેલો છીંકણી. માથું, ગરદન અને પીઠ ધૂળીઆ રંગનાં બદામી. હડપચી, છાતી અને પેટ ફિક્કાં બદામી. બાકીનો નીચેનો ભાગ સફેદ. આંખો છીંકણી રંગે.

ચાંચ ને પગ ક્વચિત્ પીળાશપડતાં, ક્વચિત્ લાલ મજીઠ જેવાં; કોઇનાં આછાં ફિક્કાં ગુલાબી કે લાલ.

એશીઆમાં સાઇબીરીઆ, તુર્કસ્તાન, ઇરાન વગેરે એનાં નિવાસસ્થાન. જ્યારે આવે ત્યારે ઉત્તર ભારતમાં ઠેરઠેર ફેલાઇ જાય. ગૂજરાતમાં પણ એ આવે છે. અમદાવાદની આસપાસ જોરાજુવાલ, અશ્લાલી, છાબલીરોડ વગેરે સ્થળે એ જોવામાં આવે છે. ઑક્ટોબરના આરંભમાં આવે છે ને માર્ચ થાય કે પાછાં જવા માંડે છે. નદી કે વિશાળ જલાશયનાં વાસી.

અત્યંત સાવધાન પંખી. ચપળ પણ ભારે. આખો દિવસ નદીકિનારે રેતમાં રહે ને રાત પડ્યે ખેતરોમાં ચરવા જાય. બીજી બધી રહેણીકરણી રાજહંસ જેવી જ.

શ્વેતરંગી રાજહંસ અને શ્યામતનુ કાદમ્બઃ એ બંનેને નદીકિનારે એકઠાં વિચરતાં જોવાં. એ પરમ રમણીય દશ્ય છે. કવિકુલગુરુ કાલિદાસ રઘુવંશમાં લખે છેઃ

क्वचित् खगानां प्रियमानसानाम्
कादम्बसंसर्गवतीव पंक्तिः

સીતાને છોડાવી રામ અયોધ્યા ભણી આકાશયાન કરતા હતા. માર્ગમાં પ્રયાગ આવ્યું. ભગવતી ભાગીરથી અને કાલિન્દીનો સંગમ જોયો, એટલે રામના હૃદયમાં રહેલું કવિત્વ બોલી ઊઠ્યું કે,

पश्यानवद्याङ्गि विभाति गङ्गा
भिन्नप्रवाहा यमुनातरंगैः

—હે કલ્યાણિ, જો! યમુનાના શ્યામ તરંગે કલુષિત પ્રવાહવાળી ગંગા કેવી શોભે છે! જાણે કાદંબના સંસર્ગે રાજહંસપંક્તિ!

**૩–તપસ્વી ચક્રવાક યુગલ**

'ચકવી, હું આવું?' 'ના.'
'ચકવા, હું આવું?' 'ના.'

કહેવાય છે કે પૂર્વે એક પ્રેમોન્મત્ત યુગલ હતુંઃ નરનારી રૂપે. પ્રેમનો ઉન્માદ એટલો બધો કે કાર્યાકાર્યનું એમને ભાન પણ ન ગણે. આવો અવિનય એ સમયમાં અક્ષમ્ય ગણાતો, એટલે એમને શાપ થયો કે જાઓ, પંખીરૂપે જન્મો ને પ્રત્યેક રાત્રે અખિલ જગત સંયોગી જીવન જીવે ત્યારે તમે તો વિરહ જ ભોગવો.



ચક્રવાક

ચક્રવાક: એનું દેશી રૂપ ચકવો. અંગ્રેજો એને Ruddy Sheldrake કે Brahminy Duck–'બામણી' કહે છે. એની વૈજ્ઞાનિક આખ્યા Casarca ferruginae. જાતે આડ્યો–બતક–ducksના વર્ગનું જ પંખી, પણ હંસ(goose) ને ખૂબ મળતું. એ ઉપરથી કેટલાક દેશમાં એને 'હંસ' પણ કહે છે. નળ રાજાને દમયંતી લાવી આપનાર 'સુવર્ણહંસ' તે આ ચક્રવાક જ.

એના દેહનો વર્ણ કેસરના રંગે ચળકતો નારંગી. પાંખમાં લીલો પટો. આંખોની કીકી ચકચકિત છીંકણી રંગે. ચાંચ તથા પગ કાળાં.

સ્પેઇન, અફઘાનિસ્તાન, હિમાલય વગેરે પ્રદેશનું વતની. શીઆળો ભારતવર્ષમાં ગાળે. ગુજરાતમાં જોવામાં આવે છે. આહારમાં સર્વભુક્: જીવાત, માછલાં, વનસ્પતી બધું યે ખાય.

આવે ત્યારે મોટાં ટોળાંમાં. સ્વચ્છ જલાશયનું વાસી. જોડકે ફરે. દિવસે એકપદી કરીને (એટલે એક પગ ઊંચકી, માત્ર એક જ પગે શરીર ટેકવીને) ઊંઘે. સન્ધ્યા થાય કે ચરવા નીકળે. આખી રાત ચર્યા જ કરે. ચરતાં ચરતાં નર ને માદા છૂટાં પડે અગર બંનેની વચ્ચે કંઇ અંતરાય આવે ને એક બીજાને ન જૂએ કે તરત 'આઉં' 'આઉં' કરતાં બૂમાબૂમ કરી મૂકે. એમની આ ટેવને લીધે જ એમને રાત્રીએ વિરહવેદના ભોગવતાં ચીતરવામાં આવે છે. ગળામાં ઘૂંટીને 'આઉં' આઉં' કરે છે તેથી તેમનું નામ ચક્રવાક પડ્યું છે.

વનેચર

ઇંગ્લંડની પહેલી દીવાદાંડીનો પાયો નાખનાર .. **હેન્રી વિન્સ્ટૅન્લી** .. અનુસંધાન પાછળના પૃષ્ઠ ૪૫થી આગળ

વરુણ અને વાયુદેવે આ તુચ્છ માનવીનો ગર્વ ગાળવા જાણે અટ્ટહાસ્ય કર્યું. બરાબર ૧૭ દિવસ એ ભયંકર તોફાન ચાલ્યું. એણે ઇગ્લંડનો દક્ષિણ કિનારો આખો છિન્નભિન્ન કરી નાખ્યો. ભાંગી ગએલાં વહાણો સાથે ભાગતા નાવિકો અને નાખુદાઓએ ઘણાએ કહ્યું કે અમે, પવનમાં ઊડતા વાળવાળા એ હેન્રીને એની દીવાદાંડીના ઝાંખા પ્રકાશમાં દેખેલો. એ બહાદુર ચહેરાની ખૂણાળી રેખાઓ ધ્રૂજતી મીણબત્તીઓના પીળા પ્રકાશમાં છાયાચિત્રસમી અંકાઇ રહેલી સ્પષ્ટ દેખાતી હતી.


પ્રચંડ હથોડાના ઘા જેવા ક્રુદ્ધ સાગરના ઉગ્ર સપાટા આગળ પોતાની જીવનકૃતિ જેવા એ મિનારાને બળભળી ઊઠતો જોઇ કેવા અનુનમ તુચ્છકારથી એ બહાદુર આત્માએ સામનો ખેડ્યો હશે એ કલ્પવું બહુ મુશ્કેલ નથી. થોડા કલાક તો લાગ્યું કે એ ટકી રહેશે; પણ મધરાત થતાંમાં તો દીવા ઓલવાઇ ગયા. સવારે એ દીવાદાંડીનો પથ્થર સરખો પણ રહ્યો નહોતો. પણ જ્યાં સુધી એ દીવો બળ્યો ત્યાં સુધી નાવિકો સહીસલામત રહ્યા.

એ તોફાને ઇંગ્લંડને પચાસ લાખ પૌંડનું નુકસાન પહોંચાડ્યું. અરધું ઇગ્લંડ જમીનદોસ્ત થઇ ગયું. ટેમ્સના મુખ આગળ પાંચસો જહાજો ચૂરેચૂરા થઇ ગયાં; પંદર મનવારો અને બે હજાર ખલાસીઓ ગુમ થઈ ગયાં; આખા ગુડવિન કિનારા ઉપર સેંકડો વહાણોનો કાટમાળ વેરવિખેર પથરાઇ રહ્યા.

પણ દીવાદાંડીનું શું? બીજી સવારે એ ખડક ઉપર અમળાઇ ગએલા લોખંડના બાર સળિયા સિવાય બીજું કશું નામનિશાન રહ્યું નહોતું. એ મહાન દિલેર આદમી કુદરત સામેના યુદ્ધમાં હાર્યો હતો. ડૅનિયલ ડીફોએ એ તોફાનનું તાદૃશ વર્ણન કરતાં લખ્યું છે કે 'માણસના અભિમાનને કેવો પાઠ? જાણે તોફાને ગંભીર અવાજે પૂછ્યું, 'શું તારા હાથ પરમેશ્વર કરતાં પણ મજબૂત છે?'

ગમે તેમ; હેન્રી તો ભલે એની દીવાદાંડી સાથે ગયો; પણ દીવાદાંડીની જરૂરિયાત બરાબર સમજાવી ગયો. એ પછી ત્યાં બે દીવાદાંડી બંધાઇ ગઇ. પણ હેન્રીની દીવાદાંડીનો દીવો એ છેલ્લો બુઝાએલો દીવો હતો. 'વિનોદ'


(અંગ્રેજી ઉપરથી)



મૃત્યુ સાથે વિગ્રહ



ધારાનિષ્ણાત



સુવર્ણલોલુપતા

## મધ્ય યુરોપની તત્ત્વદર્શી કળા

ઉપર આપેલાં ત્રણ ચિત્રોમાં હેર આઇવો સૅલિજર નામના ઑસ્ટ્રીઅન ચિત્રકારે માનવ પ્રવૃત્તિનું મર્મસ્પર્શી નિદાન સચોટ રીતે રજુ કર્યું છે. પહેલાં એમાં કલાકારે માનવ પ્રયત્નનું ભલે ઉપરછલ્લું પણ સહાનુભૂતિપૂર્ણ દર્શન આપ્યું છે. પ્રથમ ચિત્રમાં દરદીને આવરી લેતા મૃત્યુ સાથેના વિગ્રહમાં એક સર્જન ડાકટર સ્ત્રીપાત્રનું જીવન બચાવવા મૃત્યુને પોતાના સમર્થ પંજાથી દબાવી હઠાવી રહ્યો છે ને બચાવી લેવાની અણી પર વાત આવી જણાય છે. બીજા ચિત્રમાં ધારાનિષ્ણાત (વકીલ) ન્યાયદેવી સન્મુખ આવેલા માનવી પર થતું દુનિયાના અનેક તરસ્યા પંજાઓનું આક્રમણ નિવારી રહ્યો છે. 'સુવર્ણલોલુપતા' વાળા ચિત્રમાં, એક પ્રચંડ હાથમાં ચમકી રહેલા સોનાના સિક્કાથી ખેંચાઇ રહેલાં સ્ત્રીપુરુષો કેવી કટોકટીભરી રીતે એકબીજાને ભીંસતાં, કોઇના હાથમાં ન આવી શકે એવી એ લક્ષ્મી તરફ ખેંચાતાં જાય છે તે દર્શાવ્યું છે. આજકાલ યુરોપના યુવાન કલાકારોમાં આવાં તાત્ત્વિક ચિત્રો કરનારાઓનો સંપ્રદાય વધતો જાય છે. તેઓ માનવીની દિવ્યતા પણ આલેખે છે અને તેનાં ક્રૂર કર્મો કે મિથ્યા તરફડિયાં પણ આબાદ ઉતારી શકે છે. જર્મની, ઑસ્ટ્રીઆ, ઝેકોસ્લોવાકિયા વગેરે પ્રાંતોમાં આવું વલણ વિશેષ છે.



પાલણપુરનો જૂનો દરબારગઢ
ફોટો · મિ. સૈયદ, પાલણપુર

# સાહિત્યની નજરે

## એક લાંબા પ્રવાસની કટાક્ષપૂર્ણ લેખમાળા

આ અમારા એક સ્નેહી લેખકબંધુની આ માળાના પહેલા જ હપતાએ વાચકોનું ધ્યાન ખેંચ્યું છે. થોડા વખત પહેલાં ઉત્તર તથા દક્ષિણ હિંદના પ્રવાસે તે ગએલા ત્યારે તેમણે એક ડાયરી લખેલી; તેમાંનો જ કેટલોક ભાગ આ માળામાં આવે છે. એ પ્રવાસની વિશિષ્ટતાને લઈને સામાન્યતઃ નહિ જોવામાં આવતાં દશ્યો પણ તે બંધુને જોવા મળેલાં તેનો ઉલ્લેખ તેમણે પોતાની ડાયરીમાં કરેલો છે; એ રીતે પણ તેમની ડાયરી બીજાં પ્રવાસવર્ણનો કરતાં ભિન્ન છે. એટલે આ લેખમાળા ઉત્તરોત્તર વધુ રસપ્રદ નીવડશે એવી આશા છે. —તંત્રી

પાલણપુરની ઐતિહાસિક વિગતો ગાઢ અંધકારમાં છુપાએલી છે. તેનું મૂળ નામ પ્રહ્લાદપાટણ હતું એવી માન્યતા છે, અને તે ચન્દ્રાવતીના પરમાર રાજાના ભાઈ પ્રહ્લાદદેવ ઉપરથી પાડવામાં આવેલું હોવાનું અનુમાન થાય છે. ત્યાર પછી પાલણશી નામના ચોહાણ રાજાએ તે ફરી વસાવ્યું અને તેને પોતાનું નામ આપ્યું એમ પણ કહેવાય છે. પણ ઐતિહાસિક શોધખોળ અને નિર્ણય વગેરેનું કામ મારા પ્રવાસ સાથે સંબદ્ધ હોઈ એ આડે રસ્તે ન જ જવું ઉચિત માન્યું છે.

અત્યારે પાલણપુરની ગાદી ઉપર યુસફઝાઈ લોહાણી પઠાણ વંશનું રાજ્ય છે. તેઓ પૂર્વે ઘોર અને ખોરાસાનમાં રહેતા; પછીથી બારમા સૈકામાં તેઓ બિહારમાં આવ્યા અને ત્યાંથી પાલણપુરમાં આવ્યા એમ ઇતિહાસ કહે છે.

પાલણપુર રાજ્યનું ક્ષેત્રફળ શુમારે ૧૭૫૦ ચોરસ માઇલનું છે; વસ્તી આશરે અઢી લાખ હશે. બાલારામ ઉપરાંત જોવા જેવી જગ્યાઓ મુર્શિદઅલી પીરનો રોજો અને કીર્તિસ્થંભ ગણી શકાય.

પાલણપુર નામ શી રીતે પડ્યું તે વિષે ઉપર મેં ઉલ્લેખ તો કર્યો જ છે, પણ અમે પાલણપુર છોડ્યું ત્યારે તો એમ જ લાગ્યું કે પાલણ કરનાર નૃપના પુરમાંથી અમે વિદાય લઈએ છીએ.

### ૨-જોધપુર

જોધપુરના નામ સાથે બે સ્મરણો અનિવાર્ય સંબંધે જોડાએલાં છે: એક જોધપુરનો ઇતિહાસ અને બીજું જોધપુરની વસ્તી. રાજપૂત ઇતિહાસમાં રાઠોડ વંશનાં પરાક્રમો શૌર્ય અને શોણિતવર્ણે અક્ષરે આલેખાએલાં છે. જ્યારે મુસલમાન વિજેતાઓએ જયચંદ રાઠોડને કનોજમાંથી હરાવી હાંકી કાઢ્યા ત્યારે તેઓ રાજસ્થાન તરફ આવ્યા અને ત્યાર પછી પંદરમા સૈકાની મધ્યમાં રાવ જોધાએ જોધપુર શહેર વસાવ્યું. પછી રાવ માલદેવ, મહારાજા જસવંતસિંહ વગેરે પ્રખ્યાત રાજાઓએ હિન્દના ઇતિહાસમાં પોતાનાં નામ અંકિત કર્યાં છે. તેઓ સર્વ જોધપુરના હતા.

જોધપુર એ મારવાડ (મરુભૂમિ)નું મુખ્ય શહેર છે અને એ રીતે તે ખ્યાત ન હોય તો અતિ પ્રચલિત અને પરિચિત મારવાડી કોમના નિવાસસ્થાન તરીકે તે વધારે ખ્યાત બનવાને પાત્ર છે. આ બે રીતે જોધપુરથી પરિચિત પ્રવાસી જોધપુર જાય છે ત્યારે કલ્પનાનું જોધપુર પોતાના મનમાં રચીને જાય છે; પણ એ સર્વ સ્વપ્નો ત્યાં જતાં તૂટી પડવાનાં હોય છે.


મરુભૂમિને અશ્રુ સાથે જ નિસ્બત હોય તેમ દેખાય છે. કૂવાનાં ઊંડાં પાણી, ઓછી વનસ્પતિ, ઉજ્જડ પ્રદેશ એ આ છત્રીસ હજાર ચોરસ માઇલના ક્ષેત્રફળવાળા



જોધપુરની બજાર અને મારવાડનું વાહન



દૂરથી દેખાતો જોધપુરનો કિલ્લો




જોધપુરનો ગઢ–ખાઈ સાથે

વિસ્તારનું લક્ષણ છે. જૂના વખતની વાર્તામાં સાંભળતા કે પાણી એટલાં ઊંડાં કે કોસ દલવાય ત્યારે એક માણસ દાંડી પીટે તે સંભળાય ત્યારે બળદ પાછા ફરવા માંડે. તે વખતે એ વાત ખોટી લાગતી, પણ જોધપુર આવ્યા પછી તેમાં અતિશયોક્તિ ઓછી દેખાય છે. આવી, પાણી વિનાની, વનસ્પતિ વિનાની આટલી બધી વિસ્તૃત આ ભૂમિમાં કોઇપણ પ્રજાને બાંધી રાખનાર શું હશે તે એક પ્રશ્ન છે. જ્યાં ભગવતી વસુન્ધરા ધાન્યપાનથી પોતાનાં બાલકને ધન્ય કરતી ન હોય ત્યાં એ બાલકોમાં નૂર ઓછાં હોય; ને નૂર હોય તે સર્વે વધારે આર્દ્ર ભૂમિમાં વસવા ચાલ્યાં જાય એ કુદરતી છે. એવાં જ કાંઇક કારણસર હિન્દુસ્તાનમાં નાનાં મોટાં ઘણાં સ્થળે મારવાડની વસ્તી ઘણી ગોઠી છે. એક વિચક્ષણ પુરુષે આ ભૂમિ ઉપર પગ મૂકતાં તરત જ કહ્યું કે આ ભૂમિ જો ખરેખર આવી જ હોય તો મોગલોએ તેને કબજે કરવા મહેનત કરી નહિ તેમાં કશું નવાઈ પામવા જેવું નથી. એ વાક્યમાં એકથી વધારે સત્યો ભરેલાં છે. જે ભૂમિમાં નૈસર્ગિક પોષણ-રક્ષણનાં સાધનો ઓછાં તે ભૂમિની પ્રજા ઘણીવાર પરાક્રમી અને શૂરવીર બને છે. એવી ભૂમિના લોકોને જીવન–વિગ્રહ માટે ખૂબ તકલિફ ઉઠાવવી પડે છે, તેથી તેઓ કુદરતી રીતે દૃઢ, આયાસક્ષમ અને બળવાન હોય છે. તેવી ભૂમિને સર કરવામાં માણસોનો અને બાજો પણ ઘણો મોટો ભોગ આપવો પડે છે; અને બીજી બાજુ જ્યારે એ ભૂમિ સર થાય ત્યારે વિજેતાને એ ભૂમિમાંથી બદલો એટલો ઓછો મળે છે કે તેના ભોગો આગળ તે કાંઇ વિસાતમાં ન ગણાય. એટલે ઉપજ કે વળતરની દૃષ્ટિથી જોતાં એવી ભૂમિ સર કરવાનો શ્રમ ઘણો મોંઘો પડી જાય.

જોધપુર રાજ્યનો ઇતિહાસ મુગલાઇની જાહોજલાલી સાથે સંયુક્ત છે, અને તે કાલના અવશેષો હજી જોધપુરના કિલ્લામાં સંગ્રહાઇ રહ્યા છે. લડાઇની ભયંકરતા હજી એ કિલ્લામાં તાજી રહી છે. મહારાજા જસવંતસિંહની તલવાર પણ અત્રે જોવા મળી. તે એક માણસ સહેલાઇથી ઊંચકી પણ ન શકે એટલી બધી વજનદાર છે. એ તલવાર જોતાં એમ જ લાગે કે તે તો ખરેખર મહારાજા જસવંતસિંહે જ વાપરેલી હશે. અહીં ઝવેરાતોનો પણ સંગ્રહ છે, છતાં પણ હથિયારોનો સંગ્રહ વધારે સારો છે અને ચૌદમાથી તે સત્તરમા સૈકા સુધીનાં હથિયારોના અને યુદ્ધકલાના વિકાસનો ખ્યાલ તેમાંથી સારો આવી શકે છે.

આ સંગ્રહ જોતાં એક વિચાર તરત જ આવે કે હિન્દી લશ્કરી અમલદારોને શિક્ષણ લેવા માટે જેમ બ્રિટિશ રેજિમેન્ટોમાં મોકલવામાં આવે છે, તે પ્રમાણે આવાં રાજ્યોનાં હથિયારખાનાં જોવા પણ જો તેમને મોકલવામાં આવતા હોય તો તેઓ ઘણું ઉપયોગી જ્ઞાન મેળવી જાય. આપણી તરફનાં હથિયારોમાં જે હિકમત દેખાતી નથી તે આ તરફ જોવા મળે છે. આવા હથિયારસંગ્રહ શિક્ષણની દૃષ્ટિએ ઉપયોગી છે, કેમકે જેઓ લડાઇની કળાનું અન્વેષણ ઐતિહાસિક દૃષ્ટિએ કરવા ઇચ્છતા હોય તેઓને આ સંગ્રહ બતાવવાથી કાલે કાલે લડાઇનાં શસ્ત્રાસ્ત્રોમાં મનુષ્યજાતિએ કેવા કેવા ફેરફારો કર્યા છે તેનું ઘણું સારૂં જ્ઞાન મળી શકે. જોધપુર તરફનાં જૂનાં ઓજારોમાં ઢાલમાંથી


જોધપુરનું એક મકાન જેમાં ફોટોગ્રાફરે કલાનો ઉપયોગ હેતુ માટે કર્યો છે.

બાણ, ગોળી વગેરે છોડી શકાય તેવું અસ્ત્ર જોવા મળે છે; ગુજરાત કાઠિયાવાડ તરફ તેવું જોવા નથી મળતું તેનું કારણ એમ દેખાય છે કે ગુજરાત કાઠિયાવાડના લોકોને જુદીજુદી જાતના યોદ્ધાઓ સાગે કે જુદીજુદી પ્રજાઓનાં આક્રમણો સામે એટલી બધી લડાઇઓ લડવી પડેલી નહિ હોય, અને તેથી જ એવાં યુદ્ધોમાં કાળેલિયન આપે તેવાં શસ્ત્રાસ્ત્રો બનાવવા તરફ આપણને આપણી બુદ્ધિ દોડાવવાની જરૂર પડેલી નહિ અને આપણે બુદ્ધિ દોડાવેલી પણ નહિ.

જોધપુરમાં પ્રખ્યાત અર્વાચીન યોદ્ધા કર્નલ સર પરતાપસિંહ અધ્યક્ષસ્થાને રહી ગએલા. ત્યાંનું લશ્કર મોટું અને કસાએલું છે, એટલું જ નહિ પણ તે માટે મોટો ખર્ચ કરવામાં આવે છે.

જોધપુર શહેર મોટું છે અને તે એના પ્રચંડ અને પ્રખ્યાત કિલ્લાની તળેટીમાં વસી રહ્યું છે. ત્યાં કેલાના, લાલ સમંદ વગેરે તળાવો અને મંડોર વગેરે ઐતિહાસિક જગ્યાઓ જોવાલાયક છે. પણ એ સઘળી જગ્યાઓ જોધપુરથી ૭–૭ સાત–સાત માઇલને અંતરે છે. એ મોટા સપાટ ઉદ્ભિજ્જહીન વિસ્તારમાં પ્રવાસ કરતાં કોઈક કોઇક રડ્યાંખડ્યાં માણસો ક્યાંક નજરે પડે છે. તેનાં બે કારણો હોઈ શકે: એક તો જોધપુર રાજ્યનો વિસ્તાર છત્રીસ હજાર ચોરસ માઇલનો અને વસ્તી એકવીસ લાખ માણસની છે. ઊંડા ગણિતમાં ઊતર્યા વિના પણ એટલું સમજાવી શકાય કે કાઠિયાવાડમાં ચોરસ માઇલ વિસ્તારમાં સરાસરી દોઢસો માણસો જોવાને ટેવાએલાં મગજને તેથી ત્રણગણા વિસ્તારમાં તેટલાં જ માણસ જોવા મળે તે વિસ્મયકારક લાગે ખરૂં. આ તો, વસ્તી ઓછી દેખાય છે તેનો પ્રમાણભૂત આધાર થયો; પણ બીજું કારણ એ પણ છે કે જોધપુરની વસ્તીનો મોટો ભાગ જન્મભૂમિની બહાર વસે છે; અને તે તો સ્થળે સ્થળે મારવાડી લોકો માલૂમ પડે છે તે ઉપરથી પણ જાણી શકાય છે. એ કારણે પણ આ વિસ્તૃત પ્રદેશમાં વનસ્પતિની માફક જ મનુષ્યો પણ પ્રમાણમાં ઓછાં દેખાય છે.

મંડોર જોધપુર પાસેનું એક પ્રાચીન સ્થળ છે. ત્યાં જોધપુરના પ્રખ્યાત યશસ્વી રાજામહારાજાઓની સમાધ છે. એક કીર્તિસ્થંભ પણ છે અને શૂરવીરોની મૂર્તિઓની એક મોટી હાર છે. નકશી, બાંધણી વગેરેમાં મહારાજ અજીતસિંહજીની સમાધ ગમી જાય તેવી છે. અને જેને શૂરવીરોની મુર્તિઓ કહેવામાં આવે છે તે મોટે ભાગે કોઈ કલાપટુ શિલ્પીની કલ્પનાનું પરિણામ દેખાય છે.

મંડોર તો માત્ર જગા છે; વસ્તીસ્થાન નથી. અને મારવાડમાં આમ વસ્તી ઓછી છતાં જોધપુર શહેર તો માણસોથી તેમજ ઊંટોથી ઠીક ભર્યુંભર્યું લાગે છે. પણ વસ્તીનો જે ભાગ જોવા મળી શક્યો તે મોટે ભાગે નિસ્તેજ હતો. તેમના પહેરવેશમાં કલા ઓછી હતી, આંખ ને મોઢાંમાં નૂર ઓછાં હતાં; પણ તેથી ઉલટું, કેમ જાણે આ બધી ઊણપોનો બંગ વાળવો હોય તેમ, મકાનોમાં સુંદર નકશીકામ હતું, ઝરૂખાઓ સપ્રમાણ અને આકર્ષક હતા અને બાંધણીમાં સામાન્યતઃ પ્રાચીન અંશો જળવાઇ રહ્યા હતા. વસ્તીમાં એક વરઘોડો પણ મળી ગયા અને તેઓ પોતાના અભિનવ પરિવેશમાં જોધપુરની ગલ્લીઓને પાવન કરી રહ્યા હતા. મકાનોનું નકશીકામ સારૂં હતું છતાં તે માત્ર બાહ્ય દર્શનને જ સમૃદ્ધ કરતું હતું. એટલા માટે કલા કે ફોટોગ્રાફીના બધા નિયમોને અભરાઇ ઉપર ચડાવી એક

ચિત્ર તો એવું પ્રાપ્ત કર્યું કે જેમાં એ સુન્દર ઝરૂખા પાછળ કેવું મકાન છે તે સ્પષ્ટ દેખાઇ આવે! અમદાવાદનાં પ્રાચીન નકશીવાળાં મકાનોની નકશીના અવશેષો જાળવી રાખવાના જેમ પ્રયાસો થાય છે તે જ પ્રમાણે આ જોધપુરનાં બાંધણી અને નકશીકામને સંગ્રહી રાખવાના પ્રયત્નો પણ થવા જોઇએ. આવાં સંસ્થાનોમાં પાશ્ચાત્ય અસરો ઓછી લાગે છે એ ખરૂં છે, પણ તે જ કારણે પાશ્ચાત્ય અસરોનાં ચોરસ-ત્રિકોણોમાં ll પણ બચી જઇ શકાય છે એ તેનો લાભ પણ છે.

ખુદ જોધપુર શહેર કરતાં તેનો પ્રાચીન કિલ્લો વધારે જોવાલાયક છે. અહીં હથિયાર અને ઝવેરાતોનો સંગ્રહ પણ છે તેમજ એ કિલ્લા ઉપર વારંવાર હુમલાઓ થએલા તેનાં નિશાનો પણ અહીં છે. એ ઝવેરાતની કીમત કરોડોની અંકાઇ શકે. તેમાંના કેટલાક હીરા છેક મુગલાઈની શરૂઆતથી સંગ્રહાયા છે. તે ઉપરથી બે અનુમાન સહજ થાય છે. એક તો એ કે પરાપૂર્વથી એવાં ઝવેરાત સંગ્રહી રાખવાની પ્રણાલી હશે અને બીજું એ કે સંગ્રહાએલી વસ્તુઓ લૂંટાઇ ગઇ નહિ હોય.

જોધપુરમાં કારીગરો પણ છે. કાપડની બાંધણી અહીં સારી થાય છે તેમજ લાકડાં ઉપર સારૂં નકશીકામ પણ થાય છે. પણ તે હુન્નરનો ઉદ્ભવ તો એમ થયો દેખાય છે કે જોધપુરમાં ઊંચા પ્રકારનું લાકડું મળતું નથી. એટલે જે લાકડું મળે છે તેમાં ભાતભાતની કોતરણી કરી વધારે ઊંચી જાતનું થોડું લાકડું જડારથી લાવી તેમાં જડી દેવામાં આવે છે. તે ઉપરાંત તલવારો, મૂઠો વગેરે પણ બને છે. જોકે અહિંસાના ઉપાસક તરીકે તે ચીજોની તો કીમત સુદ્ધાં મેં પૂછી નહિ!

આ બધું જોતી વખતે એક દુઃખદ વિચાર આવ્યા વિના રહેતો નથી, કે શું સમગ્ર મારવાડમાં નિર્જીવતામાં જ ભવ્યતા છે? શું મારવાનું જ કૌશલ્ય છે? જીવાડવાનું કૌશલ્ય જો હોય તો ક્યાં છે? એક ધર્મશાસ્ત્રનો પ્રશ્ન છે કે જે માણસ પોતાનો આત્મા ગુમાવીને રાજ્ય પ્રાપ્ત કરે છે તે માણસ શો ફાયદો પામે છે? ભવ્ય ઇમારતો, કીમતી જવાહિરો, વિપુલ યુદ્ધસામગ્રી એ સર્વ પ્રજાના જે પ્રાણુને જીવન્ત રાખવા માટે છે એ પ્રાણ એ સામગ્રીના જ આવરણમાં ગૂંગળાઇ તો જતો નથી ને, એ વિચારવાની ફરજ નથી?

વિચાર કરતાં શોક એટલો જ થાય છે કે ક્ષત્રિયોની આ છેલ્લી રાજધાનીઓને, શુમારે સને ૧૦૬૬થી તે સને ૧૮૫૦ સુધીનાં આઠસો વરસ સુધી, ખડકોના બળથી પોતાની જન્મભૂમિ કે પોતાનાં બાલબચ્ચાંઓનું રક્ષણ કરવા સિવાય બીજી કોઇ પ્રવૃત્તિનો વિચાર કરવાનો વખત જ મળ્યો જણાતો નથી.

હજી પણ પ્રશ્ન રહે છે કે આ સ્થાનમાં જીવાડવાનું કૌશલ્ય ક્યાં? અને એ દિલગીરીભર્યો વિચાર રજપૂતાનાની વેરાન ભૂમિ છોડીને પંજાબની હરિતનીલ ભુમિમાં પગ મૂકતાં સુધી મને સતાવતો રહ્યો. 'સ્વ'

# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહીનાની હરીફાઈમાં પ્રથમ ઇનામ ભાઇ પ્રતાપરાય શાહ (મુંબાઇ)નું 'ખુદા એક હૈ' મેળવે છે. આ ચિત્ર વધારે સુયોગ્ય રૂપમાં આપી શકીએ તે હેતુથી હવેના અંક પર મુલતવી રાખ્યું છે. બીજું ઇનામ ડાકોરના ભાઇ આર. એસ. પટેલનું 'વિસામો' નામનું છે. ચિત્રમાં પ્રવાસી માતા અને બાળકો વિષયને અનુરૂપ વાતાવરણમાં નજરે પડે છે; પરંતુ બાઈની નજર કૅમેરા તરફ ખેંચાએલી હોવાથી ચિત્રનો ગુણ નરમ પડે છે. ફોટોગ્રાફી ઝીણવટવાળી હોવા છતાં ઉઠાવ આપવા પૂરતી વર્ણોની વધઘટ નહિ હોવાથી ચિત્ર ફિક્કું લાગે છે.

ત્રીજા ઇનામને પાત્ર ભાઇ જયંતકુમાર ચોકસી (રાજપીપળા)નું 'જરા વધારે' નામનું બાળચેષ્ટા રજુ કરતું ચિત્ર છે. 'પૂર્વના જાદુ' નામના ભાઇ પ્રતાપરાય શાહ (મુંબાઇ)ના ચિત્રને ખાસ ઈનામ એટલા માટે મળે છે કે તેમણે આકાશ તેમજ દશ્યોના વિવિધ વર્ણોના ભેદ સાચવીને ચિત્ર આપ્યું છે.

'હઠયોગી' (કાળભૈરવ) અથવા ગોરખબાવાનું ચિત્ર બેન ભાનુમતી ચી. ઠાકોર (ઉમરેઠ) અને 'શહેરી ફૂલોને પાણી' જનુભાઇ (મુંબાઇ) એ બે ચિત્રોને ઉત્તેજના પારિતોષિક મળે છે. ચિત્રવિષયો આકર્ષક હોવા છતાં આસપાસની રચના પર ધ્યાન અપાયું નથી. હરીફાઇનાં બીજાં ચિત્રોનો અભ્યાસ કરવાથી વધુ સમજણ મળશે.

આ વખતે ફોટો હરીફાઇનું એકંદર સ્વરૂપ બહુ પ્રેરણાત્મક નથી; પણ આ રીતે મોકલવાનું ચાલુ રાખનારા ઉમેદવારોએ નિષ્ફળતામાંથી પણ શીખવાનું શું છે તેનો વિચાર કરી સારાં પરિણામ લાવવા યત્ન કરવો જોઇએ. **બલવન્ત ભટ્ટ**



શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ

# અખાડો

## જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો પરસ્પર અનુભવની આપલે કરે છે

નિરીક્ષક · શ્રી હરિનારાયણ આચાર્ય

વ્યાયામ કરવાથી સ્મરણશક્તિનો નાશ થાય છે, સદસદ્‌વિવેકશક્તિ રહેતી નથી અને વિચારની તીવ્રતા ઘટી જાય છે—આવો ભ્રમ રાખનાર વર્ગ જાતે વ્યાયામ કરીને પોતાની માન્યતાની પરીક્ષા નથી કરી શકતો એ દુ:ખની વાત છે. એમની માન્યતાના સમર્થનમાં એ કેટલાક ધંધાદારી પહેલવાનોને દૃષ્ટાન્ત તરીકે રજુ કરે છે. પરંતુ આવી દલીલ એકપક્ષી છે. જે ધંધાદારીઓ, મજૂરવર્ગની પેઠે, ઉદરપોષણ અર્થે આખું જીવન વ્યાયામના વ્યવસાયમાં ગાળે છે, જેમને એ વ્યવસાયમાં સદ્‌વાચન કે સદ્‌વિચાર કરવાનો અવકાશ જ મળતો નથી અને જેમની આસપાસનું વાતાવરણ પણ બુદ્ધિ–વિચારશક્તિને પોષે તેવી અનુકૂળતા આપે તેમ નથી, એવા કતિપય ધંધાદારી વ્યાયામપટુઓના ચારિત્ર પરથી પ્રત્યેક વ્યાયામ કરનારનું તેવું જ ચારિત્ર કલ્પવું, એ ઘોર અન્યાય છે. જેમ પહેલાંની પેઠે હવે માત્ર યુનિવર્સિટીની છાપ મેળવીને બુદ્ધિમાન ગણાવાનું સુલભ નથી, તેવી જ રીતે કેવળ શારીરિક શ્રમ કરવાથી જ બુદ્ધિમાન્દ્ય આવે છે, એવી દલીલ પણ હવે ટકી શકતી નથી. બુદ્ધિમાન્દ્ય કાં તો જન્મથી જ ઉત્પન્ન થતાં શારીરિક દૂષણોથી આવે છે અગર તો બુદ્ધિને કેળવનાર સાધનોના અભાવથી કે એવી કેળવણીને પ્રતિકૂળ સંજોગોને લીધે આવે છે. પ્રથમનાં કારણો પર મનુષ્યની સત્તા નથી, જ્યારે બીજા વર્ગનાં કારણોનો પ્રતિકાર શક્ય છે. અને એવો પ્રતિકાર ન થઇ શકે એવી પરિસ્થિતિમાં મૂકાએલા વ્યાયામપટુઓ બુદ્ધિના જડ દેખાય એમાં વાંક વ્યાયામનો નથી, પણ એમના સંજોગોનો છે. વ્યાયામથી શરીર નીરોગી અને સશક્ત બને છે. નિર્બળતા ન હોવાને લીધે વ્યાયામશીલ મનુષ્ય એના પ્રત્યેક અંગ અને ઇન્દ્રિય ઉપર સ્વામિત્વ ભોગવે છે. એટલે એને જો બૌદ્ધિક શિક્ષણ પ્રાપ્ત કરવું હોય તો સામાન્ય મનુષ્યપશુથી એ વધારે સરળતાથી તેમ કરી શકે. દૃષ્ટાન્ત તરીકે એક યોગી લ્યો. યોગની ઉપાસનામાં જે ક્રમે આગળ વધવાનું હોય છે, તેમાં શારીરિક શુદ્ધિને આરંભમાં આવશ્યક માની છે. યમ નિયમથી શરીરની ટેવો પર કાબુ આવતાં આસન અને પ્રાણાયામથી શરીરનું સંપૂર્ણ વિશોધન કરાય છે. શરીર નિર્મળ થયું એટલે વિચારનાં સાધનો—મન બુદ્ધિ, ચિત્ત, અહંકારાદિ—નું વિશોધન અત્યંત સરળ બને છે. અર્થાત્ પહેલું શરીર પછી બુદ્ધિ: આવો ક્રમ વ્યાયામની ઉપાસના કરનાર પણ રાખી શકે. વ્યાયામથી શરીર સ્વસ્થ—સુદૃઢ અને સુન્દર—બનાવીને બૌદ્ધિક વિકાસ કરવાનું અત્યંત સરળ અને સુકર થઇ શકે, એ સહજ સમજી શકાય તેવું છે.

આવી રીતે બુદ્ધિની તીવ્રતા સાધનાર અનેક મલ્લસમ્રાટો થયા છે. પુરાણોની વાતો સાચી માનીએ તો રામ, અર્જુન, કૃષ્ણ આદિ નરવરોને અત્યંત બલિષ્ઠ વ્યાયામપટુઓ ચીતરવામાં આવ્યા છે, તે જ વ્યાયામ અને બુદ્ધિના સહચારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. 'વૃષસ્કંધ' એ આ પ્રૌઢ પુરુષોનું પ્રધાન લક્ષણ છે. એટલે વ્યાયામથી ગરદન જાડી થવાથી બુદ્ધિ જડ થાય છે, એવી ભ્રાન્ત દશામાં અથડાનાર પંતુજીઓ કેવળ મૂર્ખ છે. આ તો લોકકથાની વાત. આધુનિક સમયમાં પણ પરદેશી વ્યાયામવિશારદોમાં શાળા અને મહાવિદ્યાલયના પદવીધરો ઘણા જોવામાં આવે છે. એક જ દૃષ્ટાન્ત આપું. ઍલન પી. ગીડ નામના મારા એક અંગ્રેજ મિત્ર વિષે મેં 'કુમાર'માં કેટલાંક વર્ષ પર (અંક પર) લખ્યું હતું. આ સર્જન બૅરિસ્ટર છે અને લંડનના કિંગ્સ બેન્ચ વૉકમાં ધમધોકાર ધંધો ચલાવે છે. સાથે સાથે જગતમાં સર્વોત્કૃષ્ટ સ્નાયુવિકાસ સાધનાર અને અંગોની સપ્રમાણતામાં સદ્‌ગત સૅન્ડો કરતાં પણ ઉચ્ચતર સ્થાને વિરાજનાર તરીકે એમની ગણના કરાય છે. એકવીર મુક્કાબાજ જીન ટન્નીના બાહ્દિક સામર્થ્યની વાત પણ કોણ નથી જાણતું?

આ તો કેવળ ગ્રન્થો વાંચવાથી થતા બુદ્ધિવિકાસની વાત. એને ક્ષણભર ભૂલી જઇએ તોપણ મલ્લોમાં વિચારચાપલ્ય નથી, એમ કહેનારા ખરેખર દયાપાત્ર છે. અખાડામાં કુસ્તી કરનાર દરેક વ્યક્તિ જાણે છે કે ખાલી બાથંબાથા કરવી એનું નામ કુસ્તી નથી. કુસ્તી–ખરેખર શાસ્ત્રીય કુસ્તી–કરવામાં શીઘ્ર વિચાર અને અદ્‌ભુત ચપળતા અનિવાર્ય છે. પ્રતિદ્વન્દ્વી કયો દાવ કરશે તેનો પૂર્ણ વિચાર દાવ કરતાં પહેલાં કરી લેવો પડે છે, એટલું જ નહિ પણ દાવ થતાં જ દાવ, બન્દી, રુખ, તોડ વગેરેમાંથી કયા સાધનનો ઉપયોગ કરવો, એ સાધન કરતી વખતે પોતે કઇ સ્થિતિમાં હશે અને એ સ્થિતિમાં સામા પક્ષથી નવો દાવ થતો અટકાવવા શું કરવું પડશે—આવી અનેક બાબતોનો વિચાર વીજળી વેગે કરવો પડે છે. દાવ કરવા એ કેવળ અભ્યાસ કે ટેવ ઉપર જ અવલંબતું નથી. અભ્યાસથી દાવ કરતાં આવડે છે એ ખરું, પણ સફળતાથી દાવ કરવા, એ તો કેવળ શીઘ્ર વિચાર પર જ અવલંબે છે. જેમણે ઝિબિસ્કો જેવા જગદ્દેકમલ્લને પંદર વીસ સેકંડમાં ચીત કરતા ગામાને જોયો હશે તેમને શરીર પર બુદ્ધિની—વિચારની શીઘ્રતાના વિજયનું રહસ્ય સમજાશે.

પણ આ તો કેવળ કુસ્તીની જ વાત થઇ. બાક્સિંગ લ્યો. તેમાં પણ અદ્‌ભુત વિચારશક્તિની પ્રત્યેક ક્ષણે જરૂર પડે છે. ૨૫–૩૦ મિનિટમાં આખા જીવનની સફળતા–નિષ્ફળતા મેળવવામાં, પ્રતિદ્વન્દ્વીના પ્રત્યેક હલનચલનનો પહેલાથી વિચાર કરી તે અનુસાર પોતાનો વ્યૂહ ગોઠવવામાં બુદ્ધિની જે કસોટી થાય છે, તે જેમણે ડેમ્પસી કે કૅારબેટ જેવા બૅાકસરોનાં જીવનનો અભ્યાસ કર્યો છે, તેમને સુવિદિત હશે.

આજે શરીરના પ્રત્યેક અંશનું સંપૂર્ણ જ્ઞાન ધરાવવાનો દાવો દાકતરો કરે છે. મનુષ્યદેહને છિન્નભિન્ન કરીને તપાસી જોવામાં એમની કુશળતા અસંદિગ્ધ છે, એ હું કબૂલ કરું છું. પણ સજીવ મનુષ્યદેહના હલનચલનનું—એની પ્રત્યેક **movement** નું પૂરું જ્ઞાન કેટલા દાક્તરો ધરાવતા હશે? માણસ 'ચાલે' છે: પણ એની 'ચાલ' કેટલે અંશે કુદરતી છે, એ જાણનાર કે સમજાવનાર કેટલા નીકળશે? બેસવામાં, ઊઠવામાં, વાંકા વળવામાં—અર્થાત્ પ્રત્યેક ક્રિયામાં મનુષ્યદેહની કેટલી ક્રિયાઓ સ્વાભાવિક અને કેટલી અસ્વાભાવિક—અર્થ વગરની, ઉપેક્ષણીય—થાય છે, એમાંની કેટલી ક્રિયાઓ અનિવાર્ય છે અને કેટલી ન કરીએ તોપણ એ ક્રિયાનો હેતુ સધાશે,—એ બધું જ્ઞાન આજે કેટલા શરીરશાસ્ત્રીઓ ધરાવતા હશે? આવું સામાન્ય જ્ઞાન જ્યાં નથી ત્યાં શરીરના **leverage**—ઉચ્ચાલન—નું તો કયાંથી જ જ્ઞાન હોય? છતાં જેમણે શરીરની પ્રત્યેક ક્રિયાનો ઝીણવટથી અભ્યાસ કરી, એનાં અંગોના **leverage**નું સંપૂર્ણ જ્ઞાન મેળવી, કુસ્તી અને જ્યુજિત્સુના અસંખ્ય દાવ શોધી કાઢવામાં પ્રખર વિચારશક્તિ અને બુદ્ધિકૌશલ્ય દર્શાવ્યું છે એવા વ્યાયામપટુ મલ્લસમ્રાટોને 'મૂર્ખ' 'જડ' 'બુદ્ધિહીન' વગેરે વિશેષણોથી નવાજવામાં આવે, એ ઓછો અન્યાય છે? કોઇ એમ તો નહિ જ કહે કે પ્રાચીન કાળમાં બુદ્ધિશાળી વિદ્વાનો અને પ્રાણાચાર્યોએ ઘરઆંગણે ગાદી પર બેસીને કેવળ કાગળ પેન્સિલથી 'દાવ' ઘડી કાઢયા અને 'જડ' પહેલવાનોને બક્ષિશ આપ્યા! આજે તો પહેલવાનો સિવાય અંગોના **leverage** વિષે જો કોઇને થોડુંઘણું યે વિચારવાનો અવકાશ હોય તો તે કળાકાર વર્ગ—ચિત્રકાર ને શિલ્પીને જ હોય છે; અને તે પણ વ્યાયામપટુઓના જેવી કાકદૃષ્ટિથી તો નહિ જ.

જે ક્રિયા કરવાને શરીર ટેવાએલું નથી તે જો અકસ્માત કરવામાં આવે તો તેની માઠી અસર તરત જણાઇ આવે છે. શરતના ઘોડાને જો ગાડે જોતરવામાં આવે અગર ગાડું ખેંચનાર ઘોડો જો શરતમાં દોડે તો બંનેનાં હૃદયને તરત આઘાત પહોંચશે. વળી શરત માટે ચૂંટાએલા ઘોડાને પણ જો શરૂઆતથી ધીમેધીમે ન કેળવતાં એકદમ દોડાવવામાં આવે તો તેની ઓલાદ ગમે તેવી ઉચ્ચ કોટિની હોય તોપણ એ નિષ્ફળ જ નીવડશે. આવી જ રીત વ્યાયામની છે. જે કશો પણ શ્રમ કરવાને ટેવાએલા નથી એવી, બાહ્યદૃષ્ટિએ નીરોગ અને સંપૂર્ણ સ્વાસ્થ્ય ભોગવતી દેખાતી વ્યક્તિઓને જો થોડું દોડાવો તો સો ડગલાંમાં એમનાં હૃદયની ગતિ ભયંકર વેગવાળી થઇ જશે, મોં લાલ બનશે અને વખતે મૂર્છા પણ આવશે. આટલા પરથી જ કોઇ એમનાં હૃદયને શિથિલ કે રોગી નહિ ગણે. વળી જેઓ નવાસવા મુંબઇ જાય છે તેમને શરૂઆતમાં પાંચસાત દાદર ચડતાં શ્વાસ ચડે છે કે અકળામણ થાય છે, પણ તે કાંઇ તેમનાં હૃદયની રોગી દશા સૂચવતું નથી. તેવી જ રીતે

જિંદગીમાં પહેલી વખત અખાડામાં પગ મૂકનારને પચીસ દંડ કરતાં નવનેજાં પાણી ચડશે, પણ તેથી તે રોગી છે એમ ન માની શકાય.

આ બધાનો પ્રાથમિક ગભરાટ, એ જાતનો શ્રમ કરવાની ટેવ ન હોવાથી દેખાય છે. પરંતુ પ્રત્યેક વિષયમાં જો આસ્તેઆસ્તે શ્રમનું પ્રમાણ વધારવામાં આવે તો હૃદય અને અંગો કેળવાતાં જાય અને શ્રમસહ બનતાં જાય;—હૃદય કેળવાય, ફેફસાં કેળવાય, પાચનશક્તિ વધે, અંગોમાં દઢતા આવે. પણ જ્યાં આવો ઉત્તરોત્તર વિચારપૂર્વક શ્રમ કરવાનો નિયમ નથી અને કુદકેભુસ્કે આગળ વધવાનો—આડી રાતમાં પહેલવાન થવાનો મોહ છે, ત્યાં ગમે તેવો નિર્દોષ વ્યાયામ પણ નુકસાન કરે. એ પરથી વ્યાયામમાત્રને હાનિકર્તા માનવો એ ભૂલ છે.

આવી માન્યતા વિકૃત બુદ્ધિ અને પૂર્વગ્રહના પરિણામે જન્મી છે. કારણ, સ્નાયુઓ અક્કડ થાય, ચપળતા જતી રહે, નસો ઢીલી પડે—વગેરે વાતો પાછળ તથ્યાંશ હોવા છતાં એ કેવા પ્રસંગોમાં બને છે તે આક્ષેપ કરનારા જોતા નથી. એક માણસ દીર્ઘકાળ પર્યંત એક જ પ્રકારની ક્રિયા કરવાને ટેવાએલો હોય તેને જો તેની ટેવથી તદ્દન ભિન્ન પ્રકારની ક્રિયા કરવાનું કહેવામાં આવે તો તે શરૂઆતમાં નિષ્ફળ જ જવાનો, અગર મહાપ્રયત્ને જડની પેઠે કરવાનો. 'સ્વારીને બેસાડી રાખવો અને મેરાઇને ઊભો રાખવો' એના જેવી વિષમ સજા એ બંને માટે બીજી કોઇ નથી. એવી રીત આ વિષયની છે. એક અંગ વર્ષો સુધી એક જ પ્રકારની ક્રિયા કરતું હોય, એના સ્નાયુઓમાંના અમુકનું જ સવિશેષ આકુંચન–પ્રસારણ થતું હોય તો તેનાથી વિરુદ્ધ કે ભિન્ન વર્તન કે ક્રિયા કરવામાં, ત્યાંસુધી નિષ્ક્રિય કે અલ્પક્રિય રહેલા અન્ય સ્નાયુઓનું આકુંચન-પ્રસારણ શરૂઆતમાં નિષ્ફળ કે અપૂર્ણ જ નીવડવાનું. આમાં અમુક સ્નાયુઓનું 'અક્કડપણું' દોષપાત્ર નથી, પણ એ અંગના સમગ્ર સ્નાયુસમુદાયની એકધારી કેળવણીનો અભાવ જ કારણરૂપ છે. જેમ હથેળીમાં શિવલિંગ રાખીને અદ્ધર હાથ રાખનાર બાવાઓનો હાથ સુકાઇ જતો દેખાય છે, તેમ ઉપરના દૃષ્ટાન્તમાં અમુક નિષ્ક્રિય રહેતા સ્નાયુઓ 'જડ' સૂકા થઈ જાય છે. વ્યાયામનો ઉદ્દેશ સમગ્ર સ્નાયુસમૂહને એકધારી રીતે કેળવવાનો છે. એક અંગના ભોગે બીજાં અંગોની કેળવણી થાય એને વ્યાયામ ન કહેવાય: એ તો કેવળ શારીરિક શ્રમ છે. અને પ્રત્યેક પ્રકારનો શ્રમ એટલે 'વ્યાયામ' એવું હું માનતો નથી.

વ્યાયામથી જડતા આવે છે, એવી હાસ્યાસ્પદ માન્યતા ધરાવનારા જો પાવલોવા, નટરાજ નીજિંસ્કી, ઉદયશંકર જેવા નટસમુદાય, કૅારપેંટ, ગ્રીફો, ડેમ્પ્સી, ટન્નુની જેવા બૉક્સર, ગુલામ, ગામા, ઇમામબક્ષ, ઝિબિસ્કો, હૅકેન્સ્મીટ, આબર્ટ, ફાર્મર બર્ન્સ જેવા કુસ્તીબાજ કે ગોરનર, કેડીન, રેગ્વાલે, સ્ટીનબૉર્ન, સેક્સન, પુલમ જેવા વેઇટલિફ્ટરોની અદ્ભુત ચપળતા જુએ તો તેમની છાતી જ બેસી જાય. એ પ્રત્યેકનાં અંગોની સંપૂર્ણ ખીલવણી અને શ્રમસહતા એટલી તો લોકોત્તર છે કે તેલ કાઢે તેવો શ્રમ કરતી વખતે પણ એમની ચપળતા અને સ્વાભાવિકતા રજ પણ ઓછી થતી દેખાતી નથી. એ જ સદ્વ્યાયામની કસોટી છે. જડતા કે તંદ્રા તો અતિશય આહારથી, શ્રમના પ્રમાણમાં પૂરતો આરામ ન લેવાથી કે બિનજવાબદાર જીવન-વ્યવહારથી આવે છે. ઘોરતા કે ઝોકાં ખાતા વ્યાયામોપાસકોની વાત બાજુએ રાખીએ તો ભારે મિષ્ટાન્ન આરોગીને કે અતિશય આહારથી ઘેનમાં જડ થતા ભલભલા વિદ્વાનો, સાક્ષરો કે શિક્ષકગણ ક્યાં આપણે ઓછા જોઇએ છીએ? છતાં આ બધા યે મહાપુરુષો વ્યાયામનો વાંક કાઢે છે! કોને કહેવું?

ઘડપણમાં આવી ગતિ તો બધાયની છે. એમાં વ્યાયામ કરનારાઓમાં ખાસ વધારે શિથિલતા દેખાય છે એનો કંઇ પણ આધાર નથી. કારણ વ્યાયામ એ કાંઇ નિસર્ગવિરુદ્ધ ક્રિયા નથી; પણ જન્મથી જ માણસ શરીરના સુઘટિત સંચાલનને ભૂલી ગયો છે તે શીખવનાર, અંગોને પ્રકૃતિની રીતે જ પરસ્પર સહકારથી સુચલન શીખવનાર અપૂર્વ નૈસર્ગિક સાધન છે. એનાથી શિથિલતા શી રીતે આવે?

સ્ત્રીશરીરની ચર્ચા કરવાનું આ સ્થળ નથી. પણ જેમણે પહાડી ભીલણો તેમજ ગામડાની તથા શહેરની મજૂરવર્ગની સુદૃઢ અવસ્થાવાળી અને સુઘટિત અવયવોવાળી સ્ત્રીઓને જોઇ છે, તેમને આવા આક્ષેપની બાલિશતા સમજાશે. સ્ત્રીઓનાં શરીર કોમળ હોવાં જોઇએ—કોમળ એટલે નિર્બળ—આવો અર્થ સ્ત્રીઓની

સુકુમારતા વિષે આજકાલ અભિપ્રેત હોય છે. પરંતુ એવો અભિપ્રાય કેવળ મૂર્ખતાસૂચક છે. પ્રકૃતિમાં તો નર અને માદા ઉભય સશક્ત, સરખાં કઠોર અને શ્રમસહ તથા સંપૂર્ણ રીતે વિકાસ પામેલાં શરીરવાળાં હોય છે. માદામાં શિથિલતા કે અસહાયતા જોવામાં આવે તો તે પ્રજનન કાર્ય પૂરતી જ. પશુપંખીમાં ઘણે ભાગે તો નર કરતાં વધારે બળવાળી અને તીખા મરચા જેવી કઠોર અને ઉગ્ર સ્વભાવવાળી માદા જ હોય છે. શિકારીઓ બાજની માદાને જ કેળવે છે; સિંહ અને વાઘમાં માદા જ ભલભલાનાં ગાત્ર ગાળી નાખનારી નીવડે છે; સર્પાદિમાં પણ માદા જ પરાક્રમી દેખાય છે. તો પછી મનુષ્યવર્ગમાં માદા–સ્ત્રી–નું આવું, આપણે કલ્પીએ છીએ તેવું નિર્બળ શરીર ઘડવામાં શું પ્રકૃતિની ભૂલ હશે? નહિ જ. દોષ મનુષ્યોનો પોતાનો છે. આજના જમાનામાં સ્ત્રીઓના શારીરિક સૌંદર્ય પ્રત્યેની દૃષ્ટિ વિકારમય અને ઉપભોગની લાલસાથી કલુષિત બનેલી છે. લાલસાની પોષક સ્ત્રીમાં કોમળતા અને શરીરમાર્દવની કલ્પના પણ કેવળ કૃત્રિમ છે. પ્રકૃતિના ઓજે તો સ્ત્રી જેટલે અંશે નિર્બળ તેટલું તેનું સ્ત્રીત્વ—પ્રાણીપણું ઓછું. સ્ત્રીના અંગોનું હલનચલન પશુઓની માદાની પેઠે સ્વાભાવિક જ થાય છે. તેથી પ્રજનન પૂરતું માદાના શરીરનું નરશરીરથી ભિન્નત્વ છે, એટલું જો ધ્યાનમાં રહે તો સ્ત્રી, સુસહતશરીર ઘડવા માટે કોઇપણ પ્રકારનો વ્યાયામ સરળતાથી નિઃશંકપણે કરી શકે છે. આઠઆઠ મહિનાનો ગર્ભ ધારણ કરનારી પાશ્ચાત્ય રમણીઓએ પુરુષોથી પણ અશક્ય એવા કેટલા યે તરવાના રેકૉર્ડ તોડ્યા છે. સુવાવડની આડી રાતે રજ પણ બાધા સિવાય ખેતરમાં ઊભો મૉલ લણનાર અને આખી રાત પાણત કરનાર ખેડુત સ્ત્રીઓ અને મજૂરવનિતાઓ સંપૂર્ણ અવયવવાળાં તંદુરસ્ત બાળકોને અત્યંત સરળતાથી જન્મ આપે છે. ભરઉનાળે બાવળ કે રાયણનાં ઝાડ પર ચઢીને ઇંધણાં ફાડનાર સ્ત્રીઓની પ્રજનનશક્તિમાં સહેજ પણ ક્ષતિ આવતી દેખાતી નથી. એવા શ્રમથી સ્ત્રીત્વના કોઈપણ અંશનો હ્રાસ થતો નથી. ઊલટું, એમનું સ્ત્રીત્વસૂચક અંગલાલિત્ય સંપૂર્ણ રીતે ઘડાઇને સચવાઇ રહે છે. સ્ત્રીત્વ નાશ કરનારૂં કાંઇ હોય તો તે યોગ્ય શરીરશ્રમનો અભાવ અને આજના વિકૃત જીવનની કૃત્રિમ જીવનચર્યા તથા માર્દવની ભૂલભરેલી માન્યતા.

# સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય



વ્યાયામ અને મર્દાની રમતોનો શોખ કેળવી, નિર્બળતા અને નપુંસકતાના પંકમાંથી ગૂજરાતના યુવાનોના ઉદ્ધાર અર્થે નિઃસ્વાર્થપણે જે પ્રગતિમતી સંસ્થાઓ આજે કામ કરી રહી છે, તેમાં કાઠિયાવાડ વ્યા. પ્ર. મંડળ ઉચ્ચ સ્થાન ભોગવે છે. આ મંડળનાં સાંવત્સરિક વ્યાયામસત્રોમાં વિજયમાળ પહેરવી, એને કાઠિયાવાડી અને બીનકાઠિયાવાડી વ્યાયામપ્રિય યુવકો મહદ્ ભાગ્ય માને છે. આવા એક ભાગ્યશાળી યુવાનનો પરિચય આ ઉપરના ચિત્રથી થશે. ચિત્રવાળા ભાઇ કેકી ગઝદરે આ મંડળના '૩૨–'૩૩–'૩૪નાં વર્ષોનાં ત્રણે વ્યાયામસત્રોની, દસ માઇલની ફાસ્ટ સાઇક્લિંગની શરતમાં; કાઠિયાવાડના અને બહારના (अ) ધંધાદારી અને (आ) શોખીન હરીફોના બંને વર્ગોમાં પ્રથમ સ્થાન મેળવી, આ વિષયના 'એક-મલ્લ' (Champion)નું ગૌરવભર્યું બિરુદ મેળવ્યું છે. આ શરતમાં દસ માઇલનો પંથ માત્ર ૩૫ મિનિટ ૧૫ સેકંડમાં કાપીને એમણે પુરુષાર્થની પરાકાષ્ઠા દર્શાવી છે. એમનો પોતાનો જ આગલા વર્ષનો ૩૫ મિ. ૫૨ સે. નો રેકૉર્ડ પણ આ વરસે એમણે જ તોડ્યો છે. વીસ વરસની ખીલતી જુવાનીવાળા આ પારસી યુવાન ભાઇ ભાવનગરના વતની અને ત્યાંની શામળદાસ કૉલેજના વિદ્યાર્થી છે. એમની કૉલેજની એક માઈલની ફાસ્ટ સાઈક્લિંગમાં પણ તે આ વરસે 'એકવીર' વરાયા છે. —હ. આ.

# અંતરીક્ષના ધાડપાડુ



(અનુસંધાન પૃ. ૪૮ થી)

અને એણે વિમાનમાં કોથળા નાખ્યા. પછી એ બંદૂકધારી વિમાન પર ચડયો અને ટબને દૂર હટવાનો હુકમ થયો. વિમાનમાં બેસતાં પેલાએ અટ્ટહાસ્ય કરી ઉમેર્યું: 'વળી પાછી અમારી ખરચી ખૂટશે એટલે મળીશું, હં દોસ્ત! હા! હા! હા! હા! હા! બિચ્ચારો!'

વિમાનીએ વિમાન ચાલુ કર્યું અને સુસવાટા કરતું વિમાન અંધકારમાં અદૃશ્ય થયું.' બેટ્ટાઓ! ફરીથી જરૂર મળીશું; પણ હવે તમે ધારો છો એવી રીતે નહિ.' ટબ બબડયો અને ક્ષિતિજના જે બિંદુમાં તે અદૃશ્ય થયું હતું ત્યાં ક્રોધથી બળતો તે કયાંય સુધી જોઈ રહ્યો.

એ વિમાન પોતે પહેલાં કયાં જોયું હશે? ધુમાડાના ગોટા જેવું, માંડમાંડ આકાર આપી શકાય એવું, પેલું, સ્મૃતિમાં કાંઇ ઊંડુંઊંડુ છૂપ્યું છે. પણ અરે! તે અહીં પ્રકાશમાં કેમ આવતું નથી? પેલું...પેલું કાંઈક, પણ શું?

વિચારમગ્ન ટબની તંદ્રા શ્વાસભેર દોડતા આવતા કેટલાક ખેડૂતોએ ઉડાડી. એ બધા એને મદદ કરવા માટે જ આવતા હતા, પણ જરા મોડા થયા હતા. ટબે એ લોકોને વસ્તુસ્થિતિ ટૂંકમાં સમજાવી અને પોતાની પાસે બાકી વધેલી ટપાલ નજીકના રેલવે સ્ટેશને પહોંચાડવા તેઓની મદદ માગી. એમાંના એક જણે એ માટે પોતાની મોટર આપવાનું કહ્યું અને બાકીનાઓએ એ ભાંગેલું ઍરોપ્લેન ટબ જઇ આવે ત્યાં સુધી સાચવવાનું માથે લીધું.

લગભગ પોણા કલાક પછી ટબ પોતાના ઉપરીને આ સમાચાર ટેલિફોનથી આપી શકયો. ઉપરીએ હુકમ આપ્યો, 'હાલ તમે એ ભાંગેલું જહાજ સંભાળો હમણાં જ તમને લેવા માટે બીજું જહાજ મોકલું છું તે સવાર થતાંમાં તમને મળશે. એ પહેલાં, અહીં પહોંચો ત્યાંસુધી તમારે કોઇની પણ સાથે આ વિષય પર કાંઇ પણ વાત કરવાની નથી.'

બીજે દિવસે દસ વાગતાં ટબ પોતાના ઉપરીની ઑફિસમાં દાખલ થયો. તેણે જોયું કે ત્યાં એ ઉપરી ઉપરાંત બીજા સરકારી અમલદારો પણ તેની રાહ જોતા બેઠા હતા. ફરીથી એણે ગઇ રાતનો આખો ઇતિહાસ કહ્યો અને એ છૂપી પોલિસનાં માણસોએ પૂછેલા અસંખ્ય પ્રશ્નોના જવાબ આપ્યા. બે કલાક પછી એ લોકો કાંઇપણ મત બહાર પાડયા વિના ચાલ્યા ગયા. પણ તેઓની ઠંડી વર્તણૂકથી ટબને સ્પષ્ટ સમજાયું કે તેઓએ દોરેલી શકદારોની લાંબી નામાવલિમાં પોતાનું પણ નામ હતું! ટબના મગજમાં આ વિચારો બહુ જોશભેર ઘૂમી રહ્યા હતા, એવામાં કાંઇ અદ્ભુત ત્વરાથી એની સ્મૃતિની એક અંધારી ગુફામાં પ્રકાશ થયો, અને પેલા લૂટારાઓએ વાપરેલું વિમાન પોતે પહેલાં કયાં જોએલું એ તેને યાદ આવ્યું.

તે દહાડે પોતાને રજા હોવાથી પોતે ઇસ્ટફીલ્ડમાં ગયો હતો. આસપાસનાં ગામડાંના કેટલાક રોંચાઓ અજાણ્યા વિમાનને વીંટળાઇ વળ્યા હતા, અને પેલો ગડીઓ ક્લૅાટન તે ઉડાડતો હતો. પણ એ વખતે તો એ જહાજ બાઇપ્લેન હતું. એનું નામ . . . 'સી. વી. ઝેડ' કે એવું કાંઈ હતું. બરાબર! એની રચના જ એવી હતી કે પાંખોની નીચલી જોડી કાઢી નાખતાં તરત તે મૉનોપ્લેનમાં ફેરવાઇ જાય; ને તે માટે જ એમાં પાંખોને બાંધવા માટે તારને બદલે ધોકા વાપર્યા હતા, જેથી બાઇપ્લેનમાંથી મૉનોપ્લેન કરવામાં વધુ વખત જાય નહિ.

બસ! ટબે તરત જ પોતાનો ભવિષ્યનો આખો કાર્યક્રમ ઘડી કાઢયો અને પાસે બેઠેલા ઉપરીને તે સમજાવ્યો.

'આમ જુઓ, સાહેબ!' પોતાના નિશ્ચયના જોર તળે જાણે ટેબલને પીસી નાખતાં તે બોલ્યો: 'મેં એ વિમાન કયાં જોએલું તે મને બરાબર યાદ આવ્યું છે.' અને તેણે પોતાની સ્મૃતિની આખી સાંકળ રજૂ કરી. પછી તેણે આગળ ચલાવ્યું: 'હવે મને લાગે છે કે હું એ લોકોને જરૂર સપડાવી શકીશ. મારી યોજના એવી છે કે તમારે પહેલાં તો મને નોકરી પરથી બરતરફ કરવો! નહિ; નહિ તમે એમ દિલગીર ન થાઓ. જુઓ, મને સંપૂર્ણ શ્રદ્ધા છે. એ પછી કલીવલૅન્ડમાં આપણું પેલું લાયર્ડ વિમાન પડયું છે તે હું વાપરીશ. અને તે લઇને ઇસ્ટફીલ્ડમાં ધામા નાખીશ. ગમે તેમ કરીને હું એ ટોળીમાં ભળીશ, ને કદાચ એમ નહિ બની શકે તો છેવટ એ લોકોની હીલચાલ તો હું તપાસી શકીશ. અને જો કદાચ તેઓ બીજી કોઇ પેરવીમાં હશે તો એની પાછળ પણ હું પડી શકીશ. આપણી પાસે કલીવલૅન્ડમાં પેલો વાયરલેસનો સેટ છે તે પણ હું સાથે જ રાખીશ, એટલે

જો એ લોકો બીજું કાંઇ પરાક્રમ કરવાના પ્રયાસમાં હશે તો તરત પકડી શકાશે.'

ટબની આવી લાંબી નોકરી પર બરતરફીની કાળી છાપ મારી એના ચારિત્ર્યને દુષિત કરવાની એ ઉપરીની જરા પણ ઇચ્છા ન હતી, પણ ટબને પોતાની યોજના ઉપર એવો સંપૂર્ણ વિશ્વાસ હતો કે છેવટે તે પણ તેમાં સંમત થયો, અને બીજે દિવસે એ સમાચાર છાપાએ દેશના બંને કિનારા સુધી પહોંચાડી દીધા.

ત્રણ દિવસ પછી ઇસ્ટફીલ્ડના સહેલાણીઓએ એક લાયર્ડ પ્લેનને ઊતરતું જોયું ત્યારે બધા મોઢાં વકાસી રહ્યા! જે બેદરકારીથી વિમાની એને આમતેમ ફેંકી રહ્યો હતો એના પરથી સામાન્ય અટકળ એ બંધાતી હતી કે તે કોઇ ચરકેલ હોવો જોઇએ. વિમાનો માટેના એ મેદાનથી માત્ર ત્રણ ફૂટ ઊંચે રાખીને એણે વિમાનને સોંસરવું ચલાવ્યું અને પછી લો કોઇ અજબ વળાંક લઇ તે પાછું અદ્ધર ગયું. એ પછી જમીનથી માત્ર સો એક ફીટની ઊંચાઇએ એણે ગુલાંટીઉં ખાધું અને ચક્કર ચડે એવી અનેક ડૂબકીઓ મારી. માણસો એ ચક્રમ કોણ હશે એની અટકળ બાંધતા કેટલો યે વખત ઊભા રહ્યા અને એની એકેએક ડૂબકી એમનામાં વિસ્મય ઉપજાવતી, એ બધાંનાં લોહીને થંભાવી દારી રહી. ગરમ લોહી માત્ર ત્યાંના એક પોલીસ ઇન્સ્પેક્ટરનું થઇ રહ્યું હતું. વિમાની કાયદાની ચોપડીમાંની બધી કલમોનો એક સપાટે ભુક્કો ઉડાવનાર એ ચરકેલને ડાહ્યો બનાવવા તે અનેક જવાબો કાઢતો આમથી તેમ દોડી રહ્યો હતો!

જેવો ટબ નીચે આવ્યો અને વિમાનને ઊભા રહેવાની જગ્યા તરફ દોડાવી ગયો એવો જ એ ઇન્સ્પેક્ટર એના પર ઊતરી પડ્યો. ટબે આગળથી જ ધાર્યું હતું તે મુજબ એણે એનું લાઇસન્સ માગ્યું, જે ટબે બતાવ્યું. પણ એટલેથી સંતોષ ન પામતાં ઇન્સ્પેક્ટરે એને સંભળાવ્યું કે 'તમારે હવે પછી જહાજ ન ઉડાડવું એવો હું હુકમ કરું છું.' બદમાશ તરીકેની પોતાની છાપ સજ્જડ પાડવા માટે ટબ આવા હુકમની રાહ જ જોતો હતો. એણે પણ ઇન્સ્પેક્ટરને સુણાવી દીધું: 'ના. જી, વૉશિંગ્ટનથી મારું લાઇસન્સ રદ કરાવવાનો હુકમ મેળવીને પછી જ આવજો! જનાબ, ત્યાં સુધી હું તો મારે ફાવશે ત્યાં અને ફાવશે તેમ ઉડાડીશ. અને તમારી કે તમારા આખા ખાતાની મગદૂર નથી કે મને અટકાવી શકો. આ જહાજનો હું માલિક છું અને એનું હું ગમે તે કરી શકું છું; સમજ્યા, મારા સાહેબ?'

બીજી વધારે રકઝક કર્યા વગર ટબ વિમાનમાંથી ઊતરી એ મેદાન બહાર ચાલ્યો ગયો. મેદાનમાં કેટલાંકવાર એ કડક વિમાની ચર્ચાનો વિષય થઇ પડ્યો; અને કેમ નહિ? એણે એક ઇન્સ્પેક્ટરની પણ ચાટ પાડી નાખી! ટબને ખાત્રી હતી કે પેલી ટોળીમાં જરૂર સમાચાર પહોંચશે કે એક નવો 'દાદો' ગામમાં દાખલ થયો છે. દરમ્યાન ટબે ગામમાં જઇ ગરીબ લત્તાઓમાં એક સોંઘા ભાડાની કોટડી ભાડે રાખી લીધી અને પછી એ અજાણ્યું વિમાન જે ત્યાં જ રાખવામાં આવતું હતું એમ એને ખાત્રી હતી એની બાતમી લેવાના પ્રયાસમાં પડ્યો.

એક સાંજે ટબ એ ઇન્સ્પેક્ટરને ઘેર જઇ એને મળ્યો. ઇન્સ્પેક્ટરને ટબની તે દિવસની ઉદ્ધતાઇ હજુ પણ ખટકતી હતી. પણ જ્યારે ટબે એને વિગતવાર પોતાનું કાર્ય સમજાવ્યું ત્યારે તેણે પોતાનાથી બનતી મદદ આપવા વચન આપ્યું, એટલું જ નહિ પણ એક વખત ફરીથી એવું જ નાટક ભજવવાની પણ એણે ટબને છૂટ આપી.

અને હવે ખરેખરા કંટાળાનો સમય આવ્યો. કેટલાં યે અઠવાડિયાં ટબને રાહ જોવી પડી. ટબને જાણે એમ જ લાગવા માંડ્યું કે એ લોકો ફરીથી કોઇ હુમલો નહિ જ કરે. છતાં યે એને એટલી ખાત્રી તો હતી જ કે ફ્રાન્સની બનાવટનું એક બાઇપ્લેન જે ત્યાં મેદાનમાંના એક ભાડે લીધેલા તબેલામાં રાખવામાં આવ્યું હતું એ જ એ લુટારાઓએ વાપરેલું. એણે બહુ જ કાળજીપૂર્વક એને તપાસી જોયું હતું. એની પાંખોની નીચેની જોડી કાઢીને પાછી નાખી શકાય એવી હતી. તેમ છતાં અહીં મેદાન પર તેને કદી પાંખોની એક જોડી પર ઉડાડવામાં આવતું નહિ. એના માલિક કોણ હશે એ કોઇને ખબર ન હતી. તેઓ ક્યારેક જ દેખાતા. માત્ર ભાડા વગેરે ખર્ચનાં નાણાંનો ચેક દર માસની પહેલી તારીખે નિયમિતપણે વાયુયાન ઑફિસ પર આવી જતો. પણ ટબે એટલી ખાત્રી કરી કે એ લૂટની રાત્રે એ વિમાન ત્યાં મેદાનમાં નહોતું, અને તેથી એની માન્યતા દૃઢ બની કે એના માલિકો જ એ લૂટારા હતા.

એક સાંજે લગભગ છ વાગ્યે ટબ મેદાનમાં ટહેલતો હતો, એવામાં તેણે જોયું કે સી.વી.ઝેડ.ને તબેલામાંથી

બહાર સ્ટૅન્ડ પર લાવવામાં આવ્યું હતું અને એનું એન્જિન ચાલુ કરવામાં આવ્યું હતું. કદાચ કાંઇ તૈયારી હોય! તરત ટબ પોતાના તબેલામાં ગયો. લાયર્ડને તો ચોવિસે કલાક તૈયાર જ રાખવામાં આવતું હતું, એટલે એને બહાર આણવાનો ત્યાંનાં માણસોને હુકમ કરી પોતે એ દરમિયાનમાં પોતાનો વિમાની પોશાક પહેરી લીધો. દોડતો તે વિમાન પર ચડ્યો અને એન્જિન બરાબર ગરમ થયું ન થયું ત્યાં તો વિમાનને જેવું તેવું દોડાવીને એણે હવામાં ખેંચી લીધું.

એ બીજું વિમાન પશ્ચિમ તરફ જવાનો વધુ સંભવ હતો. એટલે ટબે પોતાનું વિમાન શરૂઆતમાં પૂર્વ તરફ લીધું. થોડી વારમાં તે નવ હજાર ફૂટ ઊંચે ચાલ્યો ગયો ને તરત એટલી જ ઊંચાઇએ તે તરત મેદાન તરફ ફર્યો. પોતાના નાજુક વિમાનને હવે કોઇ જોઇ શકે એમ નહોતું પણ પોતે નીચે ઊડતા વિમાનને જોઇ શકે એમ હતો. એટલે હવે તેણે નીચેના વિમાનની ચોકી કરવા અહીં ચક્કર લેવા માંડ્યાં.



થોડી વારે તેણે એક વિમાનને જમીન પર દોડતું જોયું. નીચેની લીલી હરિયાળી પર એક સફેદ ટપકા જેવું તે લાગતું હતું. તે જ સી.વી.ઝેડ. હોવું જોઇએ. પણ ખાત્રી કરવા તેનાથી નીચે ઊતરી શકાય તેમ નહોતું. જો એનો પત્તો મેળવવો જ હોય તો તેનાથી અદૃષ્ટ રહેવું એ ખાસ જરૂરનું હતું. એ બદમાશો શરૂઆતમાં તો ખૂબ સાવચેત રહે; એટલે જો ચેતી જાય તો બધી બાજી બગડી જાય એમ હતી.

હવે એ વિમાન જમીનથી અદ્ધર થયું અને જેવું તે નૈઋત્ય તરફ ઊડ્યું તેવી જ ટબને આનંદની ઝણઝણાટી આવી ગઇ! અને પછી એ મેદાનની વાયુયાન ઑફિસની દૃષ્ટિની બહાર ગયું હશે એટલે એ વિમાને સીધો પશ્ચિમ તરફનો રસ્તો લીધો. હવે ટબને લાગ્યું કે જગતની દૃષ્ટિ આગળ પોતે સહન કરેલું અપમાન, પોતાની કલંકિત દેખાતી કારકીર્દિથી મિત્રોને ઉપજેલી ગ્લાનિ, એ બધાં લેખે લાગ્યાં છે.

વિમાન કાંઇક ઠીક ઠીક રસ્તે પડ્યું એટલે ટબે જરા નીચા વળી એક ખેંક ઉઘાડી નાખી. એક ગોળ નળાકારને ફરતો જાડો તાર વીંટેલો હતો અને એ તારને બીજે છેડે સીસાનું એક મણ જેટલું વજન બાંધવામાં આવ્યું હતું. ખેંક ખૂલતાં એ વજનના બળે આખો તાર ગાજતો ઊખળ્યો અને પાછળ વાયરલેસના સંદેશા મોકલવાનું એન્ટેના બની રહ્યું! બસ, હવે પોતે ફાવે તે સંદેશા મોકલી શકે એમ હતો. પછી એણે વિમાન સર્વિસના ન્યૂ યૉર્ક સ્ટેશનને બોલાવવા માંડ્યું, કેમકે તે જાણતો હતો કે ત્યાં ચોવીસે કલાક એક માણસને રાખવામાં આવે છે. થોડીવારમાં એને જવાબ મળ્યો. ટબે તેને સંપૂર્ણ માહિતી આપવા માંડી તેમજ ખાતાના વડાને હોશિયાર રહેવાનું કહેવડાવ્યું.

હવે નીચેનો પ્રદેશ ઝપાટાબંધ બદલાવા લાગ્યો. કિનારા પરના પ્રદેશને બદલે હવે નાનાં જંગલોવાળા ટેકરા પસાર થતા હતા અને થોડા વખતમાં બંને વિમાનો પૂર્વ પેન્સિલવેનિયાના ભયવાળા પ્રદેશમાં ઊડી રહ્યાં હતાં.

ઘણે જ દૂર છૂટાંછવાયાં વાદળાં આવી રહ્યાં હતાં. થોડી મિનિટો પછી તે હવે ટબની નીચે દોડતાં જવા માંડ્યાં. એમાં વચ્ચે આવતા ગાળામાંથી તે નીચે ઊડતા જતા સી.વી.ઝેડ.ને જોઇ શકતો હતો. પણ થોડી જ વારમાં પાછાં વાદળાં આડાં આવી જતાં અને એની ને સી.વી.ઝેડ.ની વચ્ચે એ સફેદ ઊન જેવી વરાળનો પડદો આવી જતો. લાંબો સમય આ સ્થિતિ ચલાવી શકાય એમ નહોતું. એટલે પેલાઓની નજરે પડવાના જોખમે પણ એ વાદળાંઓથી નીચે જ જવાનું તેને સલાહભરેલું લાગ્યું; કેમકે ક્યાંક પેલા જ જો અદૃશ્ય થઇ જાય તો બધી મહેનત નિષ્ફળ નીવડે એમ હતું. આ વિચાર આવતાંની સાથે જ ટબે વિમાનને નીચે ઝોકાવ્યું. વિમાન વાદળમાં પ્રવેશ્યું અને ટબે એને એવી ઝડપ આપી કે એના સળિયેસળિયા ગાજી ઊઠ્યા! જાણે અંધકારના મહાસાગરમાં પોતે ડૂબી ગયો હોય એમ એની આંખો ત્યાં નકામી થઈ પડી ને જેમજેમ વાદળાંમાં ઊંડો ઊંડો તે જતો ગયો તેમતેમ અંધકાર વધતો ગયો. ધ્રુજાવી દે એવી ભેજવાળી ઠંડી વ્યાપી ગઇ. પછી કાંઇક અંધકાર ઘટ્યો ને અણધારી ત્વરાથી નીચેના પર્વતનું સુંદર દૃશ્ય તેણે જોયું. ઉપર વાદળાંઓની પોણો માઇલ જેટલી જાડી ચાદર રહી ગઈ હતી.

હવે લગભગ સાત વાગ્યા હતા અને વાદળાંઓથી

છવાએલું આકાશ વધુ જલદી અંધકાર લાવી રહ્યું હતું. સી.વી.ઝેડ. આથે માત્ર એક ટપકા જેવું જ દેખાતું હતું. ટળે હવે પોતાના વિમાનની ઝડપ છેલ્લી હદ સુધી વધારી; કેમકે જો એને નજર બહાર ન જવા દેવું હોય તો દેખાવાનો ભય મૂકી દેવો જોઇએ. વળી ટળને એમ પણ લાગ્યું કે એ લોકો ગમે ત્યાં જવાના હોય, છતાં હવે ઘણા દૂર આવ્યા હોવાથી કાંઇક બેદરકાર પણ રહેશે. અને અત્યાર સુધીમાં કોઇએ પોતાનો પીછો પકડ્યો છે એમ એ લોકો જાણતા હોય એવું કાંઇ ચિહ્ન દેખાતું નહોતું.

નીચેથી પસાર થતા પ્રદેશનું બારીક અવલોકન કરતાં તેને જણાયું કે હવાઇ ટપાલના રસ્તાની સમાંતર જ તેઓ ચાલ્યા જતા હતા; માત્ર વીસેક માઇલ છેટે ચાલતા હતા એટલું જ. અને જો કોઇ ગુનો કરવાના હેતુથી ન જતું હોય તો એ વિમાન એવા પર્વતોવાળા રસ્તા પર ઊડવાનું જોખમ ન લે. કારણકે થોડે જ દૂર સપાટ મેદાનો તેમજ જરૂરને પ્રસંગે નીચે ઊતરવાની સારી સગવડોવાળો ટપાલી જહાજોનો રાહદારી રસ્તો ચાલ્યો આવતો હતો.

ટળના વિમાનની ઝડપી ગતિને લીધે તે સી.વી.ઝેડ.ની તદ્દન નજીક આવી ગયું હતું. હવે તેણે એને આગળના વિમાનથી હજારેક ફૂટ નીચેની સપાટીએ રહેવા દીધું. લાયર્ડનો ઘેરો ભૂરો રંગ નીચેના પર્વતોના પડછાયા સાથે મળી જતો હતો, એટલે લુટારાઓ તેને જોઇ શકે તેમ નહોતા. પણ એ લોકોની એક માઇલ પાછળ ઊડયો આવતો ટળ સી.વી.ઝેડ.ની ગૅસ નીકળવાની પાછળની નળીમાંથી ધ્રૂજતી આસમાની અગ્નિશિખા જોઇ શકતો હતો; એટલે એને પોતાના માર્ગદર્શક તરીકે રાખીને ટળે આગળ વધવા માંડયું. ઓચિંતી એ જવાળા અટકી પડી અને સી.વી.ઝેડ. પણ થોડીકવાર પછી દેખાતું બંધ થયું!


ઘડીભર ચિંતામાં પડી ગએલા ટળે રાત્રીના અંધકારમાં આંખો ખેંચીને જોવા માંડયું અને એ ન દેખાય ત્યાં સુધી આગળ ન વધવાના હિસાબે સર્પાકારે વિમાનને ઉડાડતાં હવામાં મોટાં લહેરીઆં પાડવા માંડયાં. તે હવાના ઉપલા થરોમાં જ કયાંક અદ્દશ્ય થયું હતું. એ બાબતના સમાચાર હેડ ઑફિસે આપવા તે વાયરલેસ ટ્રાન્સમીટર પર મૂકવા હાથ લંબાવે છે ત્યાં તો નીચેના અંધારા ટેકરાઓ ઉપર સર્ચલાઇટના પ્રકાશની બે શેડ પથરાઇ રહેલી તેણે જોઈ. વિમાન ઉતારવા માટેનો જ એ પ્રકાશ હતો. જરૂર. સી.વી.ઝેડ. એ પર્વતોની વચ્ચે છુપાએલા કોઇ મેદાનમાં ઊતરતું હતું. રખે પોતાની મોટરનો અવાજ એ લોકોને ચેતાવી દે એ ભયે ટળે પોતાનો રસ્તો બદલ્યો, વિમાનની ઝડપ હવામાં અદ્ધર રહી શકાય એટલા પૂરતી જ રાખી અને ત્યાંથી થોડે દૂર જઇ કુંડાળાં લેવા માંડયાં. અને સાથોસાથ એણે હેડ ઑફિસે સમાચાર મોકલી દીધા કે 'સી.વી.ઝેડ. ઊતરી ગયું છે પણ હું ચોકી રાખતો ઊભો છું.'

ઘણીવાર થઇ અને ટળને ચિંતા પેઠી કે કદાચ તે વિમાન પાછું ઉપર નહિ આવે, એવામાં પાછું એ આખું મેદાન પ્રકાશથી તરબોળ થઈ ગયું. સી.વી.ઝેડ. પાછું ઉપર આવતું હતું. ઘણી જ ઝડપથી હવા કાપતું લાયર્ડ સી.વી.ઝેડની વધુ નજીક ગયું. અને વાહ! હવે સી.વી.ઝેડ. બાઇપ્લેન રહ્યું ન હતું. એની પાંખોની નીચલી જોડી દૂર કરી નાખવામાં આવી હતી અને ટળ પર હુમલો લાવનારૂં પેલું મૉનોપ્લેન જ એ થઇ ગયું હતું!

ટળે કંપાસમાં જોઈ ગણતરી કરી લીધી કે તેઓ ઇર્વિન્ગ્ટન તરફ જ જઇ રહ્યા હતા. એ જ ઇર્વિન્ગ્ટન જ્યાં તે પહેલવહેલો લુટાયો હતો! હવે શંકાને સ્થાન જ નહોતું. તરત તેણે તે સમાચાર મોકલી આપ્યા અને સાથોસાથ હથિયારથી સજ્જ થએલાં વિમાનોને બંને બાજુથી આવી ઇર્વિન્ગ્ટન પાસે ભેગાં મળવાનો હુકમ કરવાનું પણ તેણે પોતાના ખાતાના વડાને કહ્યું: પછી તેણે પોતાની ગતિ કંઇક ઓછી કરી નાખી; કેમકે હવે અણીને પ્રસંગે તે લૂટારાઓને ચેતવી દેવા માગતો નહોતો. તેઓ ગુનો કરતાં જ પકડાય એ વધુ ઇષ્ટ હતું.

અરધાએક કલાકમાં તો તેઓ ટપાલનાં વિમાનોના ધોરી રસ્તા પર આવી ગયા અને વિમાનોઓને રસ્તો બનાવતી બત્તીઓ નીચે જમીન પર દેખાઇ. ઉપર આકાશ સ્વચ્છ હતું ને પેલાં વાદળાં, જેમાં તેણે થોડા જ કલાક પહેલાં ઊંડી ડૂબકી મારી હતી તે પાછળ ઘણે દૂર રહી ગયાં હતાં. ઇર્વિન્ગ્ટન માંડ દસેક મિનિટ જેટલું દૂર હશે.

ટળ હજુ સંદેશા મોકલ્યે જ જતો હતો અને કલીવલૅન્ડ તથા ન્યૂયૉર્ક બંને તરફનાં વિમાનોને ત્યાં આવવાની સૂચના આપ્યે જતો હતો. એવામાં દૂર દૂર નીચે મૅગ્નેશ્યમના ઉજ્જવલ પ્રકાશથી ઝળાંહળાં થઇ રહેતું મેદાન જોયું! ખલાસ! બદમાશોએ જરૂર કોઇ ટપાલી જહાજને જખ્મી કર્યું હોવું જોઇએ. હવે બુરખો ધારીને ઊડવાનો



ટબ બરાબર એની સામે જ વિમાન હાંક્યું. જાણે હમણાં જ એ બંને વિમાનો સ મસામાં અથડાઇ બંનેના ફુરચા ઊડી જશે, અને પછી એ બન્ને એક બીજાંને ભેટતાં, સળગતાં, ખૂની ગીધોની માફક નીચે પડશે!

સમય ચાલ્યો ગયો હતો. ટબે લાયર્ડને એ પ્રકાશની દિશામાં હાંકી મૂક્યું. વિમાનના ખીલેખીલા ખળભળી ઊઠે ને એકેએક તાર તંગ થઇ રહે એવી ઝડપથી હવા કાપતો તેની નજીક જવા તે ઊપડ્યો! ભલે પોતાનું વિમાન ભાંગી પડે, પણ હવે વખતસર પહોંચવું જોઇએ!

નજીક આવતાં તે જોઇ શક્યો કે એક ટપાલી જહાજનો પંખો મરડાઇ ગએલો, ભાંગેલો અને સ્થિર ઊભો હતો, અને એવી રીતે શક્તિહીન થએલું તે ધીમેધીમે નીચે ઊતરતું જતું હતું. એની પાછળ પેલું ખૂની સી.વી. ઝેડ. એને પગલે જતું હતું. તરત તેણે લાયર્ડને સી.વી. ઝેડની તરફ હાંક્યું, બાજુમાં બંદૂકને તૈયાર રાખી અને છેવટનો સંદેશો 'ઇર્વિન્ગટન! ઇર્વિન્ગટન! તરત પહોંચો' મોકલી હુમલો કરવા તૈયાર થયો.

જેમ ગીધ પોતાના શિકાર પાછળ જતું હોય એમ સી.વી.ઝેડ. એ ટપાલી જહાજની પાછળ જતું હતું. અને એવામાં અંધકારમાંથી લાયર્ડ ચમક્યું! ટબે બરાબર નિશાન તાક્યું અને સ્થિર હાથ રાખીને બંદૂકની બંને નળી એક સાથે ફોડી. પણ બંને વિમાન ઊડતાં હોય એવી સ્થિતિમાં આબાદ નિશાન લેવું મુશ્કેલ હતું. અને તેનો ઘા અફળ ગયો.

સી.વી. ઝેડે એક ઝોક ખાધો અને તરત તે હવામાં ચડવા માંડ્યું. મરણીઓ થએલો ટબ તેની પાછળ પડ્યો ફરીથી સી.વી.ઝેડ.ની સર્ચલાઇટમાં તેની આંખો અંજાઇ ગઇ અને મશિનગનની ગોળીઓ તેના એન્જિનની પર છૂટવા માંડી. એક ગોળી ગૅસોલીનની ટાંકીને વીંધીને અંદર ગઇ અને અંદરથી ધુમાડાનો ધોધ વહેવા માંડ્યો ટબનું બધું જોર એ ધુમાડામાં હતું. અને હવે એ ખરચી જોતજોતાંમાં ખૂટી જશે જાણી તે નિરાશ થયો. બીજી તરફ બંદૂકમાં ફરીથી કારતુસ નાખવાનો પણ તેને સમય રહ્યો ન હતો. જાણે કુદરત બધી રીતે ટબને પ્રતિકૂળ થવા માંડી હતી.

મશિનગનની ગોળીઓમાંથી છટકવા તેણે વિમાનને સીધી ઉપર ફલાંગ મરાવી. પણ સી.વી.ઝેડ.નો હાંકનાર ઓછો ચાલાક ન હતો. ફરીથી 'ટૉમી'ના મોઢામાંથી તણખો ઝર્યો અને ટબના સાથળમાં એક સખ્ત આંચકો આવ્યો. ગોળી ત્યાં સોંસરવી પેસી ગઇ હતી! આમ એક તરફથી પોતે ઘવાયો અને બીજી તરફથી એનું એન્જિન ખોરાક વગરનું થતું જતું હતું. આ સ્થિતિમાં એવા સશક્ત દુશ્મન સામે શી રીતે થવું? પણ જીવનની પરવા દૂર કરી ટબે પોતાના શરીર ને મનની બધી શક્તિ કેન્દ્રિત કરી. એક પળમાં તેને યાદ આવ્યું કે સી.વી.ઝેડ. નો પંખો લાકડાનો છે. અને એક આબાદ–ભયંકર વિચાર તેને સૂઝયો.

એક ચક્કર મારીને સી.વી.ઝેડ. પાછું જેવું ગોળીઓનો બીજો મારો ચલાવવા આવ્યું તેવું ટબે બરાબર

તેની સાગે જ લાયર્ડને હાંક્યું. જાણે હમણાં જ એ બંને વિમાનો સામસામા અથડાઇ બંનેના ફુરચા ઊડી જશે અને પછી એ બંને એકબીજાંને ભેટતાં, સળગતાં, ખૂની ગીધોની માફક નીચે પડશે! પણ સામેના વિમાનીને જીવન પર એટલો બધો કંટાળો આવ્યો ન હતો! તે મુંઝાયો, ઉતાવળમાં ભાન ભૂલ્યો અને સામેથી ધસી આવતા મરણીઆની બાથમાંથી છૂટવા તેણે વિમાનને નીચે ડૂબકી ખવડાવી. પણ યા કિસ્મત! આ એ.ચિંતો અવાજ શો? હવે જ સામેના વિમાનીને પોતાની ભૂલ સમજાઇ. લાયર્ડની પાછળ વાયરલેસ એન્ટેના તરીકે જાડો મજબૂત તાર લટકતો આવતો હતો અને તેની નીચે વજનદાર સીસાની માછલી હતી. એક ક્ષણમાં, પેલા વિમાનીનું મગજ સમતોલ થાય તે પહેલાં, સી.વી.ઝેડ.ના લાકડાના પંખામાં એ તાર અટવાઇ ગયો અને અસાધારણ ગતિથી ફરતા એ પંખા સાથે સીસાની માછલી કઢંગી રીતે અફળાતાં, એ પંખાના હજારો ટુકડા થઇ ગયા!

હવાને કાપનાર એ પંખો તૂટતાં આગળ વધવું અશક્ય બન્યું, એટલું જ નહિ પણ એ પંખાના દબાણથી મુક્ત થએલી મોટર નિરંકુશ બની, અને સી.વી. ઝેડ.નું આખું ખોખું ખળભળી ઊઠયું. યંત્રના એ ધડધડાટમાં વચ્ચેનો એક મજબૂત સળીઓ તૂટી ગયો. હાથથી બહાર ગયેલું સી.વી. ઝેડ. પહોળાં, ધીમાં, અને છાછરાં ચક્કર લેતું અનેક ગૂંચળાં વળેલી ગોળ સીડી ઊતરતું હોય એમ નીચે જવા માંડયું અને પછી કમકમાં ઉપજાવે એવું ભૂતાવળના હાસ્ય સરખો અવાજ કરતું તે લોઢાં અને લાકડાંનો એક ઢગલો થઇ નીચે જમીન પર પટકાયું!

ટમ હજુ ઉપર જ ચક્કર લેતો હતો. સી.વી. ઝેડ.ને તૂટી પડેલું જોઇ તેણે લાયર્ડને એની પાસે જ ઉતાર્યું. બત્તી ચાલુ જ રાખીને તેણે ફરીથી પોતાની બંદુક ભરી લીધી અને સી.વી. ઝેડના ખંડેર પાસે પહોંચ્યો. અંદરથી દુઃખની ધીમી ચીસો આવતી હતી. તરત તેણે તે બંને લુટારાઓને અંદરથી બહાર કાઢયા. આગળની બેઠકમાં બેઠેલા પાઇલટ સ્લિમને સખત ઇજા થઇ હતી અને પાછળની બેઠકમાં રહેલો ટૉની એ પછાડથી ધ્રુજી ઊઠયો હતો. ધીમેધીમે કાંઇ કળ વળતાં તે બેઠો થયો અને તેણે ટમને ઓળખ્યો.

'ઓહ! તું અહીં કયાંથી?' તે આશ્ચર્યથી બોલી ઊઠયો: 'અને હવે તું શું કરવા માગે છે?'

ટમ હસ્યો: 'જૂના દોસ્તોની મુલાકાતે તો આવવું જ જોઇએ ને? મેં રેડીઓથી બીજાં જહાજોને બોલાવ્યાં છે. તે આવશે ત્યાં સુધી તમારી સામે બેઠો છું. અને પછી તમારી બેકારીનો કાંઇ ઇલાજ કરીશું. તમને વીસ વરસ સુધી કમાવાની ચિંતામાંથી મુક્ત કરાવી દઉં તો?'


હરિકૃષ્ણ વ્યાસ

('બૉય્ઝ લાઇફ'માંની 'ધ ન્ટગ મૅનૉપ્લેન' વાર્તાનો અનુવાદ)

# નવાં પુસ્તકો

**નરમંકા:** લેખક અને પ્રકાશક-તારાચંદ પોપટલાલ અડાલજા, કોઠીપાસે વડોદરા, ૨-૮-૦; **માથાનું દાન:** લેખક અને પ્રકાશક-રમણલાલ સોની, મોડાસા (જિ. અમદાવાદ), ૦-૮-૦; **રામરાજ્ય:** એક વૃદ્ધની વિચારપોથીમાંથી, પ્રકાશક-જયંતીલાલ મોરારજી મહેતા, દેશી રાજ્ય ઑફિસ, નડિયાદ ૦-૨-૦; **ચાલો ભજવીએ:** (ભાગ ૩ જો) લેખક-હરિપ્રસાદ વ્યાસ, પ્રકાશક-ગાંડીવ સાહિત્ય મંદિર, ભાગા તળાવ સુરત, ૦-૮-૦; **પ્રોપ્રાએટરી હાઇસ્કુલ રજતમહોત્સવ સ્મારક ગ્રંથ:** સંપાદક-વિષ્ણુપ્રસાદ ગ. ભટ્ટ, મંત્રી સંપાદક સમિતિ, પ્રકાશક-પ્રાણલાલ ચીમનલાલ ઠાકોર, પ્રોપ્રાએટરી હાઈસ્કુલ અમદાવાદ; **દ્વિરેફની વાતો:** (ભાગ બીજો) કર્તા-રામનારાયણ વિશ્વનાથ પાઠક, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૧-૪-૦; **શ્રી કાલલોકપ્રકાશ:** (શ્રી લોકપ્રકાશ ગ્રન્થ-વિભાગ ૩ અને ૪—કાલલોક તથા ભાવલોક-(મૂળ તથા ભાષાન્તર સહિત): સંપાદક-ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી, પ્રકાશક-શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર, ૩-૮-૦; **વિવાહસંગીત:** રચનાર અને પ્રકાશક-ભાઈશંકર કુબેરજી શુકલ, સ્ટેશન માસ્તર વાંકાનેર જંકશન, ૦-૪-૦; **ગરીબાઇનો ગુનો:** હેન્રી જ્યૉર્જના મૂળ અંગ્રેજી ઉપરથી અનુવાદક-શંકરદત્ત પાર્વતીશંકર શાસ્ત્રી, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૦-૩-૦; **આપણાં સાક્ષર રત્નો:** (ભાગ ૨): લેખક અને પ્રકાશક-નાનાલાલ દલપતરામ કવિ એલિસ પૂલ અમદાવાદ, ૧-૧૨-૦; **મહારાષ્ટ્રનો મહારથી** (અશોક બાલ પુસ્તકમાલાનું પહેલું પુસ્તક): સંપાદકો-રમણલાલ ના. શાહ ને નાગરદાસ ઇ. પટેલ, અશોક પ્રકાશનમંદિર સુરસાગર વડોદરા; **સુખનો સાક્ષાત્કાર** (દિનકર ગ્રંથમાળાનું પહેલું પુસ્તક): લેખક સંતબાલ, પ્રકાશક જમુ રવાણી દિનકર મંદિર સાબરમતી, ૦-૧-૬; શ્રી મહુવા ગાંધી ચૅરિટી ટ્રસ્ટનો સં. ૧૯૮૮-૯૦નો રીપોર્ટ.

બાળવિભાગ



# વીજળી આવી

નગરશેઠ અમદાવાદ જાય ને મુંબઇ જાય. શેઠ લાખોનો વેપાર કરે. શેઠને સોનાનો વેપાર ને રૂપાનો યે વેપાર. શેઠને જુદાંજુદાં કારખાનામાં યે ભાગ. શેઠની કમાણીનો ક્યાં ય પાર નહિ.

વીજળીના કારખાનામાં શેઠે ભાગ રાખ્યો. શેઠને ઠીકઠીક કમાણી થઇ. વિચાર થયો કે આપણા ગામમાં પણ વીજળીનું કારખાનું નાખીએ.

શેઠને વિચાર આવ્યો પછી તેને અમલમાં મૂકતાં કેટલી વાર? શેઠે વીજળીના ઇજનેરને બોલાવ્યો. ઇજનેરના બતાવ્યા પ્રમાણે એન્જિન મગાવ્યું, ડાઇનેમો મગાવ્યો. દરબારે શેઠને વીજળીનું કારખાનું નાખવાનો પરવાનો આપ્યો.

શેઠે ગામમાં વીજળીના દીવા દીધા. દરબારગઢમાં વીજળીના દીવા આપ્યા, ગામની દુકાનોમાં પણ વીજળી આવી ને અમલદારોનાં ઘરમાં યે વીજળી આવી. ગામના પટેલને ઘેર પણ વીજળી આવી.

પટેલને ઘેર ગામના લોક રોજ ભેગા થાય. કણબી આવે, કોળી આવે, કુંભાર આવે, લુહાર આવે, સઇ આવે, સુતાર આવે, રબારી ને ભરવાડ આવે, મંદિરનો પૂજારી પણ આવે ને ગામના ઢેઢનો મુખી પણ આવીને જરા આઘેરો બેસે. વીજળીના દીવા જોઇને સૌ રાજીરાજી થઇ ગયા.

પટેલને ઘેર ડાયરામાં સૌ વાતો કરે: 'નગરશેઠ પણ એક માનવી છે ને! એમ તો આપણે ય માનવી ને ઇ યે માનવી. પણ માનવી માનવીમાં યે ફેર છે ને! નગરશેઠ જેવા માનવીએ તો આપણા ગામને અજવાળ્યું. આકાશની વીજળીને જમીન ઉપર ઉતારી, ને સંચામાં પૂરી ઘેર ઘેર દીવા કરવા મોકલી. આપણાથી એવું કાંઇ થાય? કબીર કહી ગયા છે કે માણસે માણસે ફેર એમાં જરા ય ખોટું નથી.'

કાનજી લુહાર કહે 'ઇ તમે ગામડાંના રોચાં તે શું સમજો? આ શેઠ વીજળી લાવ્યા ત્યારે કારખાનું ઊભું કરવા ટાણે મને કામે બોલાવતા. ને ઇ વીજળી કઇ રીતે કારખાનામાં આવે છે ને કઇ રીતે ઘેર ઘેર દીવા કરવા જાય છે ઇ બધું ય હું જાણું છું.'

રતનો રબારી કહે, 'હવે ઇમાં તે શું આવડવું'તું. વાદળાની વીજળીને સંચામાં પૂરી મૂકી હશે ને પછી તો ચાંપ દાબે એટલે દીવો થાય. કારખાનામાં મોટી ચાંપ હોય ને આપણે ઘરે નાની ચાંપ હોય. મોટી ચાંપ દાબે એટલે વીજળી સહુને ઘરે પહોંચી જાય ને આપણે નાની ચાંપ દાબીએ એટલે દીવા થાય. એમ તો ફાનસ સળગાવતાં એની ચાંપ ફેરવીને આપણે દીવટે ઊંચીનીચી નથી કરતા! તે આ વીજળીમાં યે એવું જ. ચાંપ વગર ન ચાલે.'

આ સાંભળી ભાવો કુંભાર બોલ્યો, 'રતનાભાઇ, તમે બોલ્યા ઇ તો સાચું. પણ ફાનસમાં તો દીવાસળી ચાંપવી પડે ને આ વીજળીના દીવામાં દીવાસળી યે ન ચાંપવી પડે. મલકમાં કોઇ દિ' વગર દીવાસળીએ દીવા થયાનું સાંભળ્યું છે? દીવાસળી નો'તી તે દિવસ ચકમકથી દેવતા પાડતા ને સાંઠી કરાંઠી સળગાવી અજવાળું કરતા; પણ આમાં તો નહિ ચકમક કે નહિ દીવાસળી. આ તો ચાંપ દાબી કે દીવો થયો જ છે! આગ જો ગામેગામ વીજળી આવે તો દીવાસળીવાળાનું તો દીવાળું જ નીકળે ને?'

આમ વાતો ચાલતી હતી ત્યાં મંદિરનો પૂજારી કહે, 'ચાલો, આપણે શેઠનું કારખાનું જોવા જઇએ ને ઇ વીજળી કેમ કરીને સૌને ઘેર દીવા કરવા પહોંચી જાય છે ઇ નજરે જોઇએ.'

આખો ડાયરો કારખાને પહોંચ્યો. કારખાનામાં કાના લુહારનો દીકરો માનીઓ કામ કરતો હતો. માનીઆએ બધાને કારખાનું બતાવવા માંડ્યું.

'આ સૌથી પહેલું અંજીન. એનો રખેવાળ આ મોટું પૈડું બેચાર વખત ફેરવે એટલે પછી ઇ પૈડું એની મેળે ફરવા માંડે ને અંજીન પણ ચાલે. મોટર ગાડીમાં જેમ હાંડો ફેરવે એટલે મોટરનું અંજીન હાલે તેમ આ અંજીનમાં પણ પૈડું ફેરવીએ એટલે હાલે.

મોટર પેટ્રોલ ખાય ને આ અંજીન ઘાસલેટ ખાય, અગાઉ જે અંજીન વપરાતાં તેમાં પહેલાં એની લોઢી તપાવીયેં ને ઇ લોઢી બરાબર તપે પછી પૈડું ફેરવીયેં એટલે અંજીન હાલતાં. ઇ અંજીન ઓશિયાળાં હતાં. એમાં જો લોઢી બરાબર ન તપી હોય તો પૈડું બેચાર વખત ફરીને અટકી જાય, ને વળી લોઢી વધારે તપાવવી પડે, એવું બનતું. હવેનાં આ અંજીન કોઈનાં ઓશિયાળાં નહિ. એની મેળે જ હાલવા માંડે. જરાક પૈડું ફેરવવું પડે, જેમ મોટરને હાંડો ફેરવવો પડે એમ.

આ અંજીનનાં મોટાં પૈડાંની સામી બાજુએ નાનું પૈડું ગરેડી જેવું છે એને પટ્ટો પે'રાવે ને પછી ઇ પટ્ટાનો બીજો છેડો, જે સંચો ચલાવવો હોય તેની ગરેડીમાં પે'રાવે; ને પછી તો અંજીન હાલે એટલે એની ગરેડી ફરે ને ગરેડી ફરે એટલે પટ્ટો ફરે, ને એટલે પટ્ટો ફરે એટલે સામા સંચાની ગરેડી ફરે, ને પછી ઇ સંચો પણ હાલે. પછી ઇ સામો સંચો લોટ દળવાની ઘંટી હોય કે તલ પીલવાનો ઘાણો હોય કે છાપવાનો સંચો હોય કે વીજળીનો ડાઇનામો હોય.'

આ સાંભળી રામા પટેલ બોલ્યા, 'અલ્યા માનિયા! આ લક્કડસંધાણુ તો ભારે જબરૂં, હો, આ અંજીન હાલે એટલે એની હારે જે જોડ્યું હોય ઇ હાલે ને જેટલું સાંધ્યું હોય એટલું બધું ય હાલે, કાં!'


'હા કાકા, લાંબી લોઢાની લાટ ઉપર જેટલી ગરેડી ગોઠવી હોય એટલી બધી ય હાલે ને ઇ ગરેડી સાથે જેટલા સંચા જોડ્યા હોય ઇ બધા ય હાલે, ફક્ત વધારે સંચા હોય તો વધારે પાવરવાળું અંજીન જોઈએ. વધારે પાવરવાળું એટલે વધારે બળવાળું. અને અંજીન વધારે જોરવાળું હોય તો તેલ વધારે ખાય.

હવે આમ જુઓ. અહીં આ પટ્ટો ડાઇનામાની ગરેડી ઉપર ચડાવ્યો છે. ડાઇનામો એટલે વીજળી પેદા કરવાનો સંચો. ડાઇનામાની અંદર અડખે પડખે લો'ચુંબક ગોઠવેલું હોય ને વચ્ચે ત્રાંબાના તાર વીંટેલું ફીંડલું હોય. ઇ તારવીંટણા ઉપર જે જુદાજુદા તાર હોય તેના છેડા લો'ચુંબકને અડે એમ રાખ્યો હોય. ગરેડી ફરે એટલે વીંટણું પણ ચક્કરચક્કર ફરે ને ઇ ફરે એટલે તારના છેડા લો'ચુંબક સાથે ઘસાય. ઇ ઘસારે ઘસારે વીજળી પેદા થાય...'

'હા, હા, સમજ્યા હવે. એમાં તે શું મોટી મોથ



## બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર





બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર,
ખાધો પોતે ખૂબ ધરાઇ, કીધો પછી વિચાર:
બચ્ચાં વાસ્તે ઘેરે થોડો લઇ જઇએ તો ઠીક,
એવું ધારી પડતું મેલે ઉંદર ઊંધે શીશ.

શેઠે આવી પૂંછડી ઝાલી ખેંચી કાઢ્યા બહાર,
ચીંચી કરતા સૌએ ત્યાંથી નાઠા તેણી વાર;
બચ્ચાં વળગી ડીલે ચાટે મુરબ્બો રસદાર,
બરણીનો મુરબ્બો લઇને આવ્યા ઉંદર ચાર.



**રમણલાલ સોની**



મારી ! જેમ ચકમક ને લોઢું ઘસાય તો તણખો પડે એમ આ ત્રાંબુ ને ચુંબક ઘસાય તો વીજળીનો તણખો ખરે એમ જ ને? આખરે દીવાસળી ચાંપવાને બદલે ત્રાંબું ને ચુંબક ઘસવાનું આવ્યું. પણ હેં માનીઆ, વીજળી ઘેરઘેર કેવી રીતે પો'ચી જાય ઇ તો અમને કહે. આ વીજળીની જાડી જાડી રગું છે ઇ પોલી હશે ખરૂં? એમાં થઇને વીજળી જાતી હશે કાં? ઓલી ફીસનલેટના તારમાં જેમ ઘાસલેટ ચડે તેમ આ વીજળીની બે રગમાંથી વીજળી આવતી હશે ખરૂં ને? આપણા રામશંકર મે'તાજી કહેતા હતા કે માણસના શરીરમાં બે જાતની રગ હોય છે. એકમાં હૃદયમાંથી સારૂં લોહી આખા શરીરમાં ફરે ને શરીરમાં ફરી રહ્યા પછી ખરાબ થઇ ગએલું લોહી સારૂં થવા માટે બીજી રગ મારફત હૃદયમાં પાછું આવે. એમ આ વીજળીનું યે એવું હશે કે ડાઇનામામાં તૈયાર થએલી વીજળી એક રગમાંથી જઇને દીવો કરે ને પાછી બીજી રગમાં થઇને ડાઇનામામાં આવીને સમાઇ જાય. આ બધા ભણેલા લોક ગમે એવડી મોટી શોધ કરે પણ જરા ઊંડા ઊતરીએ તો ઝટ લઇને સમજાઇ જાય કે એમાં ક્યાં કેટલી અક્કલ વાપરી છે. કાં માનીઆ, હું સાચું કહું છું ને?'

'કાકા, તમે કહોછો ઇ તો સાચું, પણ આ જે બે જાડી રગ લાગે છે ઇ રગ નથી, પણ એમાં તાર છે ને ઉપર રબ્બર ને દોરી ને એવું એવું વીંટીને ઇ તાર જાડો બનાવ્યો છે. જો એવું એવું તાર ઉપર ન વીંટે તો ઇ તારને જે કોઈ અડે ઇ વીજળીનો આંચકો લાગતાં મડું થઈ જાય. ને આ તાર અંદરથી પોલા નથી. જેમ તારનો એક છેડો તપાવીએ એટલે બીજો છેડો પણ તપવા માંડે, તેમ વીજળી પણ તારના એક છેડાને અડી કે આખા તારમાં દાખલ થઇ જાય. ગરમ તારને ઠરતાં વાર લાગે, પણ વીજળી-વાળો તાર તો છુટો પાડી નાખીએ કે તરત વીજળી વગરનો થઇ જાય. આમ હોવાથી ચાંપ બંધ થાય કે તરત દીવા પણ ઓલવાઈ જાય છે.

તારના છેડાને કે ખુલ્લા તારને ચાલુ વીજળીએ અડીએ તો આંચકો લાગે, એટલા સારૂં કારખાનામાં બધાં હથિયારને લાકડાના, ચામડાના કે રબ્બરના હાથા હોય છે. વીજળીનું કામ કરનાર માટે હાથે પહેરવાનાં ચામડાંનાં મોજાં પણ આવે છે, જેથી ભૂલ-ચુકે પણ આંચકો ન લાગે. લાકડું ચામડું કે રબ્બર ઇ બધા એવી ચીજ છે કે ઇ વીજળીને મારગ જ ન આપે.

હવે જુઓ, આ ડાઇનામાની અંદરથી તારના આ બે છેડા નીકળે છે ઇ જો ભેગા થાય તો જ વી-જળીનો ઝબકારો થાય; પણ જ્યાં સુધી ઇ નોખા હોય ત્યાં સુધી કાંઇ ન થાય. ઇ બે તારને આ ચાંપના પાટિયાં પછવાડેથી ચાંપ સાથે સાંધ્યા છે. ચાંપમાં થઇને બીજા તાર જાય છે ને ઇ તારને છેડે કાચનો પોટો હોય છે. પોટામાં બહુ જ ઝીણા પાતળા તાર હોય. ચાંપ દાબીએ એટલે વીજળી પોટામાં પહોંચી જાય, જે અંદર ઝીણા પાતળા તાર છે એને ગરમ કરે. ઇ તાર ખૂબ ગરમ થાય એટલે કાં તો રાતા ને કાં તો ધોળા થઇ જાય ને એને લીધે અજવાળું પડે. જેમ ભઠ્ઠીમાં લોઢું ખૂબ તપીને લાલચોળ અને વધુ તપીને ધોળું થઇ જાય ને અજવાળું પડે એમ. આ તાર જુદી જ જાતના હોય છે. એમાં વીજળી દાખલ થાય એટલે તપે, ને તપે એટલે અજવાળું પડે. વીજળીના આ પોટામાં બીલકુલ હવા નથી હોતી. જો હવા લાગે તો એ તાર બળી જાય. આ ત્રાંબાના જાડા તાર હવામાં બળી જતા નથી તેમ લાલચોળ પણ નથી થતા, પણ પોટાની અંદરના આ તાર તો હવામાં બળી જાય છે. વળી ઇ તાર એટલા બધા ઝીણા ને નાજુક હોય છે કે એકવાર જો તૂટી જાય તો પોટો ખોટો પડી જાય; કારણ કે એમાં પછી વીજળી આગળ જઇને કામ ન કરે. તારના છેડા મળેલા હોય તો જ એમાં વીજળી રહી શકે.'

આ બધું સાંભળી સૌને ખાતરી થઇ કે વગર દીવાસળીએ દીવા થાય ખરા ! માનીઆને રામરામ કહી સૌ કારખાનાની બહાર નીકળ્યા.

રસ્તામાં મંદિરના મહારાજ બોલ્યા, 'ગમે તેમ કહો; આ ભણેલ માણસો નવું નવું શોધી કાઢે એમાં લાભ પણ ખરો ને હાનિ યે ખરી. પણ ઈ બધા ભણેલાના મગજમાંથી એવું એવું નીકળે કે જેથી શોધનો વધારેમાં વધારે લાભ મળે ને હાનિ ઓછામાં ઓછી થાય, તો જ ઇ વાતમાં સાર.'

આમ વાતો કરતા સૌ સૌને ઘેર ગયા.

**વેણીલાલ બૂચ**

# રબ્બર સ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

## ૮ રબ્બર સ્ટૅમ્પના ધંધાની જાહેરાત કરવા વિષે માર્ગદર્શન

ગયા પ્રકરણ સુધીમાં રબ્બરસ્ટૅમ્પ બનાવવાની બધી વિગતો પૂરી થઇ. હવે, આ ધંધો કરનારે રબ્બરસ્ટૅમ્પના ઑર્ડરો મેળવવા માટે શું શું કરવું જોઇએ તે તપાસીએ. કોઇપણ બીજા ધંધા સાથે માત્ર સહધંધા તરીકે આ ધંધો કરતા હોઇએ છીએ ત્યારે તો ખાસ કરીને તેના ઑર્ડરો મેળવવાનું મુશ્કેલીભર્યું બને છે; કારણકે દિવસના વખતમાં મુખ્ય ધંધા કે નોકરીને અંગે આપણને ફુરસદ ન હોય અને તે ઉપરાંતનો જે થોડો સમય બચે તેમાં તો આપણે સ્ટૅમ્પ બનાવવાનું કામ કરવાનું હોય, તોપછી ઑર્ડરો મેળવવા કેવી રીતે?

આપણે ભલે તેને મુખ્ય ધંધા તરીકે અથવા તો સહધંધા તરીકે ગણતા હોઇએ, પણ એ બંને કિસ્સામાં પહેલી વાત તો એ કે આપણે કેવા અને કેટલી જુદી-જુદી જાતના સ્ટૅમ્પ બનાવી શકીએ છીએ તે દેખાડતું એક નાનું કૅટલગ આપણે છાપવું જોઇએ. તેમાં આપણી પાસે જેટલી જાતનાં બીબાં હોય તે દરેકની એકેક લીટી કૅામ્પોઝ કરીને તેની સાથે અનુક્રમ નંબર ગોઠવીને છાપવા. ત્યાર બાદ સદરહુ બીબાંમાંથી સાદી લીટીઓના સહેલા સ્ટૅમ્પ કેવા બની શકે તેના નમૂના પણ થોડું કૅામ્પોઝ ગોઠવીને સાથે છાપી બતાવવા. આવા દરેક કૅામ્પોઝની નીચે પણ અનુક્રમ નંબર રાખવા, તેમજ સાથે સાથે, તેવી જ જાતના સ્ટૅમ્પનો ઑર્ડર ગ્રાહક આપે તો તેની શી કિંમત બેસશે તે પણ છાપવું. ત્યારબાદ રિંગોવાળા સ્ટૅમ્પોનાં કૅામ્પોઝ ગોઠવીને સ્ટૅમ્પના આકારે અનુક્રમ નંબર તથા કિંમત ગોઠવીને છાપવાં; અને તે પછી સ્ટૅમ્પમાં વપરાતાં જુદાજુદા પ્રકારનાં નાનાં ચિત્રો પણ અનુક્રમ નંબર સાથે આપવાં. આ સિવાય ધંધાના પોતાના નિયમો કૅટલગમાં દર્શાવવા તેમજ પોતાના સ્ટૅમ્પોમાં શી ખાસ વિશેષતા છે, તેમજ પોતે બીજાઓ કરતાં ગ્રાહકોને કંઇકંઇ વધારે સગવડ આપી શકે તે પણ છાપવું. એજન્ટો માટે ખાસ શરતો રાખેલી હોય તો તે પણ દર્શાવવી. આવાં કૅટલગોનો ઉપયોગ જુદીજુદી રીતે થઇ શકે.

આ ઉપરાંત ૧ હજારથી ૧૦ હજાર જેટલાં હૅન્ડબિલ છપાવવાં અને તે પોતાના શહેર કે ગામના દરેકેદરેક વેપારીની દુકાને વહેંચાવવાં. તેમાં ખાસ કરીને જે વેપારીઓ આપણા માટે ઑર્ડરો લઇને આપણને આપી જાય તેવાઓને કંઇક વળતર આપવામાં આવે છે એવી જાતનો ઉલ્લેખ પણ ખાસ કરવો. આવા આપણા ઑર્ડરો લેનાર દરેક વેપારીને એકબે કૅટલગ તેમજ જાડા કાગળો ઉપર કે ટિનના પતરા ઉપર 'રબ્બર સ્ટૅમ્પ અહીં બને છે' એવું મોટા અક્ષરોથી પાટીઉં ચીતરાવીને પણ આપવું. આ સિવાય, પોસાય તો, સ્થાનિક પેપરમાં પણ એક નાની સરખી જાહેરાત આ બાબતની આપવી અને જુદાંજુદાં શહેરોમાં પણ, ઑર્ડરો લઇને આપણને મોકલી આપે તેવા કમિશનથી કામ કરતા એજન્ટો ઊભા કરવા. આવી રીતે બધું વ્યવસ્થાપૂર્વક ગોઠવાઇ જાય તો પછી ઑર્ડરો મેળવવામાં બહુ મુશ્કેલી ન પડે અને ઘરમાં બેઠાં આ ધંધો સહધંધા તરીકે ચલાવી શકાય. બૅંકો, ઑફિસો કે રેલવે તથા મ્યુનિસિપાલિટીની ઑફિસો, સ્ટેશનરીઓના વેપારીઓ વગેરેને ત્યાં સ્ટૅમ્પોની ખૂબ જરૂર પડે છે; ત્યાં આપણી જાહેરાતવાળાં કૅલેન્ડરો પણ છપાવીને મુકાવી રાખવાથી આપણને ઑર્ડરો મેળવવામાં સરળતા થાય છે.

આપણાં કૅટલગો આપી રાખવાથી એજન્ટો અનુક્રમ નંબર પ્રમાણે ઑર્ડરો લઇ શકે અને તે મુજબ આપણે સ્ટૅમ્પ બનાવીને મોકલી શકીએ; એટલે કે ઑર્ડર લેનાર એજન્ટ ઑર્ડર લેતાં પહેલાં ગ્રાહકને કૅટલગ બતાવીને તેમાંથી તેની પસંદગીનો નમૂનો જાણી શકે અને તેની નીચે દર્શાવેલી કિંમતે ઑર્ડર મેળવી આપણને તેનો નંબર તથા લખાણ મોકલી દે. આમ ખાસ કરીને બીજાં ગામો કે શહેરોમાં આપણો ધંધો વધારવાને કૅટલગો એ ખાસ ઉપયોગી વસ્તુ છે. કૅટલગો કેવાં હોવાં જોઇએ તેનો ખ્યાલ તો બેચાર ચાલુ વ્યવસાયમિત્રોનાં કૅટલગો મંગાવી જોવાથી આપણને મળી જાય.

(ચાલુ)

પુરુષોત્તમ દ. પટેલ



# મધુકરી

### બે મુક્તકો

શોભા ભલેને જનચિત્ત ગાને,
નિર્માણ કિંતુ ઉપયોગ માટે;
તરુવરો ગ્રીષ્મ ગહીં ધરે છે
પર્ણો, શિશિરે પણ ખેરવે છે.

બન્ધુદ્રુમે આંતરયુદ્ધ જાગ્યે
વિરાટ સૃષ્ટિ બહુ હાનિ પામે;
વને ઘસાતાં તરુ અન્ય વૃક્ષે,
પ્રચણ્ડ દાવાનળ સર્વ વાક્ષે.

રામપ્રસાદ શુક્લ

## લીનોટાઇપ

**વિશ્વોને** વેંતમાં ને યુગોને પલકમાં સમાવનાર કોઇ વિદ્યા છે? સૈકાઓને ક્ષણમાં, ખંડોને ફકરામાં, અનંતને સાંતમાં અને ક્ષરને અક્ષરમાં આંતરનાર કોઇ કીમિયો હશે કે?

માનવના અભિપ્રાય, ઊર્મિ, આવેશ, હર્ષ, શોક, ભય અને રાગદ્વેષભર્યા વિચારોને ઉચ્ચારનાર, ઉચ્ચારેલને અનવધિ સંઘરનાર કોઇ સાધન જાણો છો?

દળવાની, દેવતા પાડવાની, વાસણ ઘડવાની, ખેતી કરવાની અને એવીએવી શોધો જેણે પ્રથમ કરી, એણે માનવજાતિ પર જે અપાર ઉપકાર કર્યો છે તેની પૂરી કદર કે કિંમત આજના વાયુવેગી વિજ્ઞાનથી અંજાઇ જવાથી આપણે કરી શકવાના નથી.

એ જ રીતે જેણે વર્ણમાળા રચી ને લેખનકળા સ્થાપી એમનો પણ વિશ્વ પર ઓછો ઉપકાર નથી! વર્ણમાળાની યોજના ને લેખનકળા એ બે અનંતકાળ પર્યંતની શકવર્તી શોધો હોઇ એના યોજકોને આજે યે જગત કૃતજ્ઞભાવે સંભારે છે. લેખનકળા પાછળ આર્યાવર્તે તો અનેક શોધો ને સુધારા કર્યા છે તે આપણે પ્રાચીનવિદ્યાનાં સંગ્રહસ્થાનો ને ખંડિયેરો તપાસતાં જણાશે.

લેખનકળા એટલે કોતરકળા. પહેલાં અક્ષરો પથ્થરમાં કે ઝાડ પર કોતરાવા લાગેલા. ત્યાર પછી તાડપત્ર તથા છાલ પર અને પાછળથી લાકડાં, ધાતુ, ચામડાં ઇ૦ પર કોતરાવા લાગ્યા ને શાહી શોધાયા પછી લખાવા લાગ્યા. કાગળ અને કલમની શોધથી એ કળા આગળ વધી અને સાક્ષરતા (ભણતર) વિસ્તરી.

લેખનકળા પછી મુદ્રણકળા વિકસી. મુદ્રા એટલે બીબું. બીબાં વડે છાપવાની કળા તે મુદ્રણકળા; અને એ મુદ્રણકળા ચીનમાં બે હજાર વર્ષથી ચાલી આવતી આપણને જણાય છે.

**પાંચસો** વર્ષ પહેલાં જર્મનીમાં ગટનબર્ગે વર્તમાન સ્વરૂપનું છાપખાનું શરૂ કર્યું. એણે પોતાના ઉદ્યમ અને તર્ક વાપરીને એને નૂતન સ્વરૂપ આપ્યું અને ત્યારથી જ યુરોપને આંગણે ઉન્નતિના ગણેશ મંડાયા. મુદ્રણકળા એ હરકોઇ દેશની જિજ્ઞાસા—જ્ઞાનતૃષાની પારાશીશી કહેવાય. એ રીતે ગટનબર્ગને વર્તમાન જગતનો સંસ્કારપિતા—અક્ષરપિતા કહીએ તો ખોટું નથી; કેમકે એના છાપખાનાથી પોપનાં પોગળ ખુલ્યાં, પંડિતોનાં ગપ્પાં અને વહેમોની જડ નીકળી. છાપખાનાએ જ નવો પ્રકાશ આપ્યો અને પશ્ચિમમાં જ્ઞાનની રોશની પ્રકટી! જ્ઞાન એ જ સત્તા (Knowledge is power) હોઇ પશ્ચિમે એ જ્ઞાન વડે સત્તા સ્થાપી અને સત્તા હોય ત્યાં સમૃદ્ધિ આવે અને ટકે તેમ ત્યાં સમૃદ્ધિની છોળો ઊડવા લાગી. પશ્ચિમ પાસે આજે જે સત્તા છે, સમૃદ્ધિ છે એ જ્ઞાનને પ્રતાપે.

ગટનબર્ગના કાળ સુધી બીબાંઓ અક્ષરઅક્ષરનાં નહિ પણ શબ્દોનાં હતાં. એને આ સદીઓજૂની ભૂલ નજરે પડી. એને થયું: શબ્દોના ઢગલા બનાવવા પાછળ નાહક આ કેટલું ખર્ચ? અને એમાં કેટલા યે ફાજલ પડ્યા રહે તેનું ફજૂલ ખર્ચ શા માટે? એને જણાયું કે ભાષાનો એકમ શબ્દ ભલે હોય, પણ લેખન અને મુદ્રણનો એકમ તો અક્ષર બનવો જોઇએ. તરત જ એણે શબ્દોનાં બીબાંમાંથી અક્ષરનાં બીબાં બનાવ્યાં ને એ રીતે અનહદ ખર્ચ તથા મહેનત બચ્યાં. પરિણામે મુદ્રણકળાનો વેગ વધ્યો.

પ્રિન્ટિંગ પ્રેસના પિતા ગટનબર્ગે સાચાથી છાપકામ શરૂ કરી તેને નવો વેગ આપ્યા પછી છેક ૧૯મી સદીની આખરમાં એ ગટનબર્ગના હોહેનઝોલર્ન કુળમાં જ એક નબીરો પાક્યો. એનું શુભ નામ મર્ગેન્થેલર. મર્ગેન્થેલરના સમય સુધી હજારો માણસોને સેંકડો ખાનાંમાંથી લાખો બીબાં ઉપાડી ઉપાડી ગોઠવવાં પડતાં અને છપાઇ રહ્યા પછી પાછાં એ લાખો—કરોડો બીબાંને પોતપોતાનાં ખાનાંમાં મૂકવાનાં રહેતાં. આમાં જે મહેનત, જે ખર્ચ અને જે કાળક્ષેપ થતો તે જોઇ મર્ગેન્થેલરને થયું: આ તે કેમ પોસાય? માનવીને માથે આ મહેનત તો ઘણી ક્રૂર અને જંગલી ગણાય. આથી પ્રેરાઇ એણે એક અટપટું ને જટિલ યંત્ર બનાવ્યું જે યંત્રે આગલી તમામ હાલાકી દૂર કરી



દેવનાગરી લીનોટાઇપના શોધક શ્રી હરિ ગોવિંદ ગોવિલ

**છાપખાનું** બે વિભાગમાં વહેંચી શકાય. બીબાંવિભાગમાં કૉમ્પોઝ કરવાનું કાર્ય થાય છે અને એ ગોઠવાએલાં બીબાં મુદ્રણવિભાગમાં યંત્ર પર છપાય છે. છાપખાનામાં સૌકોઇ જાણે છે કે પહેલાં કૉમ્પોઝીટર પ્રત્યેક અક્ષરના ટાઇપ લઈલઇને કૉમ્પોઝ કરે છે. પછીથી તેને મશીન પર ચડાવે છે. કામ છપાઇ રહ્યા પછીથી ફરી કૉમ્પોઝીટર ટાઇપોને અલગઅલગ ખાનામાં નાખે છે. આમ જે વખત લાગે છે ને મહેનત પડે છે તે તો માત્ર બીબાં ગોઠવવામાં. એક વાર ગોઠવાઇ સંચે ચડ્યા પછી તો પાનાંનાં પાનાં છપાઇછપાઇને બહાર પડ્યા કરે છે. જેને લખતાં વર્ષો લાગે તે કલાકો અને મિનિટોમાં છપાઇને બહાર પડે!

એટલે જે મુશ્કેલીનું આકરૂં કામ છે તે તો બીબાં બનાવવાનું –ઢાળણવિભાગનું;અને ત્યારપછી એ બીબાં સાફસૂફ કરી ખાનાંઓમાં ભરવાનું અને એ ખાનાંઓમાંથી અક્ષરો પ્રમાણે એક પછી એક ઉપાડી ગોઠવવાનું. આ બધી મુશ્કેલી ટાળવા મર્ગેન્થેલરે તો અક્ષરેઅક્ષરે કે શબ્દેશબ્દે તો શું પણ લીટીલીટીએ એકસાથે બીબાં ધાતુમાંથી નવાં ઢળતાં જાય અને ગોઠવાતાં જાય તેવી યોજના યોજી. એ શોધ લીનોટાઈપની. લીનોટાઇપ એટલે ફાઉન્ડ્રી અને કૉમ્પોઝ વિભાગ (બીબાં ઢાળવા અને ગોઠવવા)ની સંયુક્ત ગોઠવણ.

ટાઇપિસ્ટ એના ટાઇપરાઇટર પર બેઠોબેઠો જેટલી ઝડપે ઠબકારા કરતો જાય છે તેટલી ઝડપે જેમ કાગળ પર લખાતું જાય છે, તેમ આ લીનોટાઇપ મશીન (પંક્તિમુદ્રણ યંત્ર) ઉપર એ ટાઇપિસ્ટની જ ઝડપે લીટીઓ કૉમ્પોઝ થતી ને ઢળાતી જાય છે. માત્ર જેવી ટાઇપિસ્ટની ઝડપ તેવી એ યંત્રની ઝડપ.

લીનોટાઇપ વીજળીથી ચાલતું યંત્ર છે. તેમાં એક બાજુ સીસું ભરેલું હોય છે અને બીજી બાજુ ટાઇપરાઈટરની માફક ચાવીઓનું સંજ્ઞાપટ હોય છે. ટાઇપિસ્ટની માફક જ કૉમ્પોઝીટર આ ચાવીઓને દબાવે છે એટલે કંપોઝ થતું જાય છે. આવી એક લીટી થાય એટલે તેને યંત્ર પોતાની મેળે સરખી કરી લે છે. પછી બીજી ચાવી દબાવતાંની સાથે જ વીજળીની ગરમીથી પીગળીને રસ થએલું સીસું યોગ્ય જગ્યાએ આવી તેમાંથી એ લીટી ઢળાઈ જાય છે. આમ લીટીઓ પછી લીટીઓ ગોઠવાઇને પાનાંના પટ તૈયાર થતા જાય છે. પછી કામ છપાઈ રહે છે ત્યારે તે જ ધાતુ પાછી ઓગાળી કામમાં લઇ શકાય છે.

હાથથી કામ કરતા આઠદસ કૉમ્પોઝીટરના જેટલું કામ ફક્ત એક જ માણસ આ યંત્રથી કરી શકે છે. આમાં છૂટાછૂટા કેસોમાંથી છૂટાં બીબાં લઈલઇને ગોઠવવાની કડાકૂટ રહેતી નથી. અને દરેક વખતે નવા જ ટાઇપો પડતા હોવાથી છાપકામ પણ સુંદર થાય છે.

ફાઉન્ડ્રીના ટાઇપમાં એક મુશ્કેલી રહે છે. કામ તૈયાર થઇ ગયું હોય ને અચાનક યંત્ર પર જતી વખતે તેમાંથી થોડીક લીટીઓ પડી જાય તો ઘણી મુસીબત ઊભી થાય છે અને તેને પાછું વ્યવસ્થિત કરતાં સમય જાય છે; પરંતુ લીનોટાઇપમાં આવી મુશ્કેલી કદીપણ આવતી નથી; કેમકે જો મૅટર પડી જાય તો પડી ગએલી એ લાઇનો જ ઉપાડી લઇ તેને વ્યવસ્થિત રીતે ગોઠવવાની હોય છે. વળી આમાં લેડ, કવૉડરેટ, સ્પેસ વગેરે છૂટા નાખવામાં આવતા નથી પણ તે બધા લાઇનોની સાથેસાથે જ પડે છે ને ડિસ્ટ્રિબ્યુશનનો તો પ્રશ્ન જ હોતો નથી. સૌથી મોટી વાત તો એ છે કે દેવનાગરી લીનોટાઇપ મશીનમાં સાથેસાથે અંગ્રેજી પણ કંપોઝ થઈ શકે છે. સ્વ. લોકમાન્ય બાળગંગાધર ટિળકની ઈચ્છા દેવનાગરી લીનોટાઇપ યંત્રની શોધ કરવાની હતી. આને માટે તેમણે પ્રયત્ન પણ કર્યો હતો. તે પછી ભીસે નામના દક્ષિણી ગૃહસ્થે એવું યંત્ર થોડાં વરસો પર રચ્યાના ખબર પ્રગટ થયા હતા. આમ ફાઉન્ડર, ટાઇપિસ્ટ અને કૉમ્પોઝીટરનું આ ત્રિવિધ કામ, એક જ લીનોટાઇપિસ્ટ, કોઈની પણ સહાય વિના કેવી ચપળતા ઝડપ ને ઉલ્લાસથી કરે છે તે કૉનિકલ, ફ્રીપ્રેસ, ટાઈમ્સ ઇત્યાદિ પત્રોના મુદ્રાવિભાગમાં જઇને જોઇએ તો જણાશે.

**અંગ્રેજી** જેવી ભાષાઓને હિંદી કે ગુજરાતી માફક કાના, માત્રા ઇત્યાદિના ધજાગરા-પતાકા કે ભાલા-ખૂંટાનું નડતર નહિ હોવાથી માત્ર ૯૧ સંજ્ઞાઓ જ અંગ્રેજી લીનોટાઇપ-પંક્તિયંત્રના સંજ્ઞાપટ પર હોય છે, જ્યારે હિંદી—ગુજરાતીમાં તો ઘણી જ સંજ્ઞાઓ જોઇએ. આમ છતાં અલીગઢના નિવાસી શ્રીયુત હરિગોવિંદ ગોવિલ નામના આપણા એક હિંદી દેશબંધુએ અમેરિકામાં જઈ હિંદીનું કીબોર્ડ–સંજ્ઞાપટ તૈયાર કરીને હિંદી

લીનોટાઇપ હિંદી જનતાને ચરણે ભેટ ધર્યું છે!

દેવનાગરી લિપિમાં જોકે અક્ષરો તો ૩૯૪ હોય છે, છતાં છાપવામાં જુદાજુદા અક્ષરોના જોડાણને લઇને તેના ૭૦૦ જેટલા જુદાજુદા ટાઇપો થાય છે; અને કોઇકોઈ વખત તો બબ્બેત્રણત્રણ અક્ષરો સાથે ગોઠવતાં ઘણી મુશ્કેલી ઉપસ્થિત થાય છે. છતાં સતત શોધખોળ અને અખતરાઓ કર્યાં પછી શ્રી ગોવિલ આ પદ્ધતિને 'મર્ગેન્થેલર લીનોટાઈપ કંપની ઑફ ન્યૂયૉર્ક'ના નિષ્ણાતોની મદદથી તેને સંપૂર્ણ બનાવી શકયા છે. એમાં એકને બદલે બે ઢાળાપેટીઓ સાથે વાપરવી પડે છે.

એ હરિ ગોવિલ હમણાં વરસેક દિવસ પહેલાં ન્યૂયૉર્કથી મુંબાઈ ઊતર્યાં. પોતાની આ નવીન શોધ દ્વારા હિંદમાં એક લિપિ દાખલ કરવાનો તેમજ ગુજરાતી, બંગાળી વગેરે બીજી હિંદી ભાષાઓનો અભ્યાસ કરી આ યંત્રમાં તેનો ઉપયોગ કરવાનો તેમનો પ્રયાસ છે.


કવિ બાયરનને તો શાહીનાં એક ટીપાએ લાખોને વિચારતા કરવાની અદ્ભુતતા લેખનકળામાં જણાઈ હતી! એને મુકાબલે આજના પંક્તિયંત્ર ને રોટરી મશીનના સહકારથી માઇલો લાંબા કાગળો પર શાહીની સરિતાઓ વહેતી જોઇ કોણ તાજ્જુબ થયા વિના રહેશે? ચર્મચક્ષુ સમીપે અક્ષરબિંદુઓ રેલતી એ કજ્જલસરિતા વાચકના દિલ ને દિમાગમાં કેવા મનોમંજુલ ને હૃદયંગમ વિચારો તથા ઊર્મિઓ જગાડે ને જમાવે છે તે તો આપણાથી કયાં અજાણ્યું છે?

વર્ણમાળા ને લેખનકળાના પ્રણેતાઓ જેટલા જ આજના મુદ્રણાલયના આવિષ્કારક આપણા ગટનબર્ગો ને મર્ગેન્થેલરોને આપણે આભારી નથી?

આ દેવનાગરી લીનોટાઈપ (અથવા લાઇનો-ટાઈપ) મશીન કેવળ કંપોઝ કરનારૂં અથવા ટાઇપ પાડનારૂં જ યંત્ર નથી પરંતુ તેના નામ પ્રમાણે તે જાતે કંપોઝ કરેલી લીટીઓની લીટીઓ તૈયાર કરનારો સાંચો છે. તેના મુખ્ય ફાયદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય: પહેલો લાભ તો કીબોર્ડ કૉમ્પોઝિશનથી મળે છે તે. ટાઇપરાઈટરની માફક ફક્ત આંગળીના સ્પર્શથી જ અક્ષરો ગોઠવાતા જાય છે. અને તે ઘણી જ ઝડપે તેમજ ઓછા ખર્ચે થઇ શકે છે. લીનોટાઇપથી ટાઇપ તદ્દન નવા જ બને છે. આથી છાપકામ ઘણું સુંદર થઇ શકે છે. તેમાં તૂટેલા કે ઘસાઇને જાડા થએલાં બીબાં આવવાનો તો જરા પણ ભય નથી હોતો.

ફાઉન્ડ્રીમાં પાડવામાં આવતા છૂટા ટાઇપોના કરતાં આ સાંચામાં દરેક લીટી આપોઆપ એકસરખા માપમાં રચાઇ ગોઠવાઇને પડતી હોવાથી તે વધુ સખત અથવા હાલતી જણાતી નથી—એટલે ચાલતે મશીને કે અકસ્માત લીટીઓ ઢીલી થઇ બીબાં નીકળી જવાનો ભય ગયો છે.

આ લીનોટાઇપમાં લીટીઓની વચ્ચે જે જગ્યા રાખવાની હોય તે પહેલેથી જ નક્કી કરવી પડે છે અને આ કેવળ લીટીઓની જાડાઇ વધારવાથી બની શકે છે. અહીં પણ હાથથી



દેવનાગરી લીનોટાઇપ મશીન

ગોઠવવાની પદ્ધતિ કરતાં વખત ને પૈસાનો પુષ્કળ બચાવ થાય છે. ઉપરાંત લીનોટાઇપ એ એક સંપૂર્ણ ફાઉન્ડ્રી જ છે અને તે પોતાને જોઇતા તદ્દન નવા, સંપૂર્ણ અને દેખાવમાં એકસરખા ટાઇપો પાડે છે. આથી વધારાના ટાઈપ, કેસો તથા સ્પેસો માટે પૈસા રોકવાની જરૂર રહેતી નથી. વળી આમાં કોઇપણ જાતનું કૉમ્પોઝ કરતી વખતે અક્ષરો ખૂટી જવાની ધાસ્તી રહેતી નથી. આમ, હાથથી ગોઠવવાના ટાઈપોના ખર્ચ અને બગાડની સાથે સરખાવતાં લીનોટાઇપમાં આપણને ઘણો ફાયદો જણાય છે.

વળી જો લીનોટાઇપથી કૉમ્પોઝ થએલું મેટર રાખી મૂકવું હોય તો તેમાં વપરાએલી ધાતુની કિંમતનું જ રોકાણ હોય છે. આ ખર્ચને ફાઉન્ડ્રીના ટાઈપના ખર્ચ સાથે સરખાવીએ ત્યારે તે નજીવું જણાય છે

છાપકામ છપાઇ પૂરૂં થઇ ગયા પછી લીનોટાઇપના કૉમ્પોઝને છોડી નાખવાની કડાકૂટ રહેતી નથી. જ્યાં ફાઉન્ડ્રીના ટાઇપ વપરાતા હોય છે ત્યાં આ કામ ઘણું કંટાળાભરેલું થઇ પડે છે એટલુંજ નહિ પણ ખર્ચાળ હોય છે; પરંતુ લીનોટાઇપથી તૈયાર કરેલું કામ છપાઇ રહેતાં તેને તરત જ ફરીથી ઓગાળી તે ધાતુને પાછી કૉમ્પોઝના કામમાં લેવાય છે.

આ રીતે લીનોટાઇપ એ ખરેખર ઝડપી છાપકામ માટે ઘણું જ અગત્યનું સાધન છે અને આ નવાં યંત્રોની મદદથી હિંદમાં કેળવણીના ક્ષેત્રમાં અત્યંત લાભ થવા સંભવ છે. તેનો જશ શ્રી હરિ ગોવિલને મળશે.

('કુલછાબ' અને બીજાં હિંદી પત્રો પરથી તારવીને)

## વલી અત્તરીઓ

વલી અત્તરીઓ હતો. એ જાતજાતનાં અત્તર રાખે. એની દુકાન ચંપા, ગુલાબ અને કેવડાના અત્તરથી બહેકી રહેતી. અત્તરની ફોરમ એવી કે એની દુકાન પાસે ઊભા રહેવાનું મન થાય. વલીની દુકાનની ગોઠવણી પણ અજબ. એ કાચના તકતાવાળા કબાટોમાં લીલા, પીળા ને લાલ ગુલાબી રંગની અત્તરની શીશીઓ ઘરાકોનાં મન લલચાય એવી રીતે ગોઠવે. પોતે બારણા આગળ રૂની સુંવાળી ગાદી રાખી, તકીઆને અઢેલી બેસે અને અલકમલકની વાતો કરે.

વલી ઉદ્યોગી ભારે. પગ વાળી નિરાંતે તો એ બેસે જ નહિ. વેપારીઓને સામાન્ય એવી ચીવટ અને ખંત પણ એનામાં ખરાં. પોતાનું અત્તર ખપાવવામાં એ કુનેહબાજ પૂરો. રાજ-દરબારમાં પણ એના અત્તરની પૂછા થાય.

વલીની અત્તરની ભઠ્ઠી તો એને મન મોટું પ્રયોગ–મંદિર. કલાકોના કલાક સુધી ત્યાં યોગીની તટસ્થતાથી બેસી, એ નવી નવી જાતનાં અત્તર બનાવવાની તરકીબો શોધ્યા કરે. એની પાસે કીમિયો એવો કે એનું અત્તર બગડે તો ભાગ્યે જ.

એક અકસ્માતથી વલીએ ડાબી આંખ ખોઇ. વલી કાણો થયો. પછી તો એને ગામમાં કાણા કેટલા તેની નોંધ રાખવાનો નાદ લાગ્યો. એમાં પોતાનું નામ સૌથી મોખરે રાખે.

વલી જોષ પણ જોઇ જાણતો. જોષીઓ સાથે વાદમાં ઊતરતો અને ગ્રહો તેમજ નક્ષત્રોનાં હલનચલનની બારીકાઇથી ગણતરી કરતો. વલી નજૂમી પણ હતો.

આસો માસ આવે ને દીવાળીના દિવસો બેસે ને વલી દારૂખાનું બનાવે. એ રાતાપીળા બપોરીઆ બનાવે, તણખા ઝરતાં ચક્કર બનાવે અને ઊંચે ચડતી હવાઇઓ બનાવે. છોકરાઓ તો વલીનાં ખૂબ વખાણ કરે, પણ એના હરીફ લુકમાનજી વોરાની આંખમાંથી અદેખાઇના અંગારા ઝરે.

વલી ધર્મિષ્ઠ પણ ખરો. પાંચ વખત મસ્જિદમાં નમાઝ પઢે. જુમ્માને દિવસે ફકીરફુકરાને દાન કરે. રમઝાન માસમાં રોજા રાખે ને ગરીબોને મીઠાઇ વહેંચે. વલી અલ્લાનો બંદો હતો.

—રાયસિંહજી રાઠોડ

## એક જૂના અજોડ બુકસેલરની દુકાન

પંડિત જ્યેષ્ઠારામ મુકુન્દજીની બુકસેલરની જાણીતી દુકાન તેલવાડીની ચાલી નીચે હતી. આ દુકાનના માલિક કચ્છવાસી હતા, અને એ દુકાન હિન્દુસ્તાનથી છેક નેપાલ તેમજ બર્લીન, લાઇપઝીગ, સેંટ પીટર્સબર્ગ, વીએના, પારીસ, ન્યૂ યૉર્ક, લંડન, ઑક્સફર્ડ વગેરે શહેરોનાં પુસ્તક વેચનારાઓમાં જાણીતી હતી. એ દુકાનની વિશેષતા એ હતી કે દુનિયાભરમાં સંસ્કૃતમાં છપાએલું કોઈ પણ પુસ્તક ત્યાં મળી શકતું અથવા ન હોય તો મંગાવી આપવામાં આવતું. એ દુકાને જૂની વસ્તુઓ પણ લેવાતી હતી તેમાં દા. ભાઉ દાજીનો વેચાએલો સંગ્રહ હતો જેમાંથી કેટલોક શેઠ પુરુષોત્તમ વિશ્રામે ખરીદેલો જણાયો હતો અને કેટલોક સ્વ. તનસુખરામે લીધો હતો. આ દુકાનના સ્વ. કાલિદાસને ડૉ. પીટર્સનનો તો ઑર્ડર હતો કે કોઈ પણ નવું સંસ્કૃત પુસ્તક છપાય કે એક નકલ તેમને મોકલી જ આપવી. એક ગુજરાતીએ આ દિશામાં ખીલવણી કરી હતી તે માટે કોઇ પણ અભિમાન લઇ શકે તેવી બીના છે. એનું સૂચિપત્ર એવું કિંમતી હતું કે તે જોતાં ગીતા પર કે રઘુવંશ, શાકુન્તલ કે વિક્રમોર્વશીય પર કેટલી જાતની ટીકાઓ છપાઇ છે તે તરત જ માલૂમ પડી આવે. હજી આજે પણ ગુજરાતી કે દાક્ષિણાત્ય કોઇપણ પુસ્તક વેચનારની એની તોલે મૂકી શકાય તેવી મુંબાઈમાં કોઇ દુકાન નથી. એ દુકાનમાં ઇન્દ્રજી નામનો એક આદમી હતો જેને કંઇ નહિ તો બેત્રણ હજાર પુસ્તકોનાં નામ મોઢે હતાં. એ માણસ-દ્વારા કાશીથી મળેલો સંસ્કૃત હસ્તલિખિત પુસ્તકોનો મોટો સંગ્રહ ગુજરાતી પ્રેસમાં હતો અને તેમાં કિંમતી પુસ્તકો હતાં.

(નવી રોશની)

## મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા કઈ?

જે રકમને એક વડે અથવા તે રકમ સિવાય બીજી કોઇ સંખ્યાથી ભાગી શકાય નહિ તેને અવિભાજ્ય સંખ્યા કહે છે તે તો તમને યાદ હશે. એક વખત શિકાગોના સેમ્યુઅલ ક્રિગરને વિચાર આવ્યો કે આ સંખ્યા કઈ? તે તો કાગળ ને સીસાપેન લઇને મંડી પડ્યો. મોટા કદના ૭૨ કાગળો તથા ૬ સીસાપેનો ઘસી નાખી. મગજ તો બહેર મારી ગયું. પણ રકમ તો શોધી કાઢી. આ રહી તે રકમ. ૨૩૧,૫૮૪,૧૭૮, ૪૭૪,૬૩૨,૩૯૦,૮૪૭,૧૪૧,૯૭૦,૧૭,૩૭૫,૮૧૫,૭૦૬, ૫૩૯,૯૬૯,૩૩૧,૨૮૧,૧૨૮,૭૮,૯૧૫,૮૨૬,૨૫૯,૨૭૯, ૮૭૧. આને ખોટી પાડવાનો યત્ન કરી જુઓ.

—છોટાલાલ માનસિંગ કામદાર

## બાંરસો માઇલ લાંબો નળ

ઈરાકના કિર્કુકના તેલ કૂવામાંથી પ્રવાહ લેવાને બાર ઇંચ પહોળી પોલાદની નળીઓ સાંધીને ૧૨૦૦ માઈલની લાઇન બનાવી ઈજનેરી વિદ્યાએ એક ચમત્કાર કરી બતાવ્યો છે. આને લીધે હિંદ, ઉત્તર પૅલેસ્ટાઇન, ટ્રિપોલી અને ઉત્તર આફ્રિકાના કિનારાને તેલ સહેલાઇથી મળી શકશે. આ સાહસને બ્રિટિશ, ફ્રેંચ, અમેરિકન અને ડચ થાપણોનો ટેકો મળ્યો હતો.

(ટ્રેઝર ચેસ્ટ)

## શાહી લગ્ન

ઇંગ્લંડના પ્રિન્સ જ્યૉર્જ અને ગ્રીસની રાજકુમારી મૅરી ગયા નવેમ્બરની ૨૯મી તારીખે પરણ્યાં તે બનાવ જગતમાં રસભર બન્યો. લગ્ન પહેલાં જ્યૉર્જ રાજાએ પોતાના પુત્રને ડ્યૂક ઑફ કેન્ટ બનાવ્યો. આ પ્રથા ૧૦૦ વર્ષથી ઇંગ્લંડમાંથી અદૃશ્ય થઇ ગઇ હતી. અઢારમા સૈકામાં જ્યૉર્જ ત્રીજાએ પોતાના દીકરા ઍડવર્ડને આ ખિતાબ આપ્યો હતો. તે ઍડવર્ડ રાણી વિક્ટોરિયાના પિતા થાય. હવે આ ખિતાબ આ શાહી દંપતીને વંશપરંપરામાં ચાલુ રહેશે.

(ટ્રેઝર ચેસ્ટ)

## આકાશી અવાજો

દૂરબીનમાંથી દેખાતા પ્રકાશને સ્વરમાં પલટી નાખવાની શોધ ઝેકોસ્લોવાકિયાના બે વિદ્વાનોની છે. આથી ચંદ્ર અને બીજા ગ્રહોના પ્રકાશ સ્વર પડઘા ઊઠે છે. તેમાંથી ચંદ્ર પર પડતું સૂર્યનું તેજ લાકડીની ઘંટાઓ વારાફરતી પછડાતી હોય તેવો અવાજ આપે છે. તેમાં ઘંટારવ નથી, પણ વારેવારે ભડાકા સંભળાય છે. બીજા ગ્રહમાંથી માણસોના કોલાહલ જેવો અવાજ આવ્યો, કોઇમાંથી ઘોડા તગડાતા હોય તેવું લાગ્યું. (ટ્રેઝર ચેસ્ટ)

## ભણ્યો ઊતર્યો ક્યારે ગણાય ?

ઇટાલીના પ્રધાનમંડળે મંજૂર કરેલી એક યોજના એવી છે કે ઇટાલીના દરેક નિશાળિયાને લશ્કરી તાલીમ આપવી. આઠ વર્ષની ઉંમરથી એ તાલીમ મળવી શરૂ થાય તે છેક લશ્કરલાયક આદમી બને ત્યાં સુધી તેને લાગુ રહે. લશ્કરી લાયકાત તે પામે નહિ ત્યાં લગી તેને ઉચ્ચ શિક્ષણની કે શાળાના સર્ટિફિકેટની પરવાનગી મળે નહિ; યુનિવર્સિટીમાં હોય તેને એ લાયકાત વગર ડિગ્રી મળે નહિ.

## જર્મનીમાં શારીરિક તાલીમ

જર્મનીમાં પચાસ વર્ષની નીચેનાં અપરિણિત માણસોને પોતાનાં નોકરીધંધો છોડી દેવાં એવો હુકમ થયો છે. અલબત્ત, અમુક પ્રકારોને તેમાંથી છૂટ મળે છે. આમ કરવાનો હેતુ એ છે કે પરિણિત બીનરોજગારી માણસોને કુટુંબનું પોષણ કરવાનું હોવાથી ધંધો મળી રહે. અને જેઓને ફારગ થવું પડ્યું છે તેઓને મજૂર વ્યવસ્થાપક મંડળ તરફથી મજૂરદળમાં સામેલ કરવામાં આવે છે અને ધારેલા કામ પર રોકવામાં આવે છે.

આ મજૂરદળમાં લશ્કર જેવી જ શારીરિક તાલીમ તેમને આપવામાં આવે છે. હિટલર અને મુસૉલિની બંને જુવાનો માટે શારીરિક તાલીમની જરૂર એકસરખી સ્વીકારે છે.

## તેથી કંઈક વધારે

અમેરિકામાં થોડા વખત પહેલાં કેટલાક ઉત્સાહી વિદ્યાર્થીઓએ એક મંડળ બાંધ્યું અને અરસપરસ સહાય કરવા તેમજ ભવિષ્યમાં શું કરવું તેની ચર્ચા કરવા દર અઠવાડિયે મળવાનું ઠરાવ્યું. આ મંડળનો ધ્યેય-મંત્ર શો રાખવો તેની દરેક જણ પાસેથી સૂચના માગવામાં આવી. આખરે ટૂંકામાં ટૂંકો મંત્ર નક્કી થયો તે આટલો જ છેઃ 'તેથી જરા વધારે' (and thaen some) જે છોકરાએ આ મંત્ર રજૂ કર્યો તેણે જણાવ્યું કે જીવનમાં ફતેહમંદ નીવડેલા એક માણસનો તે મંત્ર હતો. તે કહેતો કે મને સોંપવામાં આવતું કામ હું બને તેટલું સારૂં કરતો, અને 'તેથી પણ કંઇક વધારે' કરતો. મને કહ્યું હોય તે કરતાં મારી બુદ્ધિ ઉમેરીને હું જરા વધારે સારૂં કરી બતાવતો. ખરેખર એવાને જ ફતેહ મળે છે. માગ્યું કામ કરનારા તો ઘણા હોય છે; પણ પોતાની ફરજ ઉપરાંત કંઇક વધુ કરી બતાવે એવા થોડા હોય છે.

## રેડિયમનો વધારે જથ્થો

બલ્જૅરિયામાં રેડિયમનો એક નવો જથ્થો હાથ લાગ્યો છે તેથી તે જરા સસ્તું થશે એમ માનવામાં આવે છે. આજ-સુધી દુનિયા આખીમાં ૭૦૦ ગ્રામ જેટલું રેડિયમ મળી આવ્યું છે. એક ગ્રામની કિંમત દોઢ લાખ રૂપિયા ગણાય. થોડાં વર્ષ પહેલાં તેથી બમણો ભાવ હતો.

## બરફ તૈયાર કરનારૂં વહાણ

વાપરવાનો બરફ કારખાનામાં તૈયાર કરવાને બદલે જ્યૉર્જ કલૉડ નામના ફ્રેંચે વહાણમાં તૈયાર કરવાનો કીમિયો ઉપાડ્યો છે. તે પોતાનું વહાણ દક્ષિણ અમેરિકાના રાયોદજાનેરો જે બહુ જ ગરમ પ્રદેશ છે ત્યાં લઇ ગયો છે. તેની બનાવટમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે દરિયાની સપાટીથી અરધો માઇલ નીચેની ઠંડક એટલી બધી હોય છે કે એટલું હવામાન ઉપર હોય તો ઠરી જવાય. વળી બીજી જાણીતી બીના એ છે કે ગરમીમાંથી એકદમ ઠંડી પર લાવતાં બહુ જ થોડે ખર્ચે બળ મેળવી શકાય છે તેમજ વાયુપ્રકારને વ્યાપક કરવાથી અતિ ઠંડી લાવી શકાય છે.

મિ. કલૉડે પોતાની બરફ બનાવવાની કરામતમાં આ છેલ્લા સિદ્ધાંતનો ઉપયોગ કર્યો છે. તેના સીલીંડર (નળ)માંની હવા પ્રથમ દબાણમાં લેવાય છે અને પછી ગરમ થઈ જાય તે વખતે ઠંડા પાણીનો પ્રવાહ સીલીંડર ઉપર પડવા દે છે જેથી અંદર અને બહારનું હવામાન સરખું થઇ જાય છે. પછી એ સંકડાવેલી હવાને પસરવા દેવામાં આવે છે. તેમ થતી વખતે તેનું હવામાન ગુલ થઈ તે ઠૂંઠવાઈ જાય છે.

## હાથીનાં ધાડાં

આફ્રિકામાં હાથીઓનાં ધાડાં વધી પડ્યાં છે. હિંદુસ્તાની હાથીની જેમ તે હાથીઓને પલોટી શકાતા નથી, છતાં કૉંગોના લોકોએ કેટલાકને જંગલી મજૂરીમાં નાખ્યા હતા. તેમના હાથીદાંત માટે શિકારીઓએ તેમનામાં ચોમેર નાશ વર્તાવ્યો હતો, છતાં પચીસ વર્ષ પહેલાં હતા તે કરતાં તેમની વસ્તી હાલ બમણી વધી ગઇ છે. ૬૦૦ જેટલા હાથીઓનું એક જ ટોળું હમણાં યુગાંડામાં નજરે પડ્યું હતું. એક રાતમાં તેઓ માઇલોની ખેતી સાફ કરી નાખે છે. એટલે હુકમો નીકળ્યા છે કે ૧૫૦૦ જેટલા તુરત ગોળીએ ખલાસ કરવા. તેની સામે ગોરીલાઓની વસ્તી નાબૂદ થતી જણાય છે. કેન્યાના જંગલમાં માત્ર એંશી ગોરીલા છે.

## આઠ વરસમાં એક ઔંસ રેડિયમ

ઝેકોસ્લોવાકિયાના એક વૈજ્ઞાનિક કારખાનામાં ૩૦૦ માણસોએ લાગટ આઠ વરસ સુધી અખંડ કામ કર્યું ત્યારે, વરસના સાડા ત્રણ ગ્રામ લેખે આઠ વરસને અંતે માંડ એક ઔંસ રેડિયમ બની શક્યું, જેની કિંમત શુમારે ૭૫ લાખ રૂપિયા થવા જાય છે! (અંગ્રેજી પરથી)

પોતાના માનીતા ઘોડાને બેદરકારીથી મારી નાખવાથી અત્યંત ગુસ્સામાં એ ઘોડાવાળાને ઠાર મારવા જાતે તલવાર ખેંચતા ચીનના એક બાદશાહને તેના વજીરે અટકાવીને કહ્યું: 'પણ પોતાનો ગુનો એ પૂરો જાણતો નથી' 'તો એને સમજાવ.' એમ પરવાનગી મળતાં વજીરે ઘોડાવાળાને કહ્યું: 'તું જાણે છે, એ કંગાલ આદમી, કે તારી કેટલી કસુર છે? પહેલી તો એ કે ઘોડાને તેં બેદરકારીથી મારી નાખ્યો, અને બીજી એ કે એક ઘોડાને બદલે માણસનો જાન લેવા તૈયાર થાય એટલા આપણા નામવરને ગુસ્સે કરીને દુનિયાની નજરમાં તેં એમને હલકા પાડ્યા.' શાણા વજીરનો મર્મ સમજીને બાદશાહે એ ઘોડાવાળાને માફી બક્ષી એ કહેવાની જરૂર છે?

અનેકાર્થી શબ્દ: **નાડ**–રગ (ખાસ કરીને કાંડા પાસેની ધોરી નસ, જેના ઉપરથી વૈદ્ય લોહીની ગતિ પારખે છે તે); આળા ચામડાને આમળીને બનાવેલો દોર–નાડણ; કમળની પોલી દાંડી; મનનું વલણ; લગામ–કાબૂ.



આ છોકરાને બંને બાજુના સરવાળાની સંખ્યા ૧૮ લાવવી છે; તો બંને બાજુના કયા આંકના પરસ્પર બદલવાથી તેમ થઇ શકશે એ કહેશો?

અમેરિકાના ન્યૂયૉર્ક પરગણામાં દિલ્હી નામનું એક ગામ છે.



લૂગડાના, દોરડાના, પટાના, કે કાગળના પીંડાને ઉકેલ્યા વગર તેની લંબાઈ કાઢવા માટે સરળ ઉપાય આ છે. પીંડાના પરીઘથી મધ્યબિંદુ સુધીનું માપ (ત્રિજ્યા: A) કહાડો. આ માપને પીંડામાં સમાએલા આંટાની સંખ્યાથી ગુણો. જે ગુણાકાર આવે તેને ૦·૨૬૧૮થી ગુણો, એટલે પીંડાની લંબાઇ આવશે.

પાણીથી પિત્તળ આઠગણું, કાંસું સાતગણું, લોઢુ સાતગણું, ત્રાંબુ આઠગણું, રૂ દોઢગણું, માટી સવાગણી, સંગેમરમર બેગણો, પારો તેરગણો, ચાંદી દસગણી, સોનું સોળગણું ને પ્લૅટિનમ એકવીસગણું ભારે છે. દૂધ તથા લોહી વજનમાં સરખાં છે, અને બરફ તથા ચરબી પાણીથી હલકાં છે.

૧થી ૧૦ સુધીનો કોઇ પણ આંકડો ચૂંટી કાઢવાનું કોઇને કહેવામાં આવે છે તો મોટે ભાગ ૭ની જ પસંદગી થાય છે!

રશિયામાં સૌથી વધારે વસ્તી બાળકોની છે; અને ફ્રાંસમાં ઘરડાઓની વસ્તી સૌથી વધારે છે.


રૂપાના સ્પર્શથી પાણીના જંતુઓ નાશ પામતાં હોવાથી જર્મનીમાં તરવાના હોજમાં ૧ બિલિયન પાણીના હિસાબે એક ભાગનું રૂપું નાખવામાં આવે છે.

એક સાધારણ વીજળીભર્યા વાદળો (thunder cloud)માં [illegible] સેંટ (એટલે આશરે [illegible] આના)ની કિંમતની વીજળી હોય છે.

સૅકૅરીન સાકર કરતાં ૩૦૦ ગણું વધારે ગળપણવાળું છે અને નીકળે છે કોલટાર–ડામરમાંથી.


જર્મનોએ મહાયુદ્ધમાં જે મશીનગનોનો ઉપયોગ કરેલો તે શોધેલી એક અમેરિકને અને બનેલી ઇંગ્લંડમાં. જર્મનીએ તો માત્ર ૧૯૧૪માં એનાં ૫૦,૦૦૦ નંગ ખરીદી લીધેલાં અને વાપરેલાં!

વેસેલીનમાં સોડા બાઈ કાર્બ મેળવીને એક ડબ્બીમાં રસોડામાં રાખી મૂકવું સારૂં. અકસ્માત થોડું દાઝી જવાય તો જાડુંજાડું લગાડવાથી ફોલ્લો પડતો અટકશે અને દાઝ પર શાંતિ વળશે.



અમેરિકાની બાઇ જાયોસ્ક્રાઇર એક જ લીટીથી બનેલી આકૃતિ

દૃષ્ટિભ્રમનો આ અચ્છો નમૂનો છે. સામાન્ય નજરે જોતાં એમાં એકએક છૂટો લંબચોરસ એકબીજા ઉપર ચીતરેલો લાગે છે, પણ ખરી રીતે જોતાં બધી આકૃતિ એક જ લીટીથી એકબીજાને અનુસધાને ચીતરેલી છે; એટલેકે પ્રત્યેક લંબચોરસની બીજી બાજુ ખુલ્લી છે.




(૨) 'વિસામો' આર. એસ. પટેલ (ડાકોર)–બીજું ઇનામ; (૩) 'પૂર્વના જાદુ' પ્રતાપરાય કા. શાહ (મુંબાઇ)–ખાસ ઇનામ;
(૪) 'જરા વધારે' જયંતકુમાર સી. ચોકસી (રાજપીપળા)-ત્રીજું ઇનામ.